પાના -૮, કિંમત રૂ.૨, તા. ૧૩-૧૦-૨૦૨૫-સોમવાર, સુરત

સાંધ્ય દૈનિક

# પ્રતાપ દર્પણ

RNI NO : 67531/97 | મુદ્રક તથા પ્રકાશક : રાજેશ બાલુભાઈ પટેલ ● તંત્રી : પ્રવીણ ગોહિલ ● સહતંત્રી : જગદીશ વાલજીભાઈ ચાવડા ● વર્ષ : ૩૦ ● અંક : ૨૬૪ ● મોબાઈલ નં. ૯૮૨૫૫ ૩૨૫૦૫

www.pratapdarpan.in | pratapdarpan_official | pratapdarpansrt@gmail.com | pratapdarpan_official11




# લાલુ, રાબડી, તેજસ્વી સામે કોર્ટમાં ભ્રષ્ટાચારનો આરોપ

## બિહારની ચૂંટણી દરમિયાન આઈઆરસીટીસી કૌભાન્ડ કેસમાં રાઉઝ એવન્યુ કોર્ટમાં લાલુ યાદવ પરિવાર વિરુદ્ધ આરોપો ઘડાયા

નવી દિલ્હી, તા. ૧૩

દિલ્હીની રાઉઝ એવન્યુ કોર્ટમાં IRCTC કૌભાંડની સુનાવણી ચાલી રહી છે. લાલુ યાદવ, તેજસ્વી યાદવ અને રાબડી દેવી વિરુદ્ધ આરોપો ઘડવામાં આવ્યા છે. કોર્ટે કહ્યું, "ટેન્ડર કૌભાંડનું સમગ્ર કાવતરું લાલુ યાદવની જાણકારીથી ઘડવામાં આવ્યું હતું. ટેન્ડરમાં તેમની સંડોવણી હતી."

કોર્ટે લાલુ યાદવને પૂછ્યું, "શું તમે આરોપો સ્વીકારો છો? દોષિત માનો છો? કે પછી તમારે ટ્રાયલનો સામનો કરશો"

૨૫ ઓગસ્ટ, ૨૦૨૫ ના રોજ લેન્ડ ફોર જોબ્સ કેસની છેલ્લી સુનાવણીમાં, કોર્ટે તમામ પક્ષોની દલીલો સાંભળ્યા પછી અને પુરાવાઓની સમીક્ષા કર્યા પછી પોતાનો નિર્ણય અનામત રાખ્યો હતો.આ કેસ ૨૦૦૪ થી ૨૦૦૯ના સમયગાળાનો છે, જ્યારે લાલુ પ્રસાદ યાદવ કેન્દ્રીય રેલવે મંત્રી હતા. CBIનો આરોપ છે કે આ દરમિયાન, બે IRCTC હોટલ (રાંચી અને પુરીમાં) માટે જાળવણીનો કોન્ટ્રાક્ટ સુજાતા હોટેલ્સ નામની ખાનગી કંપનીને ખોટી રીતે આપવામાં આવ્યો હતો.તપાસ એજન્સીનો દાવો છે કે લાલુ પરિવારને આ સોદાના બદલામાં પટનામાં કિંમતી જમીન મળી હતી. લાલુ પરિવાર ઉપરાંત, તત્કાલીન IRCTC ગ્રુપના જનરલ મેનેજર વીકે અસ્થાના, આરકે ગોયલ અને સુજાતા હોટેલ્સના ડિરેક્ટર વિજય અને વિનય કોચર પણ આ કેસમાં આરોપી છે.CBIના એડિશનલ ડિરેક્ટર રાકેશ અસ્થાનાએ કોર્ટને જણાવ્યું હતું કે જ્યારે



લાલુ પ્રસાદ યાદવ રેલવે મંત્રી હતા, ત્યારે પુરી અને રાંચીમાં રેલવેની BNR હોટલને IRCTCને ટ્રાન્સફર કરવામાં આવી હતી. જાળવણી અને સુધારો કરવા માટે તેમને ભાડે આપવાની યોજના હતી.આ પ્રોજેક્ટ માટેનું ટેન્ડર વિનય કોચરની કંપની, મેસર્સ સુજાતા હોટેલ્સને આપવામાં આવ્યું હતું. ટેન્ડર પ્રક્રિયામાં ગોટાળા કરવામાં આવ્યા હતા. તત્કાલીન IRCTCના MD, પીકે ગોયલે ટેન્ડર પ્રક્રિયા પૂર્ણ કરી હતી.

૧૭ જુલાઈ, ૨૦૧૭ના રોજ, CBIએ લાલુ પ્રસાદ યાદવ અને અન્ય પાંચ લોકો વિરુદ્ધ એફઆઈઆર દાખલ કરી. વિનય કોચર અને અન્ય આરોપીઓના ૧૨ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા.આરોપો ઘડાયા પછી, લાલુ પ્રસાદ યાદવે કોર્ટમાં જણાવ્યું, "અમે આરોપો સ્વીકારતા નથી અને ટ્રાયલનો સામનો કરીશું."તેજસ્વી યાદવે એમ પણ કહ્યું, "અમે આરોપોને નકારીએ છીએ અને કાયદેસર રીતે ટ્રાયલનો સામનો કરીશું." નોંધનીય છે કે આ કેસ તે સમયનો છે જ્યારે લાલુ યાદવ કેન્દ્રીય રેલ્વે મંત્રી હતા. આરોપ એ છે કે IRCTC હેઠળ ખાનગી કંપનીઓને રેલ્વે કેટરિંગ કોન્ટ્રાક્ટ આપવામાં આવ્યા હતા, અને બદલામાં, લાલુ પરિવારને જમીન લાભ મળ્યો હતો.સીબીઆઈએ આ કેસમાં વિગતવાર ચાર્જશીટ દાખલ કરી હતી, જેમાં લાલુના પરિવાર અને અન્ય લોકોને આરોપી તરીકે નામ આપવામાં આવ્યા હતા. આગામી સુનાવણીની તારીખ ટૂંક સમયમાં નક્કી કરવામાં આવશે અને હવે આ કેસમાં ટ્રાયલ પ્રક્રિયા શરૂ થવા જઈ રહી છે.

# ટેરિફના તાપથી સોના-ચાંદીમાં ભડકો : શેર બજારમાં મંદી

### ટેરિફ વોર હળવું થવાને બદલે વકરતા ફાઈનાન્સીયલ માર્કેટોમાં ભારે ઉથલપાથલ

મુંબઈ, તા. ૧૩

અમેરિકી પ્રમુખ ટ્રમ્પનાં ટેરિફ ટેરરથી ફાઈનાન્સીયલ માર્કેટોમાં ઉથલપાથલનો દોર જારી જ રહ્યો છે. દુનિયાભરનાં શેરબજારો આજે પટકાયા હતા. જયારે સોના-ચાંદી વધુ સળગ્યા હતા.

અમેરિકાએ ચીન પર વધારાનાં ૧૦૦ ટકા ટેરિફ ઝીકયા હોવાથી વ્યાપાર સહીતનાં ક્ષેત્રો તનાવ વધવાની આશંકાથી દુનિયાભરનાં શેરબજારોમાં ગભરાટ હતો અને મંદીનું મોજુ ફરી વળ્યુ હતું. એશીયન માર્કેટો એકથી ત્રણ ટકા તૂટયા હતા.

ભારતમાં પણ મંદીનો આંચકો હતો.જાણીતા શેરબ્રોકરોનાં કહેવા પ્રમાણે ટેરિફ વોર હળવુ થવાને બદલે વકરતું જતુ હોવાનાં ચિત્રથી માનસ ખરડાયું છે. શેર, સોના-ચાંદી કરન્સી, ક્રિપ્ટો કરન્સી સહીતના ફાઈનાન્સીયલ ક્ષેત્રો ગંભીર રીતે પ્રભાવીત થઈ રહ્યા છે.

મુંબઈ શેરબજારનો સેન્સેકસ ૩૦૨ પોઈન્ટ ગગડીને ૮૨૧૯૮ સાંપડયો હતો તે ઉંચામાં ૮૨૩૨૯ તથા નીચામાં ૮૨૦૪૩ હતો.. નિફટી ૮૬ પોઈન્ટનાં ઘટાડાથી ૨૫૧૯૮ હતો તે ઉંચામાં ૨૫૨૪૧ તથા નીચામાં ૨૫૧૫૨ હતો.

બીજી તરફ સોના-ચાંદી સતત સળગતા રહ્યા હતા.કોમોડીટી એકસચેંજમાં પ્રારંભીક કામકાજમાં

અનુસંધાન પાના ૭ પર

# હમાસ દ્વારા ૭ ઈઝરાયેલી બંધકો મુક્ત

## ગાઝા યુદ્ધ સમાપ્ત થયું હોવાની ટ્રમ્પની જાહેરાત

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પની શાંતિ યોજનાના ભાગ રૂપે હમાસે સાત ઈઝરાયલી બંધકોને મુક્ત કર્યા છે. ટૂંક સમયમાં વધુ ૧૩ બંધકોને મુક્ત કરવામાં આવશે. તેમને રેડ ક્રોસને સોંપવામાં આવી રહ્યા છે.હમાસે મુક્ત થઈ રહેલા તમામ બંધકોના નામ પણ જાહેર કર્યા છે. નેપાળી બંધક વિપિન જોશીનું નામ તેમાં નથી.બંધકોને છ થી આઠ વાહનોમાં રેડ ક્રોસની દેખરેખ હેઠળ ઈઝરાયેલી સેનાને સોંપવામાં આવશે અને પછી દક્ષિણ ઈઝરાયલ લઈ જવામાં આવશે.બંધકોની મુક્તિ પર ઈઝરાયલમાં ઉજવણી શરૂ થઈ ગઈ છે. રવિવાર રાતથી જ ઈઝરાયલી નાગરિકો રાજધાની તેલ અવીવમાં



એકઠા થઈ રહ્યા છે.ટ્રમ્પે કહ્યું છે કે તેઓ યુદ્ધો રોકવામાં નિષ્ણાત છે. સોમવારે વ્હાઈટ હાઉસ દ્વારા જાહેર કરાયેલા એક નિવેદનમાં ટ્રમ્પે કહ્યું, "મેં અત્યાર સુધીમાં આઠ યુદ્ધો રોક્યા છે. આવું કરવું એ સન્માનની વાત છે. મેં લાખો લોકોના જીવ બચાવ્યા છે."તેમણે કહ્યું, "મેં આ નોબેલ માટે નહીં, પણ જીવન બચાવવા માટે કર્યું." તેમણે કહ્યું-, મુક્ત કરાયેલા સાત ઈઝરાયલી બંધકોને લઈને રેડ ક્રોસનું વાહન ગાઝા શહેરથી રવાના થયું છે. હવે તેમને ઈઝરાયલી સેનાને સોંપવામાં આવશે. ગાઝામાં હમાસ દ્વારા બંધક બનાવવામાં આવેલા ૨૪ વર્ષીય નેપાળી વિદ્યાર્થી બિપિન જોશીની મુક્તિ આજે પણ સુરક્ષિત રહેશે નહીં. હમાસે ૨૦ બંધકોના નામ જાહેર કર્યા છે, પરંતુ નેપાળી બંધક બિપિન જોશીનું નામ આ યાદીમાં શામેલ નથી. બિપિન જોશી "લર્ન એન્ડ અર્ન" કાર્યક્રમના ભાગ રૂપે ઈઝરાયલ ગયા હતા. ૭ ઓક્ટોબરના હુમલા સમયે તેઓ ૧૬ અન્ય નેપાળીઓ સાથે અલુમિમ કિબુટ્ઝમાં કામ કરી રહ્યા હતા.આ હુમલામાં દસ નેપાળી માર્યા ગયા હતા અને પાંચ ઘાયલ થયા હતા. જોશી આ હુમલામાં બચી ગયા હતા અને તેમને એક થાઈ નાગરિક સાથે બંધક બનાવવામાં આવ્યા હતા.

# કોલ્ડરીફ કફ સીરપ બનાવતી કંપની પર ઈડીએ છાપા માર્યા

### ચેન્નઈ સહિત સાત સ્થળો પર ઈડી દ્વારા તપાસ

નવી દિલ્હી, તા. ૧૩

બાળકોને અપાતા કફ સીરપથી મધ્યપ્રદેશ સહિતના રાજયોમાં થયેલા મૃત્યુના સંદર્ભમાં ડ્રગ કંટ્રોલ ઓથોરિટી બાદ હવે એન્ફોર્સમેન્ટ વિભાગ પણ એકશનમાં આવ્યું છે.

ખાસ કરીને આ કફ સીરપના નિર્માણ વિતરણના કેન્દ્રમાં રહેલા શ્રેસન ફાર્મા સાથે સંકળાયેલા ચેન્નઈ અને તેની આસપાસના ૭ સ્થળો પર દરોડા પાડવામાં આવ્યા છે. આ તમામ પ્રિવેન્શન ઓફ મનીલોન્ડ્રીગ એકટ હેઠળ કરવામાં આવી રહી છે.

મિલનાડુ ડ્રગ કંટ્રોલ ઓથોરિટીની સાથે રહીને આ દરોડા શરૂ થયા છે. કોલ્ડરીફ કફ સીરપની મધ્યપ્રદેશમાં ૨૦ બાળકોના મૃત્યુ થયા બાદ તે કફ સીરપ ઉત્પાદન કરતી કંપની શ્રેસન ફાર્માના માલીક સી. રંગરાજનની ધરપકડ થઈ હતી તેના કફ સીરપના ડાયથેલેન-ગ્લુકોન જે એક રાસાયણીક સોલવન્ટ છે તેનું પ્રમાણ ઉંચુ હોવાનુ અને તેના કારણે જ કફ સીરપ ઝેરી બની ગયું હોવાનુ ખુલ્યુ છે.

આ કફ સીરપમાં ઔદ્યોગીક ઉત્પાદનના સોલવન્ટનો ઉપયોગ થયા છે. આ ઘટના બાદ હવે કફ સીરપના માપદંડ પણ કડક કરાયા છે અને હવે તેમાં મૂળ તત્વ તરીકે ઉપયોગમાં હાયથેલેન ગ્લુકોન માટે

અનુસંધાન પાના ૭ પર

# કફ સિરપ કાંડમાં ઉત્તર પ્રદેશના ૧૩ જિલ્લામાં મોટા પાયે દરોડા

### ફૂડ એન્ડ ડ્રગ્સ વિભાગની તપાસમાં ગુજરાતનું કનેકશન મળ્યું

નવી દિલ્હી, તા. ૧૩

ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન દ્વારા નાર્કોટિક અને કોડીન ધરાવતા કફ સિરપના ગેરકાયદેસર સપ્લાયમાં સંડોવાયેલા નેટવર્ક સામે મોટી કાર્યવાહી કરવામાં આવી છે. ફૂડ સેફ્ટી એન્ડ ડ્રગ એડમિનિસ્ટ્રેશન કમિશનરની સીધી દેખરેખ હેઠળ, લખનઉ, સીતાપુર અને રાયબરેલી સહિત ૧૩ જિલ્લાઓમાં એક સાથે દરોડા પાડવામાં આવ્યા હતા.આ તપાસ દરમિયાન, ઘણી કંપનીઓમાં નોંધપાત્ર ગેરરીતિઓ બહાર આવી હતી. લખનઉના ટ્રાન્સપોર્ટ નગરમાં ત્રણ સ્થળોએ દરોડા પાડવામાં આવ્યા હતા, દરોડામાં કંપનીઓ દ્વારા સંગ્રહિત



કોડીન-સમાવતી કફ સિરપનો મોટો જથ્થો મળી આવ્યો હતો. આખો લોટ એક જ પાર્ટીને મોટી માત્રામાં વેચવામાં આવ્યો હતો.

આ કંપનીના માલિક મનોહર જયસ્વાલ ગુજરાતમાં રહે છે અને અહીંયાથી જ તેનું સંચાલન થાય છે. ગુજરાતની એક ઉત્પાદન કંપની દ્વારા કોડીન-લેસ્ડ સિરપનો મોટો જથ્થો બનાવવામાં આવી રહ્યો હતો.

લખનઉ અને અન્ય જિલ્લાઓમાં મોકલવામાં આવી

અનુસંધાન પાના ૭ પર

# ઓબીસી ક્રિમીલેયરની આવક મુક્તિ મર્યાદા વધારાશે નહીં

### સંસદીય કમિટિની ભલામણ નકારતી કેન્દ્ર સરકાર

નવી દિલ્હી, તા. ૧૩

દેશમાં ઓબીસી અનામતનો વ્યાપ વધી રહ્યો છે અને હવે ગુજરાતમાં પણ સ્થાનિક સ્વરાજયની સંસ્થાઓની ચુંટણીમાં ઓબીસી અનામત વધીને ૨૭% થઈ છે પણ આ અનામત જેમાં સૌથી વિશાળ વર્ગને આવરી લેવાયા છે. તેમાં ક્રીમીલેયર એટલે કે કેટલી આવક મર્યાદા ધરાવતા કુટુંબને તેનો લાભ મળે તે અંગે જે મર્યાદા હાલ રૂા.૮ લાખ છે તે વધારવાની કેન્દ્ર સરકાર પાસે કોઈ દરખાસ્ત નથી.

છેલ્લે સપ્ટે. ૨૦૧૭માં આ આવક મર્યાદા રૂા.૬ લાખથી વધારીને રૂા.૮ લાખ કરવામાં આવી હતી તેની વાર્ષિક રૂા.૮ લાખથી વધુ કમાણી ધરાવતા ઓબીસી કુટુંબને સરકારી નોકરી, શિક્ષણ, અનામતનો લાભ મળશે. નવી સરકાર માને છે કે આવક મુક્તિ મર્યાદા વધારવાથી એક નાના વર્ગને લાભ થશે પણ તેની સામે ગરીબ-સામાજીક પછાત વર્ગને તેનો ગેરલાભ વધશે.

સરકારે આ અનામતની કુલ ટકાવારી જે રીતે વધારી છે તેની હાલના ઓબીસી સમુદાય લાભ વધે તો ઝડપથી સામાજીક ન્યાયના વિધાનો સ્વીકાર્ય બનશે. નિયમ

અનુસંધાન પાના ૭ પર

# અમેરિકાની ટોપ યુનિ.માં વિદેશી છાત્રો માટે ૧૫ ટકા સીમા મર્યાદા

### વિદેશી વિદ્યાર્થીઓના એડમિશનની સંખ્યા પર ટ્રમ્પ પ્રશાસને કાપ મૂકયો

નવી દિલ્હી, તા. ૧૩

અમેરિકી સરકારે ૯ ટોપ વિશ્વ વિદ્યાલયોને એક નવો પ્રસ્તાવ મોકલ્યો છે જે અંતર્ગત વિદેશી છાત્રોનાં પ્રવેશ પર ૧૫ ટકાની સીમા નકકી કરવામાં આવી શકે છે. તેમાં કોઈ એક દેશનાં ૫ ટકાથી વધુ છાત્ર નહીં લેવામાં આવે. જો આ લાગુ થાય તો તેની સીધી અસર અમેરિકામાં ભણવા ઈચ્છતા ભારતીય છાત્રો પર પડશે.

અમેરિકી સરકારનાં ૨૦૨૪ ના આંકડા અનુસાર અમેરિકામાં ૨.૭ લાખથી વધુ ભારતીય છાત્રો ભણી રહ્યા છે.જે બધા વિદેશી છાત્રોનાં લગભગ ૨૮ ટકા ભાગ છે. જો આ સીમા લાગુ થશે તો કોઈપણ વિશ્વ વિદ્યાલયમાં ભારતીય છાત્રોનાં પાંચ ટકાથી વધુ નહિં હોઈ શકે. આ પરિસ્થિતિમાં અનેક-પ્રતિભાશાળી છાત્રોને પ્રવેશથી વંચિત રહેવુ પડી શકે છે.

આ પ્રસ્તાવ હાલમાં મેઆરયુસેટસ ઈન્સ્ટીટયુટ ઓફ ટેકનોલોજી બ્રાઉન યુનિ.સહિત ૯ યુનિવર્સીટીઓને મોકલવામાં આવેલ છે. આ બધી સંસ્થાઓ અમેરીકી સરકાર પાસેથી અબજો ડોલરાના પ્લાંટ મેળવે છે. જે વિશ્વ વિદ્યાલયો સમજુતી માનશે તેને ફંડીગમાં પ્રાથમિકતા અપાશે.

વ્હાઈટ હાઉસની ઓફીસ ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી પોલીસીએ હાલનાં વર્ષોમાં એ ચિંતા દર્શાવી છે કે એસટીઈએમ (વિજ્ઞાન ટેકનોલોજી એન્જીનીયરીંગ અને ગણીત) સંશોધનમાં વિદેશી છાત્રો ખાસ કરીને ભારત અને ચીનથી આવનારાઓ પર વધુ નિર્ભરતા વધી રહી છે.

અનુસંધાન પાના ૭ પર

હજારોની જનમેદની વચ્ચે છલકાતો કેસરિયા માહોલ નિહાળી પ્રદેશ પ્રમુખ ગદ્દદિત

# ભાજપ વિજય, વિકાસ અને વિશ્વાસનો પર્યાય છે : વિશ્વકર્મા

## સુરત જિલ્લાના બારડોલી ખાતે ભાજપ પ્રદેશ પ્રમુખ જગદીશ વિશ્વકર્માનો જાહેર અભિવાદન સમારોહ યોજાયો



સુરત, તા.૧૩

સુરત જિલ્લા અને તાપી જિલ્લા ભાજપના સંયુક્ત ઉપક્રમે ગતરોજ રવિવારે બારડોલીમાં ગુજરાત પ્રદેશ ભાજપના નવનિયુક્ત પ્રદેશ અધ્યક્ષ જગદીશ વિશ્વકર્માનો જાહેર અભિવાદન સમારોહ યોજાયો હતો.

બારડોલીના નાંદીડા ચાર રસ્તા ખાતે આવેલા ક્રિકેટ ગ્રાઉન્ડમાં આયોજિત આ કાર્યક્રમમાં આશરે ૧૬ હજારની જનમેદની વચ્ચે છલકાતો કેસરિયા માહોલ નિહાળી પ્રદેશ પ્રમુખ ગદ્દદિત થયા હતા. કાર્યક્રમના આરંભે રાજ્ય મંત્રી કુંવરજી હળપતિએ જનમેદનીને ભાજપની પ્રણાલી અને સંગઠન સહિત રાજ્ય સરકારની ઉપલબ્ધિઓની વાતો જણાવી હતી. કડોદરા ચાર રસ્તા પરથી આશરે ૩૫૦ બાઈક ચાલકોની રેલી સાથે બારડોલી મુકામે પોતાના નિર્ધારિત સમયે આવી પહોંચતા પ્રમુખનું ભવ્ય સ્વાગત કરાયું હતું. સુરત જિલ્લા ભાજપ પ્રમુખ ભરત રાઠોડ દ્વારા સ્વાગત પ્રવચન કરાયા બાદ રાજ્યના ગૃહમંત્રી હર્ષ સંઘવીએ નવનિયુક્ત પ્રદેશ પ્રમુખની રાજકીય કારકિર્દીની વાતો કરતાં એક બૂથ કાર્યકરથી પ્રદેશ પ્રમુખની સિદ્ધિને બિરદાવી હતી. તેમણે રાજ્ય સરકારની વિવિધ યોજનાઓ અને ઉપલબ્ધિઓ પણ જણાવી હતી. કાર્યક્રમમાં ઉપસ્થિત વિવિધ સાધુ-સંતોને વંદન કરી તેમના આશીર્વાદ મેળવી પ્રદેશ પ્રમુખે બારડોલી, સુરત તથા તાપી જિલ્લાના નિવાસીઓની સરાહના કરતાં તેમની નિખાલસતા, પ્રામાણિકતા અને ખુશખુશાલ જીવનને બિરદાવ્યું હતું. ૨૯ વર્ષ પહેલાં પોતે પણ એક સામાન્ય કાર્યકર હોવાનું જણાવી તેમણે ભાજપના હજારો કાર્યકર્તાઓના કારણે પ્રદેશ પ્રમુખ પદ સુધી પહોંચ્યા હોવાનું જણાવ્યું હતું. ૧૯૭૫ના વર્ષની જનસંઘની વાતો સહિત ૧૯૩૮માં સુભાષચંદ્ર બોઝનો સંપૂર્ણ સ્વરાજનો નારો વગેરેની વાતો કરતા ભારતની આઝાદીના જંગમાં બારડોલીના ફાળાને અમૂલ્ય ગણાવ્યો હતો. તેમણે પાયાના પથ્થર સમાન જૂના કાર્યકરોના પરિશ્રમને બિરદાવ્યો હતો. રાજનીતિ અને ધર્મનીતિ સાથે

અનુસંધાન પાના ૭ પર

## રમેશ પટેલને નેશનલ વેટરન્સ ચેમ્પિયનશિપમાં બ્રોન્ઝ મેડલ

બીલીમોરા, તા.૧૩

બીલીમોરાના વતની અને ઉમિયા સ્પોર્ટ્સ ક્રિકેટ એકેડેમી (બ્રહ્મદેવ)ના હેડકોચ શ્રી રમેશભાઈ પટેલે સુરત સ્થિત વીર નર્મદ સાઉથ ગુજરાત યુનિવર્સિટી ખાતે યોજાયેલ ફોર્થ નેશનલ વેટરન્સ સ્પોર્ટ્સ એન્ડ ગેમ્સ ચેમ્પિયનશિપ – ૨૦૨૫ માં ઉત્કૃષ્ટ પ્રદર્શન કર્યું હતું. તેમણે ૪૫+ એજ ગ્રુપના ૧૧૦ મીટર હર્ડલ્સ ઈવેન્ટમાં સમગ્ર ભારતમાંથી ત્રીજો ક્રમ પ્રાપ્ત કરી બ્રોન્ઝ મેડલ મેળવ્યો હતો.

રમેશ પટેલની આ સિદ્ધિથી બીલીમોરા શહેર તથા ઉમિયા સ્પોર્ટ્સ એકેડેમીનું ગૌરવ વધ્યું છે. તેઓ હવે આગામી ફેબ્રુઆરી ૨૦૨૬માં યોજાનાર એશિયન માસ્ટર ચેમ્પિયનશિપમાં ભારતનું પ્રતિનિધિત્વ કરશે. તેમની આ અદભૂત સિદ્ધિ બદલ ઉમિયા સ્પોર્ટ્સ

અનુસંધાન પાના ૭ પર



# સુરતમાં ૨૦૯.૭૦ લાખના વિવિધ પ્રકલ્પોનું ઉદ્ઘાટન

## કેન્દ્રીય મંત્રીના હસ્તે રા.૪૮૮૧.૩૩ લાખના ૨૨૧ પ્રકલ્પોનો શિલાન્યાસ

સુરત, તા.૧૩

સુરત મહાનગરપાલિકા ધ્વારા શહેરી વિકાસ વર્ષ-૨૦૨૫ અને "વિકાસ સપ્તાહ" ઉજવણીના ભાગરૂપે આજરોજ માન. કેન્દ્રીય મંત્રી, જળશકિત મંત્રાલય શ્રી સી.આર.પાટીલના વરદહસ્તે વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ. ૨૦૯.૭૦ લાખના ૦૫ પ્રકલ્પોના લોકાર્પણ તથા અંદાજિત રૂ. ૪૮૮૧.૩૩ લાખના ૨૨૧ પ્રકલ્પોનું ખાતમુહૂર્તની ડિજિટલ તકતીની અનાવરણવિધિ પંડિત દીનદયાળ ઉપાધ્યાય ઈનડોર સ્ટેડિયમ, અઠવાલાઈન્સ, સુરત ખાતેથી સંપન્ન કરવામાં આવેલ.

આ કાર્યક્રમ પ્રસંગે માન. મેયર શ્રી દક્ષેશ માવાણીએ તેમના પ્રવચનમાં જણાવ્યુ કે માન. વડાપ્રધાન શ્રી નરેન્દ્ર મોદીએ ગુજરાતના મુખ્યમંત્રી તરીકેનો કાર્યભાળ સંભાળ્યો જે વિકાસયાત્રાને ૨૪ વર્ષ પૂર્ણ થયા છે. શહેરી વિકાસ વર્ષ અને રાજય સરકારના મહત્વના નિર્ણય એવા વિકાસ સપ્તાહ અન્વયે સમગ્ર રાજયમાં વિવિધ કાર્યક્રમો યોજવામાં આવી રહયા છે. જે અંતર્ગત આજરોજ સુરત મહાનગરપાલિકા ધ્વારા વિવિધ ઝોન વિસ્તારમાં અંદાજિત રૂ. ૨૦૯.૭૦ લાખના લોકાર્પણ તથા અંદાજિત રૂ. ૪૮૮૧.૩૩ વિવિધ પ્રકલ્પોનું ખાતમુહૂર્ત કરવામાં આવનાર છે. સુરત મહાનગરપાલિકાએ તાજેતરમાં ગ્રીન મ્યુનિસિપલ બોન્ડ જારી કરી સમગ્ર દેશમાં એક અનોખો દાખલો આપ્યો છે.આ બોન્ડ ધ્વારા શહેરના વિવિધ પર્યાવરણલક્ષી પ્રોજેકટો માટે ફંડ એકત્રિત કરવામાં આવેલ છે. આ પ્રકારના બોન્ડ જારી કરનાર સુરત મહાનગરપાલિકા પ્રથમ મહાનગરપાલિકા છે. સમગ્ર દેશમાં સુરત શહેરને સ્વચ્છતા,સ્વચ્છ વાયુ,પાણી ,અર્બન સિટી સહિતના વિવિધ ક્ષેત્રે મળેલ અભૂતપુર્વ સિધ્ધીઓ જણાવેલ તથા દિવાળી અને નૂતનવર્ષની શુભકામના પાઠવી હતી. વધુમાં આ કાર્યક્રમ દરમ્યાન સુરત મહાનગરપાલિકાની વિવિધ સિધ્ધીઓની સ્લાઈડ પ્રસારિત કરવામાં આવેલ ત્યારબાદ ઉપસ્થિત મહાનુભવોના ધ્વારા પી.એમ.જે.એ.વાય. આયુષ્મન હેલ્થ કાર્ડ તથા આભા કાર્ડ તેમજ પ્રધાનમંત્રી

અનુસંધાન પાના ૭ પર

# ફિટ યુવા ફોર વિકસિત ભારત સુત્ર સાથે સાંસદ ખેલ મહોત્સવ

## ક્રિકેટ, કબ્બડી, ખો-ખો, રસ્સાખેંચ જેવી રમત-ગમતોનું આયોજન



સુરત, તા.૧૩

આજ રોજ આદરણીય પ્રધાનમંત્રી શ્રી નરેન્દ્ર મોદીજીના જન્મદિન ના ઉપલક્ષમાં સેવા પખવાડિયા અંતર્ગત " ફિટ યુવા ફોર વિકસિત ભારત " સુત્રને સાર્થક કરતા ઈન્ડોર સ્ટેડિયમ , સુરત મહાનગર ખાતે સાંસદ ખેલ મહોત્સવ પ્રારંભ થયો હતો .

ઉપરોક્ત સાંસદ ખેલ મહોત્સવમાં ૨૪ સુરત લોકસભા , ૨૫ નવસારી લોકસભા, બારડોલી લોકસભા ક્ષેત્રમાં આવતા સુરત મહાનગરના વોર્ડ ને આવરી લેવામાં આવ્યા છે . આ ખેલ મહોત્સવમાં વિવિધ રમતો ક્રિકેટ , કબ્બડી , ખો ખો, રસ્સાખેચ જેવી અનેક રમતોનું આયોજન કરવામાં આવ્યું છે . આ ખેલ મહોત્સવમાં ચૂંટાયેલા જન પ્રતિનિધિશ્રીઓ , કાર્યકર્તાશ્રીઓ , નગરજનો સહિત લગભગ ૧૦૦૦૦ જેટલા પ્રતિસ્પર્ધી ભાગ લેશે . દરેક વિજેતા ટીમને ટ્રોફી તથા દરેક પ્રતિસ્પર્ધીને સર્ટિફિકેટ તથા મેડલ એનાયત કરવામાં આવશે. ઉપરોક્ત સાંસદ ખેલ મહોત્સવના શુભારંભ પ્રસંગે ૨૫ નવસારી લોકસભાના સાંસદ અને આદરણીય કેન્દ્રીય જળ સંશાધન મંત્રી શ્રી સી આર પાટીલજીએ તેમના પ્રાસંગિક ઉદબોધનમાં જણાવ્યું હતું કે " સ્વચ્છ સુરત , સ્વસ્થ સુરત " સંકલ્પ સાથે સુરત મહાનગર સમગ્ર ભારતમાં જેમ સ્વચ્છતામાં પ્રથમ આવ્યું છે તે જ પ્રમાણે ખેલ સ્પર્ધામાં પણ સુરત મહાનગર આવનારા દિવસોમાં સમગ્ર ભારતમાં પ્રથમ ક્રમાંકે રહેશે . ૨૪ સુરત લોકસભાના સાંસદ શ્રી મુકેશ દલાલે તેમના ઉદબોધનમાં જણાવ્યું હતું કે સુરત મહાનગરમાં રહેતા નગરજનોમાં અને વિશેષ કરીને યુવાનોમાં સ્વસ્થતા અને ખેલ પ્રત્યેની જાગૃતિ વધી છે . સુરત મહાનગરના મેયર શ્રી દક્ષેશ માવાણીએ જણાવ્યું હતું કે આ ખેલ મહોત્સવનો મૂળભૂત હેતુ મેદાનમાં રમાતી રમતો કે જે આજે મોબાઈલ અને ઈન્ટરનેટના યુગમાં વિસરાઈ રહી છે , તેને પ્રસ્થાપિત કરવાનો છે. સુરત મહાનગર ભાજપા પ્રમુખ શ્રી પરેશ પટેલ દ્વારા જણાવવામાં આવ્યું હતું કે આ ખેલ મહોત્સવમાં જે મેદાની રમતો રમાવાની છે તે શરીરને સ્વસ્થ રાખે છે અને તંદુરસ્ત રાખે છે .

ઉપરોક્ત પ્રસંગે આ ખેલ મહોત્સવમાં ભાગ લેનાર પ્રતિસ્પર્ધીઓ સાથે ખેલ મહોત્સવના સંયોજક ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા , ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ , શ્રી મનુભાઈ પટેલ , શ્રી પ્રવીણ ઘોઘારી , શ્રી નરેશ પટેલ , શ્રી રાકેશ

અનુસંધાન પાના ૭ પર



# શ્રીમતી વર્ષા બેન ભટ્ટીનું ઈફકો દ્વારા સન્માન કરાયુ

## ઈફકોના ચેરમેન સંઘાણી દ્વારા ચેક તથા એવોર્ડ અર્પણ કરાયો

સુરત, તા.૧૩

સુરત ખાતે ધી મહિલા વિકાસ કો ઓ ક્રેડિટ સો લી સંસ્થાના સ્થાપક અને ચેરપર્સન શ્રીમતી વર્ષાબેન હરેશભાઈ ભટ્ટીને નેશનલ કોઓપરેટિવ ડેવલપમેન્ટ કોર્પોરેશન ઓથોરિટી ઓફ ઈન્ડિયા (NCDC) દ્વારા Best Excellence award2025 in women categroy ના એવોર્ડ અને રૂ ૩૫,૦૦૦/ના ચેક અર્પણ કરી શ્રી દિલીપભાઈ સંઘાણી સાહેબ,એક્સ મિનિસ્ટર અને ચેરમેન ઈફકો ગાંધીનગર દ્વારા સન્માનિત કરવામાં આવ્યા. સંસ્થા છેલ્લા ૩૧ વર્ષથી બહેનોના ઉત્કૃષ્ટ માટે લોન તેમજ સરકારી યોજનાઓનો લાભ અપાવવા પ્રયત્નશીલ રહેલ હોય અગાઉ પણ પાંચ વખત સ્ટેટ લેવલે એવોર્ડ્સથી સન્માનિત થયા હતા. સંસ્થા ફક્ત બહેનો દ્વારા સંચાલિત અને બહેનો માટેની વરાછા વિસ્તાર ની એક માત્ર સંસ્થા છે જે બચત ધિરાણ ઉપરાંત બહેનો ને કુટીર ઉદ્યોગ માટે તાલીમ, શિક્ષણ અને રોજગારી ની તકો ઊભી કરે છે. વિવિધ નિદાન કેમ્પો, બ્લડ ડોનેશન કેમ્પ તેમજ આયુષ્માન કાર્ડ કેમ્પ પણ યોજે છે.

# માંડવીના વરેઠી ગામે કેમિકલ વેસ્ટ ડમ્પિંગથી ભારે પ્રદૂષણ

## નાનકડા ગામમાં પાણી સહિતની વિવિધ સમસ્યાઓ અંગે દર્શન નાયકની ફરિયાદ

સુરત, તા.૧૩

સુરત જિલ્લાના માંડવી તાલુકાના વરેઠી ગામમાં મૂળભૂત સુવિધાઓના અભાવ, ગંદકી અને Credence Ecofiber Pvt. Ltd. દ્વારા કેમિકલ વેસ્ટ ડમ્પિંગથી વરેઠી ગામમાં થતી પર્યાવરણીય અને આરોગ્ય સમસ્યાઓ અંગે તાત્કાલિક તપાસ કરી નિરાકરણ કરવા અને જવાબદાર સામે કાર્યવાહી કરવા બાબતે પ્રદેશ કોંગ્રેસ મહામંત્રી દર્શન નાયક દ્વારા સુરત જિલ્લા કલેક્ટર તથા પ્રદૂષણ નિયંત્રણ બોર્ડના રીજનલ અધિકારી સમક્ષ કરાયેલી ફરિયાદમાં જણાવાયું છે કે, સ્થાનિક આગેવાનો અને નાગરિકો દ્વારા કરવામાં આવેલ રજૂઆત અંગે આ રજૂઆત લખીને તમારું ધ્યાન દોરવા માંગુ છું કે વરેઠી ગામ, માંડવી તાલુકા, સુરત જિલ્લામાં આવેલું આ નાનું ગામ છે, જ્યાંની વસ્તી આશરે ૩૦૦૦ છે. ગામના લોકો મુખ્યત્વે ખેતી અને પશુપાલન પર આધારિત જીવન જીવે છે અને ગામના લોકો શાંત સ્વભાવના છે તેમજ પંચાયતના નિયમિત કરાવેરા ભરતા આવેલ છે , પરંતુ છેલ્લા કેટલાક વર્ષોમાં ગામના લોકોની હાલત ખૂબ જ દયનીય બની પડી છે. ગામના નાગરિકો અને સ્થાનિક આગેવાનો દ્વારા સરપંચ અને વહીવટી તંત્રમાં વારંવાર રજૂઆત કરવા છતાં તેમની સમસ્યાનું નિરાકરણ આવી રહ્યું નથી. જેના કારણે ગામના લોકોનું જીવન જીવવાઉ દુષ્કળ બની જવા પામેલ છે. ગામના લોકો જે સમસ્યાઓથી હેરાન પરેશાન થઈ રહેલ છે.

પાણીની વ્યવસ્થા અને ગટરની સમસ્યાઃ ગટર, પીવાના પાણીનો કુવો અને પંચાયતના પાણીના સ્ટોરેજ ટાંકી (સમ) એક સાથે જ બનાવવામાં આવ્યા છે, જેના કારણે પાણી પ્રદૂષિત થવાનો ભય છે. વધુમાં, નવી બનાવેલી સમનો ઉપયોગ પણ થતો નથી તેમજ ગાય પગલાં જુથ દ્વારા જે પાણી આપવામાં આવે છે તે નિયમિત આપવામાં આવી રહેલ નથી અને જે પાણી ની

અનુસંધાન પાના ૭ પર



# સુરતમાં ૨૨ નવેમ્બરથી ત્રણ દિવસ સિટેક્ષ-૨૦૨૫નું આયોજન

## એક્ઝિબીશનના એમઓયુ સાઈનિંગના પ્રસંગે ડ્રો-સિસ્ટમ થકી તમામ સ્ટોલ બુક

સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના સંયુકત ઉપક્રમે તા. ૨૨, ૨૩ અને ૨૪ નવેમ્બર, ૨૦૨૫ દરમ્યાન સુરત ઈન્ટરનેશનલ એકઝીબીશન એન્ડ કન્વેન્શન સેન્ટર, સરસાણા, સુરત ખાતે 'સુરત ઈન્ટરનેશનલ ટેક્ષ્ટાઈલ મશીનરી એક્ષ્પો (સિટેક્ષ)–૨૦૨૫'નું આયોજન કરવામાં આવશે. જેના અંતર્ગત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના હોદ્દેદારોએ ગુરૂવારે, તા. ૦૯ સપ્ટેમ્બર, ૨૦૨૫ના રોજ સંહતિ, સરસાણા ખાતે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ સાઈન કર્યું હતું. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસી અને સુરત ટેક્ષમેક ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશ પટેલે MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીગ પર સાઈન કરી હતી. આ પ્રસંગે ચેમ્બરના ઉપ પ્રમુખ શ્રી અશોક જીરાવાલા, માનદ્ મંત્રી શ્રી બિજલ જરીવાલા અને માનદ્ ખજાનચી સીએ મિતિષ મોદી તથા સુરત ટેક્ષમેક ફેડરેશનના ઉપ પ્રમુખ શ્રી પ્રણવ

અનુસંધાન પાના ૭ પર

# સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત

## એસજીસીસીઆઈ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજર સમક્ષ માંગણી

સુરત, તા.૧૩

સુરત ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને સેમ-ડે ચેક ક્લિયરીંગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગે રજૂઆત કરવામાં આવી હતી. ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, 'રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયા દ્વારા બેન્કિંગમાં ચેક ક્લિયરીંગની પ્રક્રિયાને ઝડપી બનાવવાના હેતુથી રિયલ-ટાઈમ ચેક ક્લિયરન્સ સિસ્ટમ તા. ૦૪ ઓક્ટોબર ૨૦૨૫ના રોજથી અમલી બનાવવામાં આવી હતી. પરંતુ ટેકનિકલ ખામીઓના કારણે જે ચેક થોડા કલાકોમાં જ ક્લિયર થવાના હતા. એ ચેક ગત ૬-૭ દિવસથી ક્લિયર થયા નથી તેવી ફરિયાદ અનેક વેપારીઓ અને ઉદ્યોગકારોએ કરી છે. જેને કારણે બેન્કના સ્ટાફ માટે પુનઃ જૂની મેન્યુઅલ સિસ્ટમથી ચેક ક્લિયર કરવાની નોબત આવી છે.' તેમણે વધુમાં જણાવ્યું હતું કે, 'દિવાળીની સીઝનમાં લિક્વિડિટી અટકવાથી વેપાર-વ્યવસાય

અનુસંધાન પાના ૭ પર



# વાંસદાના ભીનાર ખાતે પોલીસો રસીકરણ ઝુંબેશ

નવસારી, તા.૧૩

વાંસદા તાલુકામાં પોલિયો રસીકરણ કાર્યક્રમ પી.એચ.સી ભીનાર ખાતે ઉદ્ઘાટન સમારોહ કરવામા આવ્યું. કાર્યક્રમનું ઉદ્ઘાટન પંચાયતના સરપંચશ્રી જિતેન્દ્રભાઈ રણજીતભાઈ પટેલ ના હસ્તે કરવામાં આવ્યું. આ પ્રસંગે મેડિકલ ઓફિસરશ્રી અને આયુષ મેડિકલ ઓફિસરશ્રી , એ.એન.એમ., આશા બહેનો તેમજ ગ્રામજનો હાજર રહ્યા હતા. ભીનાર phc ના ટોટલ ૧૧ પોલિયો બુથ રાખવામા આવ્યા હતા જેમા phc ભીનાર બુથ ,ભીનાર પુલ ફ આંગણવાડી ,ભીનાર - ૨ સબ સેન્ટર , નાનીભમતી વર્ગશાળા, નાની વાલઝર પંચાયત, મોટીવાલઝર પ્રાથમિક શાળા , સિંગાડ પ્રાથમિક શાળા, ઉપસળ પંચાયત, દૂબળ ફ ડેરી , વણારશિ સબસેન્ટર એમ બધા જ ગામ માં પોલિયો પ્રોગ્રામ ની કામગીરી કરવામાં આવી હતી.

## અડાજણ ખાતે સરસ મેળાની મુલાકાત લેતા સાંસદ પ્રભુભાઈ વસાવા

સુરત, તા.૧૩

વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીની સ્વદેશી ચીજવસ્તુઓને પ્રાધાન્ય આપવા 'વોકલ ફોર લોકલ' પહેલ અંતર્ગત સ્થાનિક હસ્તકલા, ઘરગથ્થું ઉત્પાદનો અને મહિલાઓને ઉમદા પ્લેટફોર્મ મળી રહે એ માટે તા.૧૮મી ઓક્ટો. સુધી સુરતના અડાજણ, એસ.એમ.સી.પાર્ટી પ્લોટ, હનીપાર્ક રોડ ખાતે સરસ મેળો યોજવામાં આવ્યો છે. જેની સાંસદ પ્રભુભાઈ વસાવાએ મુલાકાત લઈને સ્વસહાય જૂથોના મહિલા સ્ટોલધારકોને પ્રોત્સાહિત કર્યા હતા. સાંસદશ્રીએ લોકોને મોટી સંખ્યામાં સરસ મેળામાં પધારી, સ્વદેશી ઉત્પાદનો ખરીદીને દેશના લઘુઉદ્યોગો, સ્વસહાય જૂથો અને મહિલા હસ્તકલાકારીગરોને પ્રોત્સાહન આપવા આહવાન કર્યું હતું. શ્રી પ્રભુભાઈ વસાવાએ વિવિધ કલાઉત્પાદનો, ચીજવસ્તુઓના સ્ટોલની મુલાકાત લઈ સ્વસહાય જૂથોની મહિલાઓની કળાકારીગરીને બિરદાવી હતી.

# માસુમ દિકરીને ભૂઈમા બનાવી દંપતિના ધતીંગનો પર્દાફાશ

## જાથા સમક્ષ ભુઈ જાનુમા ત્રણ વાર રડીને મારે ધૂણવું નથી, માતા-પિતાની દબાણથી કરું છું એવું કહ્યું

અમદાવાદ, તા.૧૩

સુરત વેલંજા ગામની પાછળ, યમુના રેસીડેન્સીની સામે લેકવ્યુ સોસાયટીમાં રહેતા બરવાળીયા પરિવારે દિકરીને ભૂઈમાં બનાવી છેલ્લા ૧૦ થી ૧૨ વર્ષથી શ્રધ્ધાળુઓ સાથે યેનકેન છેતરપિંડી કરનાર માતા-પિતાના ગોરખધંધાનો ભારત જન વિજ્ઞાન જાથાની ટીમે ઉત્રાણ પોલીસ સ્ટેશનની મદદથી ૧૨૭૮ મો સફળ પર્દાફાશ કર્યો હતો. સમાજ માટે આઘાતજનક સાથે ચિંતાજનક ચોંકાવનારી વિગત બહાર આવી હતી. નાની ઉંમરની દિકરીને ભૂઈમાનું કામ પસંદ ન હોય સ્વૈચ્છાએ છોડી દેવાથી માતા-પિતાએ ઢોર માર મારી દિકરી જાનુને ઈજા પહોંચાડી હતી. પર્દાફાશમાં આર્થિક છેતરપિંડી સાથે સેકસ કાંડની વિગત બહાર આવતા જાથા પોલીસ ચોંકી ગયું હતું.

બનાવની વિગત પ્રમાણે મૂળ અમરેલી જિલ્લાના બાબાપુર વાંકિયાના જયસુખ ઉર્ફે જયેશભાઈ જીણાભાઈ બરવાળીયા, પ્રિયાબેન ઉર્ફે પુષ્પાબેન ભાવનગર જિલ્લાના



ડમરાળા ગામના બંને પતિ-પત્નિએ ષડયંત્ર કરી પાંચમી દિકરી જાનુનો ચુડેલ માતાનો અવતાર, મોગલ માંની ભુઈ જાહેર કરી ધૂણતા સાથે આરતીમાં તલવારનો રાસ શીખવી દીધો હતો. ભુઈ જાનુ આઈને દુઃખ-દર્દ મટાડવા, સમસ્યાનો નિકાલ, ધંધા-રોજગાર માટે ટેક-બાધા રખાવી, પીડિતોના પ્રશ્ન ઉકેલવા ૨૧,૦૦૦ થી દોઢ લાખ રૂપિયાનો ધાર્મિક ચાર્જ વસુલ કરવામાં આવતો હતો. છેલ્લા દસ-બાર વર્ષથી આરતી વખતે ધૂણવું, તલવારનો રાસ કરી દિકરી ભુઈ શ્રધ્ધાળુઓને પ્રભાવિત કરવામાં સફળ થઈ હતી. રવિવાર-મંગળવારે લોકો જોવડાવવા આવતા હતા. અપરણિત યુવાનો સમસ્યાના હલ માટે આવતા રાત્રિના બે વાગ્યા સુધી બેસાડી પ્રલોભન આપી વિકૃત હરકતના ફોટો-વિડીયોગ્રાફી માતા-પિતા કરી લેતા હતા. બ્લેકમેઈલીગ પ્રવૃતિ અજમાવી હતી. ભુઈ જાનુના વિડીયો બનાવી ધૂણવા મજબુર કર્યાનું અને સેકસ કાંડ-બળાત્કારની સંભાવનાની માહિતી પ્રાપ્ત, રૂપિયા પડાવવાનું કારસ્તાન સાથે દિકરી ભૂઈમાને ઢોર માર માર્યાની હકિકત જાથાને મળી હતી. રાજકોટથી જાથાના ચેરમેન જયંત પંડયાના વડપણ હેઠળ રોમિત રાજદેવ, અંકલેશ ગોહિલ, રવિ પરબતાણી, ગુલાબસિંહ ચૌહાણ, ભાનુબેન ગોહિલ, ભક્તિબેન રાજગોર, સ્થાનિક કમળાબેન મકવાણા, કિંજલબેન પટેલ, ઉત્રાણ પોલીસ સ્ટેશને પર્દાફાશના સમયે જવાનું નક્કી થયું હતું. જાથાના ચેરમેન જયંત પંડ્યા, તેની ટીમ, પો. ઈન્સ. એન. જી. પટેલ પોલીસ કાફલો ભુઈ જાનુ આઈને ઘરે પહોંચી ગયો. અચાનક પોલીસ સ્ટાફ જોઈ જયસુખભાઈ બરવાળીયા હેબતાઈ ગયો. માતાજીના મઢને બદલે બાજુના રૂમમાં લઈ જતા હતા ત્યાં મઢમાં ધૂપ-આરતીનો અવાજ, માણસો જોઈ જતા અંદર ગયા. માતાજીની ભુઈએ ધૂણવાનું બંધ

અનુસંધાન પાના ૭ પર

# સુરત જિલ્લામાં આવતીકાલથી રવિકૃષિ મહોત્સવ

સુરત, તા.૧૩

રાજ્ય સરકાર દ્વારા રાજ્યભરમાં વિકાસ સપ્તાહની ઉજણવી કરવામાં આવી રહી છે, જેના ભાગરૂપે જિલ્લા ખેતીવાડી વિભાગ દ્વારા જિલ્લાના વિવિધ તાલુકાઓમાં આગામી તા.૧૪ અને ૧૫મી ઓકટોબર દરમિયાન બે દિવસીય તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવ યોજાશે.

રવિ સિઝનના પાકો માટે આધુનિક કૃષિ તાંત્રિકતા, નવી ટેકનોલોજી આધારિત કૃષિ પ્રદર્શન, પાક પરિસંવાદો, સહાય યોજનાઓ અંગે માર્ગદર્શન, યોજનાકીય લાભ વિતરણ અને પશુ આરોગ્ય મેળા જેવી અનેકવિધ ખેડૂતલક્ષી પ્રવૃત્તિઓ દ્વારા પ્રેરણા અને માર્ગદર્શન આપવા માટે તા.૧૪ અને ૧૫મીએ સવારે ૯.૩૦ થી સાંજના ૫.૦૦ વાગ્યા સુધી મહોત્સવ યોજાશે. ઓલપાડ ખાતે નાણા, ઉર્જામંત્રી કનુભાઈ દેસાઈના અધ્યક્ષસ્થાને પુરુષોતમ ફાર્મ (જીન), ઓલપાડ-સાયણ રોડ ખાતે જિલ્લા કક્ષાનો કાર્યક્રમ યોજાશે. ઉમરપાડા તાલુકામાં જિ.પંચાયત પ્રમુખ ભાવિનીબેન પટેલની ઉપસ્થિતિમાં ચિતલદા ગામે ક્રિકેટ મેદાનમાં, બારડોલી ખાતે ધારાસભ્યશ્રી ઈશ્વરભાઈ પરમારની ઉપસ્થિતિમાં શ્રી નવયુગ પ્રજાપતિ સમાજ વાડી, મહાત્મા ગાંધી રોડ, ચોર્યાસી

અનુસંધાન પાના ૭ પર

# વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના રાષ્ટ્રપ્રથમના ભાવને ઉજાગર કરતી ‘મેરા દેશ પહલે’ની પ્રસ્તુતિએ ગુજરાતમાં જગાવી નવા ભારતની ભાવના








## મનોજ મુંતશિર લિખિત-નિર્મિત ‘મેરા દેશ પહલે’ - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીનો ગુજરાતમાં પ્રથમ પ્રયોગ નિહાળવા યુવાશક્તિ ગિફ્ટ સિટીમાં ઉમટી પડી

## પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીની જીવન યાત્રાના અનેક પહેલુંઓ વર્ણવતી રોમાંચક મ્યુઝિકલ ગાથા પ્રસ્તુત કરી

વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં આકાર લઈ રહેલા નવા ભારતના રૂપાંતરણની રોમાંચક કહાની ‘મેરા દેશ પહલે’નો ગુજરાતમાં સૌપ્રથમ ભવ્ય શો શુક્રવારે ગાંધીનગરના ગિફ્ટ સિટીમાં યોજાયો હતો.

શ્રી નરેન્દ્રભાઈ મોદીની જન્મભૂમિ વડનગર જયાંથી તેમની પ્રેરણાદાયી જીવનયાત્રા શરૂ થઈ અને હવે દેશના વડાપ્રધાન તરીકે તેમણે ભારતને વિશ્વ ગૌરવ અપાવ્યું ત્યાં સુધીની સમગ્ર રોમાંચક સફર તથા રાષ્ટ્રને સમર્પિત તેમના જીવનની વણકહી બાજુઓની પ્રસ્તુતિ માત્ર સાંસ્કૃતિક પ્રસ્તુતિ જ નહિ, રાષ્ટ્રીય જનચેતનાના આંદોલનને પ્રેક્ષકોની નજર સમક્ષ તાદશ કરનારી બની રહી હતી.

મુખ્યમંત્રી શ્રી ભૂપેન્દ્ર પટેલ, ભાજપા પ્રદેશ અધ્યક્ષ શ્રી જગદીશ વિશ્વકર્મા, રાજયમંત્રી મંડળના મંત્રીશ્રીઓ ઉદ્યોગ વ્યાપાર જગતના અગ્રણીઓ સર્વશ્રી પંકજ પટેલ, પ્રણવ અદાણી, ટોરેન્ટ પરિવાર, એસોચેમના શ્રી ચિંતન ઠાકર સહિત અનેક ગણમાન્ય અગ્રણીઓ, ઉદ્યોગ-વ્યાપારકારો અને મુખ્ય સચિવ શ્રી પંકજ જોશી સહિતના વરિષ્ઠ સચિવો અને ઉચ્ચ અધિકારીઓએ આ મંચન માણ્યું હતું.

શ્રી નરેન્દ્રભાઈ મોદીએ વડનગરની શાળાના સાહસિક વિદ્યાર્થી તરીકે શરૂ થયેલી સફર સોમનાથ-અયોધ્યા રથયાત્રા, કાશ્મીર સુધીની એકતાયાત્રા અને અલગાવવાદીઓની ધમકીનો પડકાર ઝિલી લઈને શ્રીનગરના લાલચોકમાં તિરંગો લહેરાવવા તેમજ વડાપ્રધાનશ્રી તરીકે દેશની સેનાને તેમણે આપેલા માર્ગદર્શનથી ઓપરેશન સિંદૂરની શૌર્યગાથા, રામ મંદિર નિર્માણનો સંકલ્પ સાકાર થવા સહિતના સમગ્ર ઘટનાક્રમનું દ્રશ્ય-શ્રાવ્ય અને સંગીતમય મંચન સૌના આકર્ષણનું કેન્દ્ર બન્યું હતું.

લેખક, નિર્માતા અને પ્રસ્તુતકર્તા મનોજ મુંતશિરના રસાળ અને સચોટ સંચાલન સાથે પ્રસિદ્ધ ફિલ્મ અભિનેતા અક્ષય કુમાર સહિત ૨૦૦થી વધુ કલાકારોએ ગિફ્ટ સિટી પરિસરને રાષ્ટ્રભક્તિમય બનાવી દીધું હતું.

વિશાળ સંખ્યામાં આ શૉને નિહાળવા ઉમટી પડેલી યુવાશક્તિ અને સમાજ જીવનના અગ્રણીઓની ઉપસ્થિતિએ પુરવાર કર્યુ છે કે, ‘મેરા દેશ પહલે’ એ માત્ર કોઈ સામાન્ય શૉ નહિં, પરંતુ નવી પેઢીની વિચારધારાનું પ્રતીક બની ગયો છે. ‘મેરા દેશ પહલે’ - ધ અનટોલ્ડ સ્ટોરી ઓફ શ્રી નરેન્દ્ર મોદીની દેશભરમાં થઈ રહેલી આ પ્રસ્તુતિ એ વાતનું પ્રમાણ છે કે, વડાપ્રધાન શ્રી નરેન્દ્રભાઈ મોદીના નેતૃત્વમાં ‘નેશન ફર્સ્ટ’ની ભાવના હવે ઐતિહાસિક સાંસ્કૃતિક આંદોલન બની ગઈ છે તેમાં વડાપ્રધાનશ્રીની વતનભૂમિ ગુજરાતના યુવાઓ સહિત સૌ કોઈ ઉત્સાહથી જોડાઈ રહ્યાં છે



## સુરત ઓન્કોલોજી સેન્ટર દ્વારા વહેલા નિદાનને પ્રોત્સાહન આપવા માટે મફત સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન

સુરતઃ સ્તન કેન્સર જાગૃતિ મહિનાના અવસરે, દક્ષિણ ગુજરાતના સૌથી મોટા કેન્સર સંભાળ પ્રદાતા સુરત ઓન્કોલોજી સેન્ટર દ્વારા શનિવારે સ્તન કેન્સર જાગૃતિ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં યુનિવર્સલ સુપર સ્પેશિયાલિટી હોસ્પિટલના ઝર્સ્ઈ હોલમાં આયોજિત આ કાર્યક્રમનો ઉદ્દેશ્ય મહિલાઓમાં બચવાના પરિણામો સુધારવામાં વહેલા નિદાન અને સમયસર હસ્તક્ષેપના મહત્વ વિશે જાગૃતિ લાવવાનો હતો.

આ કાર્યક્રમ તમામ મહિલાઓ માટે ખુલ્લો હતો જેમાં મફત થર્મોગ્રાફી સ્તન સ્ક્રીનીંગ પરીક્ષણોનો સમાવેશ કરવામાં આવ્યો હતો, આ દરેક પરીક્ષણની કિંમત ૫,૦૦૦ રૂપિયા હતી. તેમાં સુરત ઓન્કોલોજી સેન્ટરની કેન્સર સ્ક્રીનીગને વધુ સુલભ બનાવવા માટેની પ્રતિબદ્ધતા પર પ્રકાશ પાડવામાં આવ્યો હતો, ખાસ કરીને જેઓ અન્યથા નિવારક આરોગ્યસંભાળમાં નાણાકીય અથવા સામાજિક અવરોધોનો સામનો કરી શકે છે.

આ કાર્યક્રમમાં બોલતા, સુરત ઓન્કોલોજી સેન્ટરના મેડિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. અંકિત પટેલે જણાવ્યું હતું કે, “જાગૃતિ અને વહેલું નિદાન સ્તન કેન્સર સામેની લડાઈમાં સૌથી શક્તિશાળી સાધનો છે. સારવારમાં પ્રગતિએ બચવાના દરમાં ઘણો સુધારો કર્યો છે, જ્યારે રોગ વહેલા શોધી કાઢવામાં આવે છે ત્યારે શ્રેષ્ઠ પરિણામો જોવા મળે છે. કમનસીબે, ઘણી સ્ત્રીઓ હજુ પણ ભય, દંતકથાઓ અથવા જાગૃતિના અભાવને કારણે સ્ક્રીનીગમાં વિલંબ કરે છે. આ કાર્યક્રમ અને અન્ય પહેલ દ્વારા, અમે તે માનસિકતા બદલવાની અને મહિલાઓને તેમના સ્વાસ્થ્યને પ્રાથમિકતા આપવા માટે પ્રોત્સાહિત કરવાની આશા રાખીએ છીએ.”

વર્લ્ડ હેલ્થ ઓર્ગેનાઈઝેશન (WHO) અનુસાર, સ્તન કેન્સર એ વિશ્વભરની સ્ત્રીઓમાં સૌથી સામાન્ય રીતે નિદાન કરાયેલ કેન્સર છે. તે ભારતમાં સ્ત્રીઓમાં કેન્સરના સૌથી સામાન્ય સ્વરૂપોમાંનું એક છે, જેમાં દર વર્ષે ૨ લાખથી વધુ કેસ નિદાન થાય છે. ભારતમાં વાર્ષિક અંદાજે ૭૦,૦૦૦ સ્તન કેન્સરના દર્દીઓ મૃત્યુ પામે છે, જે મોટાભાગે મોડા તબક્કાના નિદાનને કારણે થાય છે, જે બચવાના દરમાં નોંધપાત્ર ઘટાડો કરે છે. આ શિબિરનો હેતુ મહિલાઓને સ્તન કેન્સર માટે જરૂરી સ્ક્રીનીંગ મેળવવાથી રોકતા અવરોધોને દૂર કરવાનો હતો.

સુરત ઓન્કોલોજી સેન્ટરના સિનિયર મેડિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. તનવીર મકસુદે સચોટ નિદાન અને આધુનિક સારવાર વિકલ્પોની ભૂમિકા પર ભાર મૂકતા કહ્યું કે, “સ્તન કેન્સર પરીક્ષણ અને સારવાર અંગે હજુ પણ ઘણી ગેરસમજ છે. ઉદાહરણ તરીકે, બાયોપ્સી કેન્સર ફેલાવતું નથી, પરંતુ ઉપચારનો યોગ્ય માર્ગ નક્કી કરવામાં મદદ કરે છે. લક્ષિત ઉપચાર, હોર્મોન ઉપચાર અને ઈમ્યુનોથેરાપી જેવી પ્રગતિઓ સાથે, આપણે હવે સુરક્ષિત અને વધુ અસરકારક સારવાર વિકલ્પો પ્રદાન કરી શકીએ છીએ જે જીવનની ગુણવત્તામાં સુધારો કરે છે, એડવાન્સ્ડ સ્ટેજના દર્દીઓ માટે પણ.”

આ કાર્યક્રમમાં તમામ વય જૂથોની મહિલાઓની સક્રિય ભાગીદારી જોવા મળી અને સ્તન સ્વાસ્થ્ય, સ્વ-પરીક્ષા અને નિવારક જીવનશૈલીમાં પરિવર્તન જેવા વિષયો પર ખુલ્લી ચર્ચાઓનું આયોજન કરવામાં આવ્યું હતુ.

સુરત ઓન્કોલોજી સેન્ટરના મેડિકલ ઓન્કોલોજિસ્ટ ડૉ. જય મહેતાએ નિયમિત સ્ક્રીનીગના મહત્વ વિશે વાત જણાવ્યું કે, ખાસ કરીને ૪૦ વર્ષથી વધુ ઉંમરની મહિલાઓ અથવા સ્તન અથવા

## ઘરાહાર માળીયે ચડાવે એ જ સાચી ઘરવાળી

રાતના મોડે કાર્યક્રમ પતાવી અને સરસ ઊંઘ ખેંચી રહેલો પતિ સવારના સમયમાં માંડ હજુ તો સ્વપ્નમાં સરતો હોય ત્યાં એક મોબાઈલ ફોનના વાર્તાલાપથી નાનો છોકરો જેમ ભયાનક સપનું જોઈ અને જબકીને જાગી જાય તેમ પત્નીની પિયર ટોક સાંભળી હું જાગી ગયો.

હાં મમ્મી, નવરાત્રિ તો બહુ સરસ રહી. અમારે તો નવરાત્રિ પછી પણ સાત આઠ દિવસ ગરબા ચાલે પહેલેથી છેલ્લે સુધી રમવાનું ચાલે, પણ હવે પગ બહુ દુખે છે.’ આટલા દિવસ તો માતાજી એ લાજ રાખી. ત્યાં હવે માથે આ દિવાળી આવી.

આખા ઘરની સાફ-સફાઈ મારી ઉપર જ છે. એ તો તમારા જમાઈ સારા છે કે હારોહાર કામ કરાવે. બસ, જો હમણાં જાગશે અને અમારું સફાઈ અભિયાન શરૂ થશે.’

મને અંદાજ આવી ગયો કે ગાળીયો તૈયાર થઈ રહ્યો છે. ચાલુ ફોને તેમના ચરણસ્પર્શથી મારા ચરણોને તેમની વ્યાખ્યા પ્રમાણે હળવો સ્પર્શ કર્યો. મારા અંગત અભિપ્રાય પ્રમાણે પ્રહાર કરવામાં આવ્યો હતો.

પત્નીએ ફોન પૂરો કરતા તેના મમ્મીને કહ્યું ચાલો હવે ફોન મૂકું એ જાગી ગયા છે એટલે ચા- પાણી-નાસ્તો કરાવી અમે કામે લાગીએ.’ મેં પથારીમાં સુતા સુતા જ કહ્યું કેકોઈ એજન્સીવાળાને કહી દે.’

તરત જ અવાજના ડેસિબલ વધી ગયા અને તેમના મતે હળવા સાદે કહ્યું, ’અમને નહીં ખબર પડતી હોય? આખા ઘરની સફાઈના ૨૦,૦૦૦ રૂપિયા કીધા. મારી પાસે એવા ફાલતુ રૂપિયા નથી. અને આપણે બંને ૧૦, ૧૦,૦૦૦ બચાવીશું. ચાલો યુનિફોર્મ તૈયાર છે.’




## બામસેફ - ઈન્સાફ - બી.એમ.જી દ્વારા વીર શહીદ વાય. પૂરન કુમાર શ્રદ્ધાંજલી

બામસેફ - ઈન્સાફ - બી.એમ.જી દ્વારા વીર શહીદ વાય. પૂરન કુમાર, IPS-ADGP, ને શ્રધ્ધાંજલી અર્પણ કરવા કેન્ડલ જ્યોતિ - સંવિધાન સંકલ્પ કાર્યક્રમ ભારતરાષ્ટ્ર નાં સ્વતંત્રતાના ૭૮ વર્ષ પછી પણ, હરિયાણાના ADGP, માનનીય વાય. પૂરણ કુમારને જાતિવાદના ઝેરને કારણે પાંચ વર્ષથી ૧૫ વરિષ્ઠ અધિકારીઓ દ્વારા હેરાન કરવામાં આવી રહ્યા હતા. લેખિત ફરિયાદ નોંધાવવા છતાં, જાતિવાદી માનસિકતા ધરાવતી સરકાર કે વહીવટી તંત્ર દ્વારા તેમને ન્યાય આપવા માં ન આવ્યો, અને તેમણે બંધારણીય પદ સંભાળતા પોતાને શહીદ કરી દીધા.... બહુજન સમાજના આ વીર શહીદ માટે શ્રદ્ધાંજલિ કાર્યક્રમ નું આયોજન કરવામાં આવ્યું છે, અને તમને હાજર રહી સામાજિક ઉત્તરદાયિત્વ નિભાવવા અપીલ કરવામાં આવે છે.

**કાર્યક્રમની વિગતઃ** તારીખઃ મંગળવાર, ૧૪ ઓક્ટોબર, ૨૦૨૫ સમયઃ સાંજે ૬:૩૦ વાગ્યે સ્થળઃ ડૉ. બાબાસાહેબ આંબેડકર પ્રતિમા, રેલ્વે સ્ટેશન ભરૂચ શાંતિલાલ રાઠોડ મહાસચિવ બામસેફ ગુજરાત વિનયભાઈ સોલંકી મહાસચિવ ઈન્સાફ ગુજરાત ભાનુબેન જોગધિયા પ્રમુખ બી. એમ. જી..

## ટેક્નોલોજીથી નીતિ સુધીઃ SCETમાં Silicon Summit ૨૦૨૫

**સુરત,** સાર્વજનિક યુનિવર્સિટી અંતર્ગત સાર્વજનિક કોલેજ ઓફ એન્જિનિયરિંગ એન્ડ ટેક્નોલોજીના Soft Skills Development Cell દ્વારા ૪ ઓક્ટોબર, ૨૦૨૫ના રોજ “Silicon Summit (Tech Parliament)” કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. આ કાર્યક્રમનો હેતુ ટેક્નોલોજી, ઈનોવેશન અને ગવર્નન્સ ક્ષેત્રના વિદ્યાર્થીઓમાં વિચારવિમર્શ અને ચર્ચાનો માહોલ ઉભો કરવાનો હતો.કાર્યક્રમનું મુખ્ય વિષય “Governing Artificial Intelligence” હતું, જેમાં આશરે ૩૦ પ્રતિભાગીઓએ સક્રિય રીતે ભાગ લીધો હતો. ચર્ચાઓમાં કૃત્રિમ બુદ્ધિમત્તાના જવાબદાર અને નૈતિક ઉપયોગ માટે Ethical AI Governance Framewrok રજૂ કરવામાં આવ્યો. તેમાં જવાબદારી, પારદર્શિતા અને નિયમનાત્મક દેખરેખ જેવા મુદ્દાઓ પર ભાર મૂકાયો.પ્રતિભાગીઓએ છૈં ગવર્નન્સ માટે સરકારી, ખાનગી અને શૈક્ષણિક ક્ષેત્રના સંયુક્ત સહકારની જરૂરિયાત સ્વીકારી અને ભવિષ્યમાં ટેકનોલોજી નીતિ સંશોધન માટે Tech Governance Think Tank રચવાનો નિર્ણય કર્યો.કાર્યક્રમ દ્વારા વિદ્યાર્થીઓએ નીતિ રચનામાં નૈતિક વિચારશક્તિ, ચર્ચા-સંમતિની કળા અને ટેક્નોલોજીના સામાજિક પ્રભાવની સમજ મેળવવાની તક મેળવી.



# માણસની વાણી : ભય ભગાડે, ભૂખ ભાંગે

મનુષ્ય અને પ્રાણી વચ્ચે રહેલા અનેક ફરકમાંથી એક પ્રમુખ ફરક છે બોલાતી ભાષાનો. મનુષ્ય સિવાય કેટલાક પશુ – પંખી વિશિષ્ટ પ્રકારના ધ્વનિથી અંદાજે બયાં કરી શકે છે એવું તારણ સંશોધનને આધારે નીકળ્યું છે. આ ધ્વનિને પ્રાણીજગતની ભાષાનું નામ આપવામાં આવ્યું છે. કેમ્બ્રિજ યુનિવર્સિટીના ટોમ ફ્લાવર નામના સંશોધકે સાઉથ આફ્રિકાના વન્ય વિસ્તારમાં નજરે પડતા ડ્રોન્ગો નામના કાગડા જેવા દેખાતા પંખીની બોલીના એક વિશિષ્ટ પહેલુનો અભ્યાસ કર્યો છે.

આ પંખી વિશિષ્ટ પ્રકારના ધ્વનિથી એક પંથ દો કાજ અથવા એક તીર બે શિકાર જેવો હેતુ સિદ્ધ કરે છે. સંશોધકોની ટીમ દ્વારા તૈયાર કરવામાં આવેલા વીડિયોમાં નોળિયા પરિવારના મિરકેટ તરીકે ઓળખાતા પ્રાણીઓના જૂથની મોજમજા અને આહાર આરોગવો વગેરે પ્રવૃત્તિ પર ફોકસ કરવામાં આવ્યું છે. આકાશમાં ઊડતું શિકારી બાજ આ મિરકેટ પર આક્રમણ કરી એને ઉઠાવી જતું હોય છે.

જોકે, મિરકેટની વસ્તી નજીક એ ચકરાવો કરતું નજરે પડે એટલે તરત આ ડ્રોન્ગો વિશિષ્ટ ધ્વનિથી મિરકેટ મંડળીને આવનારા ભયની ચેતવણી આપે છે. એટલે તરત આ મિરકેટ જમીનની અંદર દરમાં જતા રહી સુરક્ષિત થઈ જાય છે. મજા તો એ વાતની છે કે આ પંખી જ્યારે મિરકેટને ભોજન ઝાપટતું જુએ છે ત્યારે ફરી આ પંખી ચેતવણી આપતા ધ્વનિનું ઉચ્ચારણ કરે છે અને ભયભીત થયેલા મિરકેટ પોતાની વાનગી પડતી મૂકી સડસડાટ દરમાં લપાઈ જાય છે. આ તકનો લાભ લઈ ડ્રોન્ગો જમીન પર આવી મિરકેટે છોડી દીધેલી વાનગી ઉપાડી ઊડી જાય છે અને પેટપૂજા કરી લે છે. ‘ભાષાની મદદથી’ ભોજન મેળવવાનો કે ઝુંટવી લેવાનો આ અદ્ભુત પ્રયાસ છે.

પશુપક્ષીની ભાષા કેટલાક ધ્વનિ સંકેતોની બનેલી હોય છે. આ ધ્વનિ સંકેત કોઈ વસ્તુ, બાબત અથવા પરિસ્થિતિ સાથે નિસબત ધરાવતા હોય છે. કાગડા કા કા કા કરતા હોય છે. જો તમે ધ્યાનથી સાંભળ્યું હશે તો એમના આ કા કા કા ઉચ્ચારણમાં અલગ અલગ લય અને વિસ્તાર હોય છે.

અમુક પ્રકારનો કા ખતરાની ઘંટડી સૂચવે છે જ્યારે અમુક રીતે બોલાયેલો કા અહીં ખાવાનું છે, આવી જાઓ એવું સૂચવે છે. કાગડો મૃત અવસ્થામાં દેખાય તો એની સાદડી માટે કાગડા સમાજને આમંત્રણ આપવા અલગ પ્રકારે કા કા કરવામાં આવે છે.

પશુ – પંખીના સ્વર – અવાજ વિવિધ નામથી ઓળખાય છે. ચકલીનું ચીં ચીં, દેડકાનું ડ્રાઉં ડ્રાઉં, બકરીનું બેં બેં વગેરે વગેરે. કવિ મીનપિયાસી (દિનકરરાય કેશવલાલ વૈદ્ય)ની કવિતામાં તો કબૂતર, કોયલ, ભમરા ને છછૂંદરોના સ્વરને બારાખડીના અક્ષરો સાથે સાંકળી માનવ સમાજ સામે આંગળી ચીંધવામાં આવી છે. કવિતાનો અંતિમ અંતરો ભાષા અને ભાવના સમન્વયનું અનન્ય ઉદાહરણ છે.

કવિશ્રીએ લખ્યું છે કે ‘પરમેશ્વર તો પહેલું પૂછશે, કોઈનું સુખ દુઃખ પૂછ્યું’તું? દર્દભરી દુનિયામાં જઈને કોઈનું આંસુ લૂછ્યું’તું? ગેં ગેં ફેં ફેં કરતાં કહેશો હેં હેં હેં હેં! શું શું શું? એક એક અક્ષરના માધ્યમથી કવિ મનુષ્ય સ્વભાવના આશ્ચર્ય અને લાચારી આબાદ વ્યક્ત કરે છે. આ છે ભાષાનું સામર્થ્ય, પશુ – પંખીની હોય કે કાળા માથાના માનવીની, એની પાસે થોડામાં ઘણું કહી દેવાની આવડત છે. મૌન ઘણી વાર બહુ બોલકું હોય છે એ અલગ વાત છે.

ગુજરાતી ભાષામાં અનેક શબ્દો અરબી, ફારસી કે અન્ય ભાષામાંથી પગપેસારો કરી ચુક્યા છે. અનેક શબ્દોએ કાયમી વસવાટ કરી લીધો છે. દૂધમાં સાકર ભળી જાય એમ હવે એ શબ્દો માતૃભાષામાં એવા હળી ગયા છે કે આ શબ્દો મહેમાન છે એ અનેક લોકો નથી જાણતા. અંગ્રેજી ભાષામાં અન્ય ભાષાના શબ્દોની હાજરી પણ જોવા મળે છે. જોકે, આ લોન પેટે લીધેલા અથવા અપનાવેલા શબ્દો છે.

જોકે, જેમ કેટલાક લોકો બેન્કમાંથી લીધેલી નાણાંની લોન ક્યારેય પરત નથી કરતા એમ કેટલીક વિદેશી ભાષાના શબ્દો અંગ્રેજીએ લીધા પછી (લોન લીધી હોય એમ) પાછા નથી આપ્યા. મતલબ કે એ શબ્દો હવે અંગ્રેજી ભાષાના શબ્દો તરીકે જ ઓળખ ધરાવે છે.

## તંત્રી લેખ...-

સોમવાર, તા. ૧૩ ઓક્ટોબર ૨૦૨૫

# ગાઝામાં સંઘર્ષ વિરામ; કાયમી શાંતિ કસોટીની એરણે

અમેરિકી રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પ જેના માટે ધમપછાડા કરી રહ્યા હતા એ શાંતિ માટેનો નોબેલ પુરસ્કાર વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા મચાડોને જાહેર થયો એ અરસામાં જ ગાઝા-ઈઝરાયલ વચ્ચે શાંતિ સમજૂતી અમલમાં આવી. ટ્રમ્પે હમાસ પર ભારે દબાણ કર્યું હતું. મધ્ય-પૂર્વના દેશોએ પણ ભૂમિકા ભજવી તેને લીધે ઈઝરાયલે શસ્ત્રો મ્યાન કર્યા છે. હમાસે શરતો સ્વીકારી છે, પણ જોવાનું એ છે કે, તણાવભર્યા માહોલમાં સમજૂતી કેટલી ટકે છે. ગાઝામાં સંઘર્ષ વિરામનું એલાન થયું ત્યારે પણ ઈઝરાયલના હવાઈ હુમલા ચાલુ હતા. લગાતાર બોમ્બ અને મિસાઈલમારાને લીધે ગાઝાપટ્ટી ખંડેરમાં ફેરવાઈ ગઈ છે. ડોનાલ્ડ ટ્રમ્પને શાંતિ પહેલ માટે ભારતના વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ પણ અભિનંદન પાઠવ્યા. ટ્રમ્પનો ઈઝરાયલ પ્રત્યે પક્ષપાત જગજાહેર છે. નેતન્યાહુ સાથે સંઘર્ષ વિરામ ફોર્મ્યુલા તૈયાર કર્યા પછી તેમણે પેલેસ્ટાઈન પર ભારે દબાણ કર્યું. હમાસને માનશે નહીં તો ખતમ કરી દેવાની ધમકી સુદ્ધાં આપી હતી. એકંદરે લાંબા લોહિયાળ સંઘર્ષ પછી સ્થપાયેલી શાંતિ અને એ માટેના પ્રયાસો પ્રશંસા યોગ્ય છે. રાજદ્વારી નિષ્ણાતો ચિંતિત એટલા માટે છે કે, આ સમજૂતી દબાણ હેઠળ કરવામાં આવી છે. બળજબરીપૂર્વકની સંમતિ ટકી રહેશે એની ગેરેંટી નથી હોતી. ઈઝરાયલે હવે આક્રમકતા મૂકીને સંયમ જાળવવો રહ્યો. હમાસે વીસસૂત્રી કાર્યક્રમના પાલન માટે પ્રતિબદ્ધતા દર્શાવવી રહી. હમાસનું નિ:શસ્ત્રીકરણ અને ગાઝામાં વહીવટી દખલ બંધ કરવાની શરત કસોટીકારક છે. અહીં એ નોંધનીય છે કે, ઈઝરાયલ-હમાસ વચ્ચે બે વર્ષથી જારી સંઘર્ષ વચ્ચે અમેરિકાએ શાંતિ યોજના આગળ ધરી હતી, જેના પર ઈજિપ્તમાં મળેલી આરબ દેશોની બેઠકમાં મહોર લાગતાં અશાંત ક્ષેત્ર તથા પશ્ચિમ એશિયામાં શાંતિની આશા નક્કર બની શકી. હકીકતમાં આ સંઘર્ષની આગ ગાઝાને વટાવીને યમન, લેબેનોન અને ઈરાન સુધી પહોંચી ચૂકી હતી. બે વર્ષ પહેલાં સાતમી ઓક્ટોબરે હમાસના આતંકવાદીઓએ ઈઝરાયલમાં ઘૂસી જઈ ૧૨૦૦થી વધુ ઈઝરાયલી અને અમુક વિદેશી નાગરિકોનાં મોત નીપજાવતો મોટો હુમલો કર્યો, ત્યારથી આ લોહિયાળ સંઘર્ષનો આરંભ થયો હતો. આ હુમલા દરમ્યાન બસ્સોથી વધુ લોકોનું અપહરણ કરીને હમાસના આતંકવાદીઓ તેમને ગાઝા ઉઠાવી ગયા હતા. ચોંકી ઊઠેલાં ઈઝરાયલે તાબડતોબ પગલાં ભરીને વ્યાપક હુમલો કરીને ૬૫ હજારથી વધુ પેલેસ્ટીનિયન નાગરિકોના માર્યા ગયાનો દાવો કર્યો હતો. આજે ગાઝા ખંડેર બની ચૂક્યું છે. લાખો લોકોને વારંવારના પલાયન માટે મજબૂર બનવું પડયું છે. મોટી વિડંબના તો એ છે કે, ભલે ઈઝરાયલે હમાસના ક્રૂર હુમલાના જવાબમાં સૈન્ય કાર્યવાહી કરી હોય, ભોગ તો સામાન્ય પેલેસ્ટીનિયન નાગરિકોને જ બનવું પડયું છે. મૃત્યુ પામનારાઓમાં મહિલાઓ અને બાળકોની સંખ્યા મોટી છે. અહીં હોસ્પિટલથી લઈને તમામ સાર્વજનિક સેવાઓ ધ્વસ્ત થઈ ચૂકી છે. સંયુક્ત રાષ્ટ્રે પણ પુષ્ટિ કરી હતી કે ગાઝામાં લોકો ભૂખમરાનો

શિકાર છે કેમ કે, ઈઝરાયલે રાહત સામગ્રી પહોંચે તેવા તમામ રસ્તા બંધ કરી નાખ્યા હતા. ઈઝરાયલ અને અમેરિકાની દેખરેખમાં શરૂ થયેલી કથિત રાહત સામગ્રી વિતરણ કામગીરીમાં પણ ઈઝરાયલે કરેલા હુમલા દરમ્યાન હજારો પેલેસ્ટીનિયનને જીવ ખોવો પડયો હતો. કાલાંતરે આ લડાઈ ઈઝરાયલ અને લેબેનોન વચ્ચેના સંઘર્ષ સુધી વિસ્તરી હતી. હુતી વિદ્રોહીઓ સાથે સંઘર્ષ બાદ તો આ લડાઈની આગ ઈરાન સુધી પહોંચી હતી. હુતીઓના હુમલાથી સદ્રીમાર્ગે થતા વૈશ્વિક વ્યાપાર સુધી તેની ગંભીર અસર થઈ હતી. હાલમાં તો હવે જ્યારે ઈઝરાયલ અને હમાસ સંઘર્ષ વિરામ માટે રાજી થયા છે ત્યારે હવે આ શાંતિ કાયમી રહે તેવા પ્રયાસ થવા જોઈએ. જો કે, બેહદ આક્રમક વલણ અપનાવી રહેલું ઈઝરાયલ ભવિષ્યમાં ચૂપ રહેશે કે કેમ એ કહેવું હાલની ઘડીએ તો અઘરું રહેશે.

# મચાડોને શાંતિનો નાબેલ

આ વખતના નાબેલ શાંતિ પુરસ્કાર પર આખી દુનિયાની નજર હતી. અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પે ઘેલછાની હદે આ પુરસ્કાર માટેનો પોતાનો દાવો કરીને આ પ્રતિષ્ઠિત સમિતિ પર ભારે દબાણ ઊભું કર્યું હતું, પણ આ સમિતિએ દબાણને વશ થયા વગર એક સ્વતંત્ર પસંદગી કરીને દુનિયા સમક્ષ આ પુરસ્કારના મહત્ત્વને ફરી એક વખત સાબિત કરી આપ્યું છે. વેનેઝુએલાના વિપક્ષી નેતા મારિયા કોરિના મચાડોને વર્ષ ૨૦૨૫નો આ પુરસ્કાર જાહેર કરીને નોબેલ સમિતિએ દુનિયામાં લોકશાહીની માટેની શાંત લડતને શાંતિ માટેની ચાવી ગણી છે. આ એવોર્ડ દ્વારા સમિતિએ વિશ્વમાં મહિલા સશક્તિકરણને વધુ બળ આપ્યું છે. વેનેઝુએલા જેવા દેશમાં લોકશાહી અને માનવ અધિકારો માટે સતત મથતા મચાડોએ વિપક્ષને એક કરવા ઝુંબેશ ચલાવી છે. તેમને આ અગાઉ યુરોપિયન યુનિયન દ્વારા સર્વોચ્ચ માનવ અધિકાર એવોર્ડ સખારોવ પણ મળી ચૂકયો છે. વેનેઝુએલામાં રાષ્ટ્રપતિ પદના ઉમેદવાર રહી ચૂકેલા મચાડોને ચૂંટણીની પ્રક્રિયા દરમ્યાન ગેરલાયક ઠેરવી દેવાયા હતા. તેમણે દેશના વિભાજિત વિપક્ષમાં એકતામાં મહત્ત્વની ભૂમિકા ભજવીને સ્વતંત્ર ચૂંટણી યોજવાની અને પ્રતિનિધિ સરકારની માંગ ઉઠાવી છે. તેમની ઉપર પ્રતિબંધ છે અને જાનનું જોખમ પણ છે. આ બધા પડકારો અને મુશ્કેલીઓ છતાં તેઓ શાંતિપૂર્વક લોકશાહીની લડત લડતા રહ્યા છે. નેબેલ પુરસ્કારની પસંદગી સમિતિએ દુનિયાને બતાવી આપ્યું છે કે, કોઈપણ પારિતોષિકના હકદાર એ હોય છે કે તેમના કામો અને પ્રભાવને વાસ્તવિક રીતે જોઈ શકાતા હોય. દુનિયામાં સશત્ર સંઘર્ષોને થંભાવવાનો દાવો કરતા ટ્રમ્પની સરખામણીએ મચાડોની ઉપર પસંદગીનો કળશ ઢોળીને સમિતિએ તેની કામગીરી ખરા અર્થમાં સ્વતંત્ર હોવાની સાબિતી કરી આપી છે. ખરા અર્થમાં આ સમિતિ પણ કોઈ ઉચ્ચ વૈશ્વિક એવોર્ડની હકદાર હોવાની પ્રતીતિ મચાડોની પસંદગીએ કરાવી આપી છે. આમ તો આવા પારિતોષિક મેળવનારી વ્યક્તિને તેની પ્રવૃત્તિમાં ભારે મદદ મળતી હોય છે, પણ જોવાનું એ રહેશે કે, મચાડેને તેમના દેશ વેનેઝુએલામાં લોકશાહીની લડતમાં હવે કઈ રીતે સફળતા મળે છે. તેની સાથોસાથ આ પુરસ્કાર જાહેર થતાં પહેલાં દુનિયમાં પોતાને શાંતિના મસિહા સાબિત કરવા સંઘર્ષોને શાંત કરવા આકાશ-પાતાળ એક કરતા રહેલા ટ્રમ્પ તેમની આ ભૂમિકાને જાળવી રાખશે કે પ્રકૃતિ મુજબ ત્યજી દેશે. આગામી દિવસોમાં આ બન્ને મુદ્દાનો દુનિયા સમક્ષ ખુલાસો થઈ જશે.

**આ બધા પડકારો અને મુશ્કેલીઓ છતાં તેઓ શાંતિપૂર્વક લોકશાહીની લડત લડતા રહ્યા છે. નેબેલ પુરસ્કારની પસંદગી સમિતિએ દુનિયાને બતાવી આપ્યું છે કે, કોઈપણ પારિતોષિકના હકદાર એ હોય છે કે તેમના કામો અને પ્રભાવને વાસ્તવિક રીતે જોઈ શકાતા હોય.**

## જિનપિંગની જાહેરાતે ટ્રમ્પને આખી દુનિયાની નજરમાં હાસ્યાસ્પદ બનાવી દીધા.

# ચીન કેમ અમેરિકાને ગણકારતું જ નથી?

## આપણા નેતાઓને કઈ જમીન ખોદવાથી દુર્લભ ખનિજો મળશે તેના કરતાં કઈ મસ્જિદ ખોદવાથી મંદિર મળશે તેમાં વધારે રસ છે.

અમેરિકાના પ્રમુખ ડોનલ્ડ ટ્રમ્પે ચીન પર ૧૦૦ ટકા ટૅરિફ લાદવાની જાહેરાત કરીને ફરી એક વાર પોતાનું સનકીપણું અને સ્વાર્થીપણું સાબિત કર્યુ છે. પહેલાં જ ચીનથી આયાત થતી ચીજો પર ૩૦ ટકા ટૅરિફ લાદેલો જ છે. આ વધારાના ૧૦૦ ટકા ટૅરિફના કારણે કુલ ટૅરિફ ૧૩૦ ટકા થઈ જશે અને નવા ટૅરિફ ૧ નવેમ્બરથી લાગુ થઈ જશે.

ટ્રમ્પ લાંબા સમયથી ચીનમાંથી અમેરિકન કંપનીઓને રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજોનો જથ્થો મળ્યા કરે એ માટે લટૂડાં પટૂડાં કર્યા કરતા હતા. ટ્રમ્પે થૂંકેલું ચાટીને ચીન પરના ટૅરિફ પણ ઘટાડી દીધેલા, પણ ચીને મચક ના આપી એટલે ટ્રમ્પે ૧૦૦ ટકાનો તોતિંગ ટૅરિફ વધારો ઝીંકી દીધો.ટ્રમ્પના સનકીપણા અને સ્વાર્થીપણાની સાથે સાથે ચીનના મિજાજની વાત પણ કરવી જોઈએ કેમ કે ચીને પણ દુનિયાના નવા સુપર પાવર તરીકેનો મિજાજ બતાવ્યો છે. ટ્રમ્પ દુર્લભ ખનિજો માટે રીતસર ચીનના પગમાં આળોટી ગયા હતા. ટ્રમ્પે ચીનનું નાક દબાવવા પહેલાં ૧૪૫ ટકા ટૅરિફ લાદી દીધેલી, પણ ચીને ભાવ ના આપતાં સાવ પાણીમાં બેસીને ટૅરિફ સાવ ૩૦ ટકા કરીને ચીન તરફ દોસ્તીનો હાથ લંબાવેલો, પણ ચીને ટ્રમ્પનો દોસ્તીનો હાથ હુકરાવીને સાબિત કર્યું છે કે, અમેરિકા હોય કે બીજો કોઈ દેશ હોય, તેને કોઈની પરવા નથી. ચીન પોતાની શરતે જ ધંધો કરે છે અને દોસ્તી પણ કરે છે, જેને આ શરતો માનવી હોય એ સામેથી આવે, બાકી જાય તેલ લેવા.ટ્રમ્પે ચીનના માલ પર વધારાનો ૧૦૦ ટેરિફ લાદવાની જાહેરાત કરી એ પાછળનું કારણ રેર અર્થ મિનરલ્સ એટલે કે દુર્લભ ખનિજો પરના ચીનનાં નવાં નિયંત્રણો છે. ચીને આ વર્ષમાં માર્ચમાં સાત દુર્લભ ખનિજોની ચીનમાંથી નિકાસ પર નિયંત્રણો મૂકેલાં ને હમણાં નવ ઑક્ટોબરે હોલ્મિયમ, એર્બિયમ, થુલિયમ, યુરોપિયમ અને યટરબિયમ એમ બીજી પાંચ દુર્લભ ખનિજોની નિકાસ પર નિયંત્રણો ઠોકી દીધાં.

અમેરિકા માટે દુર્લભ ખનિજો મહત્ત્વની છે કેમ કે સેમિક્ધડક્ટર્સ, ફાઈટર જેટ્સ સહિતનાં આધુનિક વોરફેર્સ અને બીજી તમામ અદ્યતન ટૅકનોલૉજી માટે દુર્લભ ખનિજો અનિવાર્ય છે. અમેરિકન ઓટોમોબાઈલ્સથી ઈલેક્ટ્રોનિક્સ અને આર્મી ઈક્વિકમેન્ટ્સથી માંડીને આઈટી સુધીના ધિકતી કમાણી કરાવી આપતા બધા ધંધા દુર્લભ ખનિજો પર ટકેલા છે તેથી ચીને અમેરિકાને આર્થિક રીતે તો મોટો ફટકો માર્યો જ પણ ટ્રમ્પને વધારે એ વાતે લાગી આવ્યું કે, ચીનના પ્રમુખ જિનપિંગને પોતે મળે એ પહેલાં જ ચીને આ જાહેરાત કરી નાખી.જિનપિંગને મનાવવા માટે ટ્રમ્પ આ મહિનાના અંતમાં મળવાના હતા. સામાન્ય રીતે બે દેશના વડા મળે એ પહેલાં બંને એકબીજાને સારું લગાડવા માટે પરસ્પર ફાયદાકારક જાહેરાતો કરતા હોય છે. જિનપિંગે એવું કરવાના બદલે ટ્રમ્પને બૂચ વાગી જાય એવી જાહેરાત કરી નાખી. ચીને ૧૨ ખનિજની નિકાસ માટે તો લાયસંસ ફરજિયાત કર્યા જ પણ દુર્લભ ખનિજોની પ્રોસેસ માટેની ટૅકનોલૉજી બહાર મોકલવા પર પણ પ્રતિબંધ લાદી દીધો.

જિનપિંગની જાહેરાતે ટ્રમ્પને આખી દુનિયાની નજરમાં હાસ્યાસ્પદ બનાવી દીધા. ચીનના પ્રહાર સામે ટ્રમ્પ કશું કરી શકે તેમ નહોતા એટલે ખિસિયાની બિલ્લી ખંભા નોંચે એ હિસાબે ટ્રમ્પે ટૅરિફ લાદવાની જાહેરાત કરી નાખી.ચીનને તેનાથી ફરક પડતો નથી કેમ કે ટ્રમ્પે ૧૪૫ ટકા ટૅરિફ લાદ્યા ત્યારે પણ ચીનાઓનું રૂવાડું ફરક્યું નહોતું. ટ્રમ્પ હજુ ૧૪૫ ટકા પર તો પહોંચ્યા પણ નથી એ જોતાં ચીનના પેટનું પાણીય નહીં હાલે. ટ્રમ્પ હજુ વધારે ટેરિફ લાદી શકે પણ ચીન તેનો એવો જ જવાબ આપશે.ટ્રમ્પે પહેલાં ૧૪૫ ટકા ટૅરિફ લાદ્યા ત્યારે ચીને પણ ઈંટનો જવાબ પથ્થરથી આપીને અમેરિકાના માલ પર એટલા જ ટૅરિફની જાહેરાત કરેલી. અત્યારે પણ ચીન વળતો પ્રહાર કરીને અમેરિકાના માલ પર ટૅરિફ લાદશે જ. ટ્રમ્પ નાક બચાવવા નવા ટૅરિફ લાદશે ને સામે ચીન પણ એ જ કરશે તેથી આ જંગ હવે લાંબો ચાલશે.ચીન અને અમેરિકાના આ જંગમાં આપણે ચીન પાસેથી ઘણું શીખવાની જરૂર છે. અમેરિકાએ ટૅરિફ લાદ્યા પછી આપણે સ્વદેશીની પિપૂડી વગાડ્યા કરીએ છીએ, પણ આપણી પાસે સ્વદેશીના નામે કશું નથી તેથી હજુય અમેરિકા સહિતના દેશોના માલ પર નિર્ભર છીએ. તેના કારણે આપણે ત્યાં સ્વદેશી વાતો સિવાય ક્યાંય દેખાતી નથી.આપણે અમેરિકા સામે તો હરફ પણ ઉચ્ચારી શકતા નથી ત્યારે ચીન કોઈ ફડાકા મારવાના બદલે કે વાતો કરવાના અમેરિકા સાથે જેવા સાથે તેવાનો વ્યવહાર કરે છે. આપણે અમેરિકા જેવા દેશને પણ ચીન ગણકારતું નથી ને રીતસરની દાદાગીરી કેમ કરી શકે છે એ સમજવાની પણ જરૂર છે.ચીનની દાદાગીરી પાછળનું કારણ વરસોની મહેનત છે. વિશ્વમાં કુલ ૧૭ ખનિજો દુર્લભ મનાય છે અને દુર્લભ ખનિજો પર ચીનનું નિયંત્રણ છે. વિશ્વના દુર્લભ ખનિજોના જથ્થામાંથી ૭૦ ટકા ચીન પાસે છે અને આ દુર્લભ ખનિજોને પ્રોસેસ કરીને તેમનો ઉદ્યોગોમાં ઉપયોગ કરવાની પ્રક્રિયામાં ૯૦ ટકા પર ચીનનું નિયંત્રણ છે. અમેરિકા સહિતના દેશો પણ જે નથી કરી શકતા એ ચીન કરી શકે છે તેનું કારણ ચીનની નેતાગીરીનું વિઝન છે.

અમેરિકાએ બીજા વિશ્વયુદ્ધ વખતે અણુ બૉમ્બ બનાવવા માટેનો મેનહટ્ટન પ્રોજેક્ટ હાથ ધર્યો ત્યારે દુનિયાનાં લોકોને દુર્લભ ખનિજોનું મહત્ત્વ સમજાયું. આ દુર્લભ ખનિજોના જોરે દુનિયા પર રાજ કરી શકાય છે એ અમેરિકાએ સાબિત કર્યું.ચીન એ વખતે પછાત હતું, પણ ૧૯૮૦ના દાયકામાં ચીનના પ્રીમિયર ડેંગ ઝિયાઓપિંગે ચીનના ઔદ્યોગિકીકરણની પ્રક્રિયા હાથ ધરી ત્યારે આ દુર્લભ ખનિજો પોતાને ત્યાં ક્યાં મળે એ માટેનાં મિશન હાથ ધરેલાં. એ જમાનામાં કોમ્પ્યુટર્સ અને આઈટી આવી ગયેલાં તેથી દુર્લભ ખનિજોનો વ્યાપ વધ્યો. ચીન સમજી ગયેલું કે, તેના પર પોતાનો કબજો હશે તો દુનિયા પર રાજ કરી શકાશે ને અત્યારે એ જ સ્થિતિનું નિર્માણ થઈ રહ્યું છે.આપણી કમનસીબી છે કે, આપણા નેતાઓને કઈ જમીન ખોદવાથી દુર્લભ ખનિજો મળશે તેના કરતાં કઈ મસ્જિદ ખોદવાથી મંદિર મળશે તેમાં વધારે રસ છે. આપણા યુવાઓને પણ આપણા રિસોર્સિસનો ઉપયોગ કરીને દેશને કઈ રીતે પ્રગતિ કરાવવી તેનું સંશોધન કરવાના બદલે મોતીલાલ નહેરૂ મુસ્લિમ હતા કે નહીં ને જવાહલાલ નહેરૂને કેટલાં લફરાં હતાં એ શોધવામાં વધારે રસ પડે છે.

આ રસ ના બદલાય ત્યાં સુધી આપણે ચીન જેવી દાદાગીરી ના કરી શકીએ.

## આ દાવેદારી પુરવાર કરવા માટે તેઓ મોદીને હટાવવા, બદનામ કરવા માટે પ્રયાસ

# રાહુલ ગાંધીની હતાશા

- **ગાદીવારસ ગાંધી પરિવાર જ હોય એવી એમની આશા, વિશ્વાસ હતો અને હજુ પણ દઢપણે માને છે કે તેઓ વડાપ્રધાનપદના એકમાત્ર - બિનહરીફ દાવેદાર છે ! આ દાવેદારી પુરવાર કરવા માટે તેઓ મોદીને હટાવવા, બદનામ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે.**

રાહુલ ગાંધી વિદેશી ધરતી ઉપરથી ભારત વિરુદ્ધ - વડાપ્રધાન નરેન્દ્ર મોદી વિરુદ્ધ ભાષણો કરી રહ્યા છે. ૨૦૧૪માં લોકસભાની ચૂંટણીના પ્રચારમાં અને તે પછી જાહેરસભાઓમાં એમણે બેફામ ભાષા અને બેહદ બેજવાબદાર આક્ષેપો કર્યા છે. અપશબ્દો વાપર્યા છે. મોદીનાં સ્વ. માતા માટે પણ અપશબ્દો વપરાયા છે. રાહુલ ગાંધીની નિરાશા પછી હવે હતાશા છવાઈ ગઈ છે. એકમાત્ર કારણ છે : એમને ખાતરી હતી કે ડો. મનમોહનસિંઘ પછી એમના માટે વડાપ્રધાનપદ નક્કી - 'અનામત' છે ! ગાદીવારસ ગાંધી પરિવાર જ હોય એવી એમની આશા, વિશ્વાસ હતો અને હજુ પણ દઢપણે માને છે કે તેઓ વડાપ્રધાનપદના એકમાત્ર - બિનહરીફ દાવેદાર છે ! આ દાવેદારી પુરવાર કરવા માટે તેઓ મોદીને હટાવવા, બદનામ કરવા માટે પ્રયાસ કરી રહ્યા છે. અન્ય વિપક્ષો પણ સત્તા મેળવવા માટે રાહુલ ગાંધી સાથે જોડાઈ રહ્યા છે, પણ મોદીને હરાવવાનું - હટાવવાનું આસાન નથી, તેથી એમણે ભારત અને ભારતની લોકશાહી ઉપર આક્ષેપ - ટીકા પ્રહાર શરૂ કર્યા છે. એમની આ 'જેહાદ'માં વિશ્વનાં કેટલાંક પરિબળોનો સાથ મળ્યો છે. આ લોકો માને છે કે મોદીને હટાવાય તો ભારત ઉપર કબજો જમાવાય, અંગૂઠાછાપ, કઠપૂતળી સરકારને નચાવી શકાય. આ જેહાદમાં રાજકીય વિચારસરણી કરતાં આર્થિક શક્તિ વધુ ભાગ ભજવે છે. ભારતને શક્તિશાળી અને વિશ્વમાં ત્રીજું મોટું અર્થતંત્ર બનતું રોકવાની સાજિશ છે. ભારતના ટુકડા કરવાનું લક્ષ્ય છે અને એમના હાથમાં રાહુલ ગાંધી રમી રહ્યા છે. તાજેતરમાં રાહુલ ગાંધી કોલંબિયાની યુનિવર્સિટીમાં વિદ્યાર્થીઓનાં આમંત્રણથી (?) વિશ્વની ડેમોક્રેસી અને ડિપ્લોમસી વિશે 'લેક્ચર' આપવા ગયા હતા અને ત્યાં એમણે કહ્યું કે ભારતમાં લોકતંત્ર વ્યવસ્થા ઉપર સાર્વત્રિક - મોટાપાયે હુમલા - આક્રમણ થઈ રહ્યું છે ! ભારતમાં ચાર મોટા ઉદ્યોગપતિનો ભયંકર - મોટાપાયે ભ્રષ્ટાચાર કેન્દ્ર કક્ષાએ છે અને એમના સંબંધ સીધા વડાપ્રધાન સાથે છે ! આખું અર્થતંત્ર એમના કબજામાં છે. રાહુલ ગાંધી જાણે છે કે તેઓ નિષ્ફળ ગયા છે - ભારતનું લોકતંત્ર નિષ્ફળ નથી, છતાં વિદેશી ધરતી ઉપરથી એમણે ભારતનું લોકતંત્ર પડી ભાંગ્યું હોવાની વાતો કરી છે. એક તબક્કે તો એમણે અમેરિકા અને યુકે - એ ભારતના મામલામાં દખલગીરી કરવાની હિમાયત કરી છે : આમંત્રણ આપ્યું છે ! ભારતમાં ચૂંટણીમાં ફાવ્યા નહીં તેથી વિદેશોમાં જઈને ભાજપ - વાસ્તવમાં ભારતવિરોધી પ્રચાર કરે છે, ત્યારે શંકા જાગે છે કે તેઓ સત્તાની ચોરી કરવા માગે છે ? વિદેશોમાં કેટલાક ધનાઢયોનું ગ્રુપ છે, જે ભારતનાં અર્થતંત્રની હરણફાળ જોઈને ભડકી ઊઠયા છે. તેમાં પણ હવે ચીન, રશિયા સાથે ભારતે હાથ મિલાવ્યા તેથી ટ્રમ્પ છંછેડાયા છે. તાજેતરમાં વિદેશથી એક અહેવાલ વાયરલ થયો છે, જેમાં જણાવાયું છે કે 'નાટો'ના સભ્ય હોવાનો દાવો કરતા ક્લિજર નામના શખ્સે ભારતને તોડવાની હિમાયત શરૂ કરી છે. ભારતના નકશામાં અલગ અલગ રાજ્યોના ઝંડા ફરકાવ્યા - બતાવ્યા છે. ભાષા - ધર્મ વગેરેના આધારે ભારતને તોડવાનો પ્લાન તૈયાર હોવાનું કહે છે ! વિદેશથી આવતો એક અહેવાલ વાયરલ થયો છે કે તાજેતરમાં મોદી ચીન ગયા હતા, ત્યાં એમના વિરુદ્ધ ભારતના દુશ્મનોએ કાવતરું કર્યું હતું... અને તેની જાણ મળી ગઈ તેથી પુતિન મોદીનો હાથ પકડીને એમની મોટરકારમાં લઈ ગયા અને પંદર મિનિટ સુધી બેસાડીને વાતચીત કરી. કાવતરાં પાછળ એવી ગણતરી હોય કે ચીન અને રશિયા બંને બદનામ થાય ! તાશ્કંદમાં લાલબહાદુર શાત્રીનું અવસાન યાદ છે ? અલબત્ત, આ અહેવાલને સત્તાવાર રદિયો કોઈ નહીં આપે, માત્ર પ્રચારમાં ખપાવશે, પણ ભારતના દુશ્મનોથી આપણે લોકોએ પણ સાવધ રહેવાની જરૂર છે. 'નાટો'એ આવા કોઈ તેના સભ્ય હોવાનો ઈન્કાર કર્યો છે અને રદિયો આપ્યો છે, પણ રાહુલ ગાંધીએ કોલંબિયા યુનિવર્સિટીનાં લેક્ચરમાં પણ ભારતની વિવિધ ભાષાઓ ધર્મ - સંપ્રદાયો હોવાથી લોકતંત્ર માટે ખતરો હોવાનું કહ્યું છે. આ સૌ વચ્ચે એકસૂત્રતા માટે લોકતાંત્રિક વ્યવસ્થા જરૂરી છે, પણ અત્યારે આ વ્યવસ્થા ઉપર જ હુમલો થયો છે ! ભારતની ૧૬ - ૧૭ અલગ અલગ ભાષાઓ અને ધર્મ છે.' ભારત અને ચીન આગામી પચાસ વર્ષમાં દુનિયાની નેતાગીરી લેવા તૈયાર છે ? એવા એક પ્રશ્નના જવાબમાં એમણે કહ્યું ચીનની તો મને ખબર નથી, પણ ભારત આવી નેતાગીરી લેવા તૈયાર હોય એમ લાગતું નથી. અત્યારે તો ભારત, અમેરિકા અને ચીનના ગજગ્રાહ વચ્ચે - મધ્યમાં છે. ભારત 'વિશ્વગુરુ' બનવાની ક્ષમતા ધરાવે છે એવા અહેવાલનો ઉપરોક્ત જવાબ રાહુલે આપ્યો છે ? ભારતનાં સ્વદેશાભિમાન અને આત્મનિર્ભર ભારતનાં નિર્માણનો સંકલ્પ આપણે કર્યો છે. બ્રિટનના વડાપ્રધાન ૧૨૫ ઉદ્યોગપતિના કાફલા સાથે ભારત આવી રહ્યા હતા, બંને દેશ વચ્ચે મુક્ત વ્યાપારના કરાર નક્કી હતા, ત્યારે રાહુલ ગાંધી વિદેશની ધરતી ઉપરથી નકારાત્મક સંદેશ આપે, તે કેટલું યોગ્ય છે ? ટ્રમ્પ કહે કે ભારતનું અર્થતંત્ર મૃત:પ્રાય છે અને તેનો હવાલો આપીને રાહુલ ગાંધી કહે કે સાચી વાત છે, પણ મોદી અને સીતારામન સ્વીકારવા તૈયાર નથી, ત્યારે શ્રીમાન રાહુલ ગાંધીને શું કહેવું ? ટ્રમ્પે નોબેલ શાંતિ પુરસ્કાર મેળવવા માટે એકવીસ વખત અથવા સાડી સત્તરવાર દાવો કર્યો કે એમણે યુદ્ધવિરામ કરાવ્યો ત્યારે રાહુલ ગાંધી ફિલ્મી ડાયલોગ ચૂંટણીની જાહેરસભામાં બોલે - 'નરેન્દર, ક્યા કરતે હો - સરેન્ડર કરો અને મોદી કહે છે : જી હજૂર' - ભારતની સંસદમાં વિપક્ષી નેતા અને દાયકાઓ સુધી ભારત ઉપર એકહથ્થુ શાસન કરનારા કોંગ્રેસ પક્ષના નેતા માટે આ શોભે છે ? લોકસભામાં વડાપ્રધાનનાં ગળે પડવું કે વળગવું તથા આંખના ઈશારા કરવા એક વાત છે અને વિદેશી ધરતી ઉપરથી મજાક ઉડાવવી તે વધુ ગંભીર - ભારતદ્રોહ છે - આ વાત એમને કોણ સમજાવે ? વિદેશીઓના વોટ ભારતમાં નહીં મળે, કારણ કે હવે ચૂંટણીપંચે ચૂંટણી યાદીમાંથી વિદેશીઓની સફાઈ કરી છે ! ૯૪૭માં વિન્સ્ટન ચર્ચિલે કહ્યું હતું, હું વિદેશોમાં કદીપણ મારા દેશની સરકાર ઉપર ટીકા - પ્રહાર અથવા આક્ષેપ કરું જ નહીં. આ માટે સ્વદેશ આવીને સમય મળશે. વિદેશમાં તો મારા દેશ અને જે પણ પક્ષની સરકાર હોય, તેની ફેવરમાં અને આપણા દેશનાં ઉજ્જવળ ભવિષ્ય માટે વિશ્વાસ વ્યક્ત કરીશ... ૨૦૧૭માં નિવૃત્ત પ્રમુખ બરાક ઓબામાએ નવા ચૂંટાયેલા પ્રમુખ ડોનાલ્ડ ટ્રમ્પ વિષે ટીકાનો એક શબ્દ પણ બોલવા - લખવાનો ઈન્કાર કર્યો હતો. ૧૯૭૭માં જનતા પાર્ટીના નેતા વડાપ્રધાન મોરારજીભાઈએ લોકસભામાં વિપક્ષી નેતાને કેબિનેટ દરજ્જાના પ્રધાન જેવો હોદ્દો - સ્થાન - માન આપવાની શરૂઆત કરી હતી. લોકશાહી કોને કહેવાય તે રાહુલ ગાંધી જાણે છે ? રાહુલ ગાંધી તો માત્ર ડોનાલ્ડ ટ્રમ્પને જાણે છે ! નોબેલ શાંતિ એવોર્ડ મળ્યો નહીં તો નિવૃત્ત પ્રમુખ બરાક ઓબામા તદ્દન નકામા માણસ હોવાનું કહે છે !

## ખુદ બે-ત્રણ દિવસનું રોકાણ કરીને રણસફારી અને કચ્છ કાર્નિવલ યોજ્યા.

# કચ્છના પ્રવાસનની ખુશ્બૂ; થૅંક્યુ બિગ-બી

## આ પ્રયાસોથી કચ્છ તરફ દેશ-દુનિયાનું ધ્યાન ગયું,

કૌન બનેગા કરોડપતિ શોમાં હોટ સીટ પર જાવેદ અખ્તરની હાજરીમાં અમિતાભ બચ્ચને ૮૩મા જન્મદિવસની ઉજવણી કરી... માતા તેજી બચ્ચન ઓડિયો ક્લિપમાં પોતાના હોનહાર પુત્ર પર ગર્વ મહેસૂસ કરી રહ્યા છે... દિવંગત માતાનો અવાજ સાંભળીને અમિતાભ ભાવુક થઈ ગયા... આ દૃશ્ય સાથે ટીવી શો નિહાળી રહેલા હજારો દર્શકોનીએ આંખો ભીંજાઈ ગઈ... અમિતાભની આ ખૂબી છે. પોતાના ચાહકોને, સંપર્કમાં આવનાર દરેકને બાંધી રાખે છે. બિગ-બીનો જાણે કે જાદૂ છવાઈ જાય છે. કચ્છ એટલે કચ્છમાં અમિતાભને યાદ કરવાનું નિમિત્ત પૂરું પાડયું ૧૧મી ઓકટોબરના તેમના જન્મદિવસે... કચ્છમિત્ર કચ્છના હોટેલિયર્સ તથા ટૂર ટ્રાવેલ્સ ઓપરેટર્સ સાથે મળીને ટૂરિઝમ કોન્કલેવ કરવા જઈ રહ્યું છે... પૂર્વ તૈયારીની મિટિંગમાં એક સ્પષ્ટ મત આવ્યો કે, પ્રવાસન નિગમ ફરી ટેલિવિઝન પર કચ્છ સંબંધિત વિજ્ઞાપનો શરૂ કરે એ જરૂરી છે. તેમાંય અમિતાભવાળી 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' ટેગવાળી એડ તો જોઈએ ને જોઈએ... અમિતાભને કચ્છ સાથે વિશેષ સીધો સંબંધ નથી. તેના પુત્ર અભિષેક બચ્ચને જે ફિલ્મથી રૂપેરી પરદે પદાર્પણ કર્યું એ જે. પી. દત્તાની રેફયુજી કચ્છની રણકાંધીએ લખપત પાસે શૂટ થઈ હતી અને રણમાં અમિતાભે છકડાની સવારી કરીને શૂટિંગ કર્યું હતું. અમિતાભ માટે કચ્છનો સંદર્ભ લઈએ ત્યારે કચ્છી સંગીતકાર કલ્યાણજી-આણંદજીને પણ યાદ કરવા પડે. પહેલાં વાત પ્રવાસનની. કચ્છ કુદરતની અણમોલ ભેટ જેવો પ્રદેશ છે. અહીંનું રણ, ભાગીતળ લોકસંસ્કૃતિ, માંડવી અને પિંગલેશ્વરનો સમુદ્ર કાંઠો, ઐતિહાસિક ધરોહર સાચવી બેઠેલી ઈમારતો, ધોરડો ને ધોળાવીરા, પુરાણપ્રસિદ્ધ યાત્રાધામો, બેનમૂન હસ્તકલા બધું જ હોવા છતાં દેશના અન્ય વિસ્તારોની સરખામણીએ કચ્છ પ્રવાસીઓ માટે નૈસર્ગિક આકર્ષણનું કેન્દ્ર બની શક્યું નહોતું ને અમિતાભની વિજ્ઞાપન ઝુંબેશે જાણે ચમત્કાર કર્યો... આજે કચ્છ વિશ્વ પ્રવાસનના નકશામાં એક આકર્ષણ લેખાઈ રહ્યું છે તેનું શ્રેય અમુક અંશે બચ્ચનને પણ જાય છે. યસ, મોદીએ ટ્રેન્ડ બદલ્યો.

તેમની પારખુ નજરે કચ્છનું સામર્થ્ય પિછાણ્યું. ખુદ બે-ત્રણ દિવસનું રોકાણ કરીને રણસફારી અને કચ્છ કાર્નિવલ યોજ્યા. આ પ્રયાસોથી કચ્છ તરફ દેશ-દુનિયાનું ધ્યાન ગયું, એ પછી 'ખુશ્બૂ ગુજરાત કી' થીમ હેઠળ મહાનાયક બચ્ચન જ્યારે ટીવી પર કહેતા હોય - 'કચ્છ નહીં દેખા તો કુછ નહીં દેખા' એને કોર્ટમાં ચુકાદો સંભળાવતા જજના ફરમાન જેમ જ માનવું પડે. ટૂંકમાં ૨૦૧૦ દરમ્યાન અમિતાભની કચ્છયાત્રા પછી પ્રવાસન વિકાસની વિશાળ સંભાવનાઓ ખૂલી ગઈ. બીજીવાત કલ્યાણજીભાઈવાળી. ૧૯૮૫થી ૧૯૮૮ કચ્છમાં સળંગ દુષ્કાળ પડયો હતો. માનવી અને પશુઓની હાલત બદતર બની ગઈ હતી, ત્યારે તા. ૫મી મે, ૧૯૮૭ના રોજ વિખ્યાત કચ્છી સંગીતકાર બેલડી કલ્યાણજી-આણંદજીએ કિશોરકુમાર નાઈટ યોજીને દુષ્કાળ રાહત ભંડોળ એકઠું કર્યું હતું. જ્યુબિલી મેદાનમાં હજારોની મેદની વચ્ચે કલ્યાણજીભાઈએ વચન આપ્યું હતું... 'મેઘરાજા મન મૂકીને વરસશે તો ઉજવણી માટે અમિતાભ બચ્ચનને કચ્છ લઈ આવીશ.' અને લગભગ ૨૪ વર્ષે બિગ-બીએ કચ્છની ધરતી પર પગ મૂક્યો હતો અને સદ્નસીબે અત્યારે કચ્છનો સારો કાળ ચાલી રહ્યો છે. વિકાસના રાજમાર્ગ પર કચ્છની ગાડી દોડવા લાગી છે. પંદર વર્ષ પહેલાંનો સમય યાદ કરીએ તો પ્રવાસન ખાતાંએ બચ્ચનને મહદ્અંશે ઘેરાબંધીમાં રાખ્યા હતા તેમ છતાં ભુજ એરપોર્ટથી લઈને માંડવી સુધી તેઓ જ્યાં-જ્યાં ગયા ત્યાં ચાહકોની ભીડ એક ઝલક મેળવવા ઊમટતી હતી. ખુદ બચ્ચને એવી તાજુબી દર્શાવી કે, કચ્છમાં મારા પ્રત્યે આવો ઉમળકો દર્શાવાશે, આવો સત્કારે થશે એની કલ્પના નહોતી અને વાતે સાચી છે. કચ્છમાં ફિલ્મ શાટિંગ માટે અનેક કલાકાર આવી ગયા, પરંતુ અમિતાભ જેટલી પડાપડી ક્યાંય જોવા મળી નહોતી. આ બચ્ચનના વ્યક્તિત્વ, ખાનદાન અને વિચક્ષણ અભિનેતા તરીકેની તેમની ઈમેજનો પ્રતાપ છે. ભૂતનાથ કે અલ્લાદીનના જીન જેવી અવનવી ભૂમિકા ભજવતા થયા છે, પરંતુ ચાહકોના એક વિશાળ વર્ગના મનના ખૂણે હજુ શોલેનો જય, ત્રિશૂલ અને દીવારનો વિજય, ઝંઝીરનો પોલીસ ઈન્સ્પેક્ટર, નમકહલાલનો અર્જુનાસિંગ વલ્દ ભીમાસિંગ, અમર અકબરનો એન્થની અને અગ્નિપથનો વિજય દીનાનાથ ચૌહાણ જ જીવે છે. ગરીબી, મોંઘવારી, બેરોજગારીથી ત્રસ્ત હિન્દુસ્તાનની આમજનતાના એક વિશાળ વર્ગે અન્યાય સામે લડતાં હિંમતબાજ બચ્ચનની વિવિધ ભૂમિકાઓમાં પોતાની જ છબી જોઈ છે. અમિતાભનું વાસ્તવિક જીવને તેણે ભજવેલી અનેક એંગ્રી યંગમેનની ભૂમિકાઓ જેવું જ સંઘર્ષશીલ રહ્યું છે. માયસ્થેનિયા ગ્રેવીસની બીમારી, 'કૂલી'નાં શાટિંગ વખતનો ગંભીર અકસ્માત અને અત્યારે દમ-લિવરની બીમારીથી પીડાઈ રહ્યા છે. સુપરસ્ટાર તરીકેનો ફતવો ભોગવ્યા પછી એબીસીએલની નાદારી જેવી હાલત વખતે આર્થિક સંકડામણે અનુભવી છે. અંગત જીવનમાં રેખા સાથેના પ્રેમસંબંધ દરમ્યાન પારિવારિક સંઘર્ષ થયો ને રાજકારણના ગંદવાડનોય અનુભવ લીધો છે. ટૂંકમાં બિગ-બીની જિંદગીના અનેક રૂપ છે. ૧૯૯૦ના દાયકામાં તેણે ઉપરાઉપરી નિષ્ફળતા પછી પાંચ વર્ષનો સંન્યાસ લીધો ત્યારે સૌ કોઈએ માન્યું કે એક યુગ પૂરો થયો. મીડિયાએ તો રાજ બબ્બરથી લઈને સંજય દત્ત સુધી નવા સુપરસ્ટારની અટકળો લગાવીને ઘણું લખી નાખ્યું હતું. બચ્ચન સાચા લડવૈયા પુરવાર થયા અને ફિનિક્સ પંખીની જેમ રાખમાંથી બેઠા થયા. કદાચ તેથી જ તેની ઘણીખરી સફળ ફિલ્મોના નાયકનું નામ વિજય રખાયું હશે. આ વિજય એકમાત્ર એવો અભિનેતા છે જેની ત્રણ ત્રણ પેઢી ચાહક રહી હોય. બોલીવૂડનો આજે પણ એ નંબર વન બાદશાહ છે. જ્યાં જાય ત્યાં એ રૂઆબથી કહી શકે છે હમ જહાં ખડે રહેતે હૈ લાઈન વહીં સે શુરૂ હોતી હૈ.. અમિતાભ પહેલેથી આવો જ છે કે અનુભવે ઘડાયો છે ? આ સવાલનો જવાબ ભુજના જાણીતા તસવીરકાર પરેશ કપ્ટાના અનુભવમાંથી મળી શકે. હમનાં શાટિંગ વખતે મુંબઈમાં પરેશ અમિતાભને મળી આવ્યો હતો એ કિસ્સાથી 'કચ્છમિત્ર'ના વાચકો અજાણ નથી. અહીં અમિતાભે પરેશને શું કહ્યું હતું એની વાત વધુ એકવાર તાજી કરીએ. પોતાની વેનિટી વેનમાં ભોજન કરી રહેલા બચ્ચને પરેશને પૂછયું : 'ક્યા કર રહે હો ?' જવાબ હતો : કચ્છમેં છોટી મોટી ફોટોગ્રાફી કર લેતા હું? બચ્ચને તુરત પરેશને ટપાર્યો : 'તમે હાથલારી ચલાવતા હો, કે ફોટોગ્રાફી કરતા હો... પોતાનાં કામને કદી નાનું નહીં સમજવાનું અને જે કરો એ દિલથી કરો.' અમિતાભ આજે ૮૩ વર્ષે પણ સક્રિય છે.

# 'હક' ફિલ્મમાં મુસ્લિમ સ્ત્રીની પ્રેરણાદાયક ભૂમિકામાં યામી



જંગલી પિક્ચર્સે ઈન્સોમ્નિયા ફિલ્મ્સ અને બાવેના સ્ટુડિયો સાથે મળીને પોતાની નવી ફિલ્મ 'હક' ની જાહેરાત કરી છે. આ એક દમદાર ડ્રામા છે, જે મોહમ્મદ અહમદ ખાન વર્સેસ શાહ બાનો બેગમ કેસમાં સુપ્રીમ કોર્ટના ઐતિહાસિક ચુકાદાથી પ્રેરિત છે. ફિલ્મમાં યામી ગૌતમ ધર અને ઈમરાન હાશમી મુખ્ય ભૂમિકામાં છે, અને તેનું દિગ્દર્શન સુપર્ણ એસ. વર્માએ કર્યું છે.

આ ફિલ્મ પર્સનલ લો અને સેક્યુલર લો વચ્ચેની ચર્ચા આગળ મૂકે છે.

હક', જિગ્ના વોરા દ્વારા લખાયેલીબાનોઃ ભારતની દીકરી' નામના પુસ્તક પર આધારિત એક કલ્પિત અને નાટકીય કહાની છે. શાહ બાનો બેગમ ૮૦ના દાયકામાં પુષપ્રધાન સમાજમાં પોતાના સ્વાભિમાન અને હક માટે લડી હતી. ચાર દાયકાથી વધુ પહેલાં શરૂ થયેલી આ ચર્ચા આજે પણ આપણા સમાજમાં પ્રાસંગિક છેઃ શું ન્યાયનો અવસર સૌને સમાન મળવો જોઈએ નહીં? શું હવે એક દેશ, એક કાયદાનો સમય આવી ગયો છે? આપણે વ્યક્તિગત આસ્થા અને ધર્મનિરપેક્ષ કાયદા વચ્ચેની રેખા ક્યાં દોરીએ? શું સમાન નાગરિક સંહિતા હોવી જોઈએ?

જંગલી પિક્ચર્સ હંમેશાં એવી ફિલ્મો બનાવે છે, જે કંઈક અલગ હોય છે અને સમાજના નિયમોને પડકારતી હોય છે. તેમની ફિલ્મોમાં બેબાકપણું અને સાહસ જોવા મળે છે. રાજી', તલવાર' અને બધાઈ હો' જેવી શાનદાર ફિલ્મો બાદ, આ સ્ટુડિયો એક વધુ રસપ્રદ અને દમદાર કહાની લઈને આવ્યો છે, જે દર્શકોને જરૂર ગમશે. હક' યામી ગૌતમ ધર માટે 'આર્ટિકલ ૩૭૦'માં તેમના શાનદાર અભિનય બાદની સિનેમા જગતમાં આગલી મોટી દસ્તક છે.

હક'માં તેઓ એવી પ્રેરણાદાયક મુસ્લિમ સ્ત્રીની ભૂમિકામાં છે, જે અન્યાય સામે ઝુકવા ઈનકાર કરે છે. ખોટી રીતે છોડી દેવામાં આવેલ અને બેસહારા થયેલી, તે પોતાના અને પોતાના બાળકો માટે કલમ ૧૨૫ હેઠળ પોતાનાહક'ની માંગણી સાથે કોર્ટમાં મોટી લડત લડે છે. યામી ગૌતમ ધર અને ઈમરાન હાશમી આ ફિલ્મમાં પહેલી વાર સાથે આવી રહ્યા છે. તેમાં ઈમરાન હાશમી એક સમજદાર અને જાણીતા વકીલની ભૂમિકામાં છે, જ્યારે યામી એવી લડતનું નેતૃત્વ કરે છે, જે સમાજને વિચારવા મજબૂર કરે છે કે તેઓ કઈ બાજુ છે. એક માતાનું સાચું અને અડગ સાહસ જ 'હક' નું હૃદય છે. આ એક ખૂબ જ રોમાંચક અને અપ્રત્યાશિત ફિલ્મ છે, જેમાં અનેક ચોંકાવનારા વળાંકો, લાગણીઓ અને ડ્રામા ભરેલા છે.

**હક', જિગ્ના વોરા દ્વારા લખાયેલીબાનોઃ ભારતની દીકરી' નામના પુસ્તક પર આધારિત એક કલ્પિત અને નાટકીય કહાની છે. શાહ બાનો બેગમ ૮૦ના દાયકામાં પુષપ્રધાન સમાજમાં પોતાના સ્વાભિમાન અને હક માટે લડી હતી. ચાર દાયકાથી વધુ પહેલાં શરૂ થયેલી આ ચર્ચા આજે પણ આપણા સમાજમાં પ્રાસંગિક છેઃ**



# જુનિયર એનટીઆરે રાજામૌલીની દાદાસાહેબ ફાળકે બાયોપિક છોડી

'જુનિયર એનટીઆર હાલ તેની કેરીઅરને વધુ સ્થિર કરવાના પ્રયત્નોમાં છે. તે હાલ એક તરફ તેલુગુ ફિલ્મની પોતાની કેરિઅર પર ધ્યાન આપવા માગે છે અને સાથે પ્રશાંત નીલની ફિલ્મ ડ્રેગન માટે પણ કામ કરે છે, તેથી તેણે હવે સિનેમાના પિતા દાદા સાહેબ ફાળકે ના જીવન પર બનનારી રાજામૌલીની ફિલ્મ છોડી દેવાનો નિર્ણય લીધો છે. આ પ્રક્રિયા સાથે સંકળાયેલા સુત્રના જણાવ્યા અનુસાર, એનટીઆરનો આ નિર્ણય વિવિધ બાબતો પર આધારીત છે. તેમના જણાવ્યા અનુસાર, ''હાલ આ સ્થિતિએ એનટીઆર કોઈ રીયલ લાઈફ પાત્ર ભજવવા માગતા નથી, એ પણ ભુતકાળની કોઈ હસ્તી પર તે કામ કરવા માગતો નથી. બીજું કે આ ફિલ્મ રાજામૌલી પોતે ડિરેક્ટ નહોતા કરવાના, તેમનો દિકરો કાર્તિક ડિરેક્ટ કરવાનો હતો. ત્રીજું, દાદા સાહેબ ફાળકે પર આમિર ખાન પણ ફિલ્મ કરી રહ્યો છે, જે રાજકુમાર હિરાની ડિરેક્ટ કરશે. એ જ વિષય પર બીજી ફિલ્મ બનાવવાનું કોઈ કારણ નથી.''તાજેતરમાં એવા પણ અહેવાલો હતા કે આમિરે હિરાનીને ફરી સ્ક્રિપ્ટ લખવા કહ્યું છે, સામે આમિરનું કહેવું છે કે ફિલ્મનું કામ સમયસર જ ચાલી રહ્યું છે.બીજી તરફ રાજામૌલી પણ જુનિયર એનટીઆરે ના પાડવા અને ફાળકેના પૌત્ર ચંદ્રશેખર શ્રીક્રિશ્ના પસુલકરે વિરોધ કર્યો હોવા છતાં દાદાસાહેબ ફાળકેની ફિલ્મ બનાવવા માગે જ છે. ત્યારે હવે રાજામૌલી દાદાસાહેબના રોલ માટે અન્ય કલાકારની શોધમાં છે. સામે પ્રભાસ આ ફિલ્મ કરવાના અહેવાલો પણ બુલકુલ ખોટા છે.

# મનોરંજનનું મેઘધનુષઃ હર્ષવર્ધન રાણેઃ બોલિવૂડમાં પોતાનું અલગ જ સ્થાન ઊભું કરવામાં સફળ

કોઈ ફિલ્મ ખૂબ જ ચાલી હોય અને તેની ગણના ક્લાસિક' ફિલ્મમાં થતી હોય તો એ ફિલ્મ ૧૦ વર્ષે કે પચીસ વર્ષે રી-રિલીઝ કરવાનોટ્રેન્ડ બોલિવૂડમાં ચાલુ થયો છે.શોલે' જેવી ફિલ્મનાં ૫૦ વર્ષ થાય તો તેને ફરી રિલીઝ કરવામાં આવે એ આપણે માની શકીએ, પણ સાવ નવા-નવા હીરો-હીરોઈન સાથેની ફિલ્મ રિલીઝ થઈ હોય અને રિલીઝ વખતે તે ફ્લોપ થઈ હોય છતાં લગભગ નવ વર્ષ બાદ ફરી રિલીઝ કરવામાં આવે અને ત્યારે તે 'બોક્સ ઓફિસ' ગજાવે એવું માત્ર ને માત્ર એક જ ફિલ્મના કિસ્સામાં થયું છે.

આ ફિલ્મ છે 'સનમ તેરી કસમ.' આ ફિલ્મ પહેલી વાર પાંચમી ફેબ્રુઆરી ૨૦૧૬ના રિલીઝ થઈ હતી, પણ ત્યારે ફ્લોપ સાબિત થઈ હતી. ત્યાર બાદ આ ફિલ્મ ૨૦૨૫માં ૭ ફેબ્રુઆરીએ રી-રિલીઝ થઈ અને ત્યારે તેણે રી-રિલીઝ ફિલ્મોની કમાણીમાં રેકોર્ડ નોંધાવ્યો હતો.

આટલું વિસ્તારથી જણાવવાનું કારણ એ કે સનમ તેરી કસમ'માં હર્ષવર્ધન રાણે હતો અને આજે આપણે આહીરો'ની વાત કરવાના છીએ. હિન્દીમાં હર્ષવર્ધન રાણેની એ પ્રથમ ફિલ્મ હતી, પણ એ અગાઉ તે તેલુગુ ફિલ્મમાં કામ કરી ચૂક્યો હતો અને ત્યાં તેણે સફળતા પણ ખૂબ મેળવી હતી.૧૬ ડિસેમ્બર, ૧૯૮૩ના આંધ્ર પ્રદેશમાં તેલુગુભાષી માતા અને મરાઠીભાષી પિતાને ત્યાં જન્મેલા હર્ષવર્ધન રાણેએ અભિનય કારકિર્દીની શરૂઆત ટેલિવિઝનથી કરી છે. ૨૦૦૭થી ૨૦૦૮ દરમિયાન લેફ્ટ રાઈટ લેફ્ટ' નામની સિરિયલમાં દેખાયો હતો. ત્યાર પછી ૨૦૧૦માં આવેલી તેલુગુ ફિલ્મથકીતા થકીતા'થી લોકો તેને ઓળખવા લાગ્યા હતા.

૨૦૧૨માં તેલુગુ ભાષાની બે ફિલ્મ, ૨૦૧૩માં એક ફિલ્મ અને ૨૦૧૪માં તેની ચાર તેલુગુ ફિલ્મો રિલીઝ થઈ હતી. ૨૦૧૬માં આવેલી હિન્દી ફિલ્મ સનમ તેરી કસમ'થી તે વધુ લોકપ્રિય થયો અને હવે આગામી એકાદ-બે અઠવાડિયામાં તેની હિન્દી ફિલ્મએક દિવાને કી દિવાનીયત' રજૂ થવાની છે. આ નવ વર્ષ દરમિયાન તેને સનમ તેરી કસમ' માટે સ્ટારડસ્ટસુપરસ્ટાર ઓફ ટુમોરો' નામનો એવોર્ડ પણ મળ્યો.

૨૦૧૭માં તેણે ફીદા' નામની ફિલ્મમાં સાઈ પલ્લવી સામે કેમિયો કર્યો હતો. ૨૦૧૮માં જે. પી. દત્તાની મલ્ટીસ્ટાર ફિલ્મપલટન'માં મેજર હરભજન સિંહના પાત્રમાં તે છવાઈ ગયો હતો. ૨૦૨૦ તૈઈશ', ૨૦૨૧માંહસીન દિલરૂબા', ૨૦૨૨માં તારા વર્સેસ બિલાલ', ૨૦૨૪માં ડાંગે, સાવી અને મિરાન્ડા બ્રધર્સ જેવી હિન્દી ફિલ્મો રિલીઝ થઈ હતી. તેમાંહસીન દિલરૂબા'માં તાપસી પન્નુ હતી. 'સાવી'માં તેની સાથે દિવ્યા ખોસલા અને અનિલ કપૂર જેવાં કલાકારો હતાં. તેની આગામી ફિલ્મ 'એક દિવાને કી દિવાનિયત'માં તે મુખ્ય ભૂમિકામાં છે અને તેની હીરોઈન સોનમ બાજવા છે. આ ફિલ્મનું ટ્રેલર રિલીઝ થયું ત્યારથી જ તેણે ઉત્કંઠા જગાવી છે.ફિલ્મમાં નામ પ્રમાણે જ આ એક 'લવસ્ટોરી' છે.હિન્દી ફિલ્મનાં ચીલાચાલુ અભિનેતા કરતાં અલગ જ છાપ ધરાવતો હર્ષવર્ધન રાણે દક્ષિણના અભિનેતાઓ જેવો 'રફ-ટફ' દેખાય છે અને તેને એ પ્રકારની ફિલ્મો જ મળી રહી છે. આજે ૪૧મે વર્ષે હર્ષવર્ધન પોતાનું અલગ જ સ્થાન ઊભું કરી શક્યો છે૧૧થી ૧૭ ઓક્ટોબર જૂની સિરીઝ આકર્ષણનું કેન્દ્ર રહેશે

ઓસ્ટ્રેલિયા સામે ભારત ત્રણ વન ડે અને પાંચ ટી-૨૦ મેચ રમવાનું છે. વન-ડેની વિશેષતા એ છે કે તમને રોહિત શર્મા અને વિરાટ કોહલીને ફરી પેડ બાંધીને મેદાનમાં ઉતરતા જોઈ શકશો અને કદાચ આ બંને દિગ્ગજ ક્રિકેટરોની આ છેલ્લી સિરીઝ હોવાની શક્યતા છે. જો કે, ઓસ્ટ્રેલિયા સામેની વન-ડે સિરીઝની શરૂઆત ૧૯ ઓક્ટોબરથી થવાની છે, તે દરમિયાન આપણે ઓટીટી પર રજૂ થનારી સિરીઝ અને ફિલ્મો વિશે માહિતી મેળવીએ. આવતા અઠવાડિયાથી દિવાળીના તહેવારો શરૂ થશે. એટલે ૧૮ થી શરૂ થનારા નવા અઠવાડિયા દરમિયાન નવી-નવી ફિલ્મો અને સિરીઝોનું પ્રસારણ શરૂ થશે, પણ હાલમાં કઈ ચેનલ પર કઈ ફિલ્મ કે સિરીઝટ્રેન્ડ કરી રહી છે તે આપણે જાણી લઈએપ અમેઝોન પ્રાઈમઃ અનુષ્કા શેટ્ટી, વિક્રમ પ્રભુ, રામ્યાકૃષ્ણન અને જગત્પતિ બાબુ અભિનીત આ ફિલ્મનું પ્રસારણ શરૂ થયું છે અને બોક્સ ઓફિસ પર નિષ્ફળ ગયેલી 'ઘાટી' ફિલ્મ ઓટીટી પર લોકોને આકર્ષી રહી છે.

ડિટેક્ટીવ બ્યોમકેશ બક્ષીઃ સુશાંતસિંહ રાજપૂત, દિવ્યા મેનન, આનંદ તિવારી અને સ્વસ્તિકા મુખર્જીની આ ફિલ્મ પણ લોકો રસથી જોઈ રહ્યા છે.જિયો હોટસ્ટારઃ અહી અત્યારે અસુર, સ્પેશ્યલ ઓપ્સ, સ્પેશ્યલ ઓફ્સ સિઝન ટુ અને ક્રિમિનલ જસ્ટિસ લોકોના આકર્ષણનું કેન્દ્ર બની છે.

ઝી-ફાઈવઃ ઝી-ફાઈવ પર ક્રાઈમ બીટનું પુનરાગમન થયું છે, સાથે જ જનાવર અને જારણ જોવાનું પણ લોકો પસંદ કરી રહ્યા છે.ડિઝની હોટસ્ટારઃ અજય દેવગણ, રાશી ખન્ના, અતુલ કુલકર્ણી અને આશિષ વિદ્યાર્થી અભિનીત 'દ્વાઃ ધ એજ ઓફ ડાર્કનેસ'માં લોકોને રસ પડી રહ્યો છે. એમ એક્સઃ આ ઓટીટી ચેનલ પર રક્તાંચલ-સીઝન ટુ, સિક્સર, ગોલ્ડન બોય અનેરાઈઝ એન્ડ ફોલ' તરફ દર્શકો આકર્ષાયા છે.

# પહેલાં કોઈ પણ પરિસ્થિતિમાં હું બહુ જ જલદી પ્રતિસાદ આપી દેતી હતી : અનુશ્કા

## અનુશ્કા શર્માએ કહ્યું તેની આ આ આદતથી વિરાટ અને તેની લાઇફ કઇ રીતે બદલાઇ



કોઈ પણ પ્રતિસાદ આપી દેતી હતી. હવે હું ધીરે ધીરે રીએક્ટ કરવાને બદલે આરામથી જવાબ આપવાનું શીખી રહી છું. મારા જીવનમાં એ આદતમાં ફરક પડ્યો છે...''તાજેતરમાં અનુશ્કા શર્મા અને વિરાટ કોહલી એક સ્પોર્ટ્સ બ્રાન્ડની ઈવેન્ટમાં હાજર રહ્યાં હતાં, જેમાં કે તેના આ દૃષ્ટિકોણથી તેનાં અને વિરાટનાં જીવનમાં ઘણા પરિવર્તન આવ્યા છે.

તેણે વિરાટને પણ પૂછ્યું કે મારી જિંદગી તો બદલાઈ, પણ તારી..? અનુશ્કાએ આગળ કહ્યું, ''ઘણી વખત બોલર્સ એટલા ખુશ નથી થતા, જેટલો વિરાટ થતો હોય છે..'' અનુશ્કા શર્મા અને વિરાટ કોહલીના જીવનમાં આધ્યાત્મિકતા ઉમેરાવાથી તેમનાં જીવનમાં શાંતિ આવી છે. આ અંગે એક ઈન્ટરવ્યુમાં આધ્યાત્મિક વક્તા જયા કિશોરીએ કહ્યું હતું કે, ''સરવાળે, જ્યારે કોઈ સફળ વ્યક્તિ આધ્યાત્મિક માર્ગે જાય છે, ત્યારે જ તેને સફળતા સાથે શાંતિ પણ મળે છે. તેમની પાસે બધું જ હતું—કામ, પૈસા, ઘર—પણ તેમના જીવનમાં એ શાંતિની કમી હતી, જે તેમને શાંતિના રસ્તે લઇ ગઇ. તેમની પાસે હજુ પણ એ બધું જ છે, પરંતુ હવે તેમની પાસે શાંતિ પણ છે. ઘણી વખતે તેઓ માનસિક રીતે અસ્વસ્થ થઈ જતા હોય છે, તેથી તેઓ ઈશ્વરની નજીક આવે છે. ક્યારેક કામમાં તેઓ સારું પ્રદર્શન કરી રહ્યાં હોય, ક્યારેક નહી. તેમને લાગે છે કે તેમનું જીવન પરફેક્ટ નથી. પરંતુ જ્યારે આવા સમૃદ્ધ લોકો બધું જ હોવા છતાં આધ્યાત્મિકતા તરફ જાય તે દુનિયાને એક એક મોટો પાઠ શીખવે છે. તેમણે કશું જ છોડ્યું નથી—ન તેમનું ઘર, નહી તેમનું કામ, નહી તેમનો પરિવાર. તેમણે સંતુલન મેળવી લીધું છે, તે આધ્યાત્મિકતાથી આવે છે. તેને સંપુર્ણ જીવન કહેવાય છે.''



# પ્રિયંકાએ કરવાચોથની મહેંદીમાં નિક જોનાસનું નામ લખાવ્યું

પ્રિયંકા ચોપરાએ કરવાચોથની તૈયારીઓ શરૂ કરી દીધી છે, તે દર વર્ષે પતિ માટે વ્રત રાખે છે. હાલ તે ફિલ્મના શૂટિંગના કારણે ભારત અને યૂએસ વચ્ચે પોતાનો સમય વેંચી રહી છે, તે પોતાની દરેક સફરની ઝલક સોશિયલ મીડિયા પર બતાવતી રહે છે, ત્યારે તેણે કરવાચોથની તૈયારીની પણ તસવીરો શેર કરી છે.

પ્રિયંકાએ કરવાચોથ નિમિત્તે હાથમાં મહેંદી મુકાવી છે, જે બિલકુલ બારીક અને નાની નાની ડિઝાઇન સાથે મુકાઈ હોવા છતાં તેણે પરંપરા નિભાવી તેથી સોશિયલ મીડિયામાં તેના વખાણ થઈ રહ્યા છે. તેમાં પણ ખાસ તો તેણે પોતાની મહેંદીમાં હિન્દી ભાષામાં નિક જોનાસનું નામ લખાવ્યું છે, જેણે બધાનું ધ્યાન ખેંચ્યું હતું. પ્રિયંકા દર વર્ષે યૂએસમાં પોતાના પરિવાર સાથે કરવાચોથ ઉજવે છે, છતાં તે વિદેશમાં પણ પોતાની પરંપરા અને રીવાજો નીભાવવાનું ચૂકતી નથી.

ખાસ તો આ વખતે પ્રિયંકાની દિકરી માલતી મેરી ચોપરા જોનાસે પણ ઉજવણીમાં સાથે આપીને હાથમાં મહેંદી મુકાવી છે. પોતાની ત્રણ વર્ષની દિકરીના નાના નાના મહેંદીવાળા હાથનો ફોટો પણ પ્રિયંકાએ શેર કર્યો હતો.

થોડાં વખત પહેલાં એક પોડકાસ્ટ ઈન્ટરવ્યુમાં પ્રિયંકાએ અલગ ધર્મ છતાં તેનાં અને નિકના આધ્યાત્મિક વિચારો વિશે વાત કરી હતી. પ્રિયંકાએ કહ્યું હતું, ''આધ્યાત્મિક રીતે મારે અને નિકને સારો મેળ આવે છે, અમે બંને એકબીજાની શ્રદ્ધા સાથેના સંબંધો અને લાગણીઓ સમજીએ છીએ. બિલકુલ અમારો બંનેનો ઉછેર અલગ ધર્મમાં થયો છે. હું એવું માનું છું કે સમયાંતરે ધર્મ ઈશ્વર સુધી જવાનો એક નકશો છે, તેથી તમે ગમે તે ધર્મના હોય અને ગમે તેમાં તમારો ઉછેર થયો હોય, આપણે બધા એક ઉપરની શક્તિ તરફ આગળ વધીએ છીએ, અમે બંને આમાં માનીએ છીએ.''

# હિલીની ઝંઝાવાતી સદી, ભારત સામે ઓસી. વિમેન્સનો વિક્રમી વિજય



મંધાના (૮૦), પ્રતિકા (૭૫)ની મદદથી મજબૂત ઈનિંગ્સની મદદથી ભારતે ૩૩૦ રનનો સ્કોર નોંધાવ્યો છતાં પરાજય થયો, ઓસ્ટ્રેલિયા ૪૯ ઓવરમાં ૩૩૧/૭, કેપ્ટન હિલીના ૧૪૨ રન

ઓસ્ટ્રેલિયન વિમેન્સ ટીમની કેપ્ટન એલિસા હિલીની શાનદાર સદીની મદદથી કાંગારૂ મહિલા ટીમે ભારત સામે વિમેન્સ વન-ડેમાં રેકોર્ડ રનચેઝ સાથે વિજય મેળવ્યો હતો. હિલીએ ૧૪૨ રનની લડાયક ઈનિંગ્સ રમતા ઓસ્ટ્રેલિયાએ ભારતનો ૩૩૧ રનનો ટારગેટ એક ઓવર બાકી રાખીને સાત વિકેટે પાર કર્યો હતો. ઓસ્ટ્રેલિયાનો આ મહિલા વન-ડે વર્લ્ડ કપમાં સર્વાધિક રન ચેઝનો રેકોર્ડ રહ્યો છે. પ્લેયર ઓફ ધ મેચ એલિસા હિલીએ ૧૦૭ બોલમાં ૨૧ ચોગ્ગા અને ત્રણ છગ્ગાની મદદથી ૧૪૨ રન ફટકારતાં ઓસ્ટ્રેલિયાને વિજય તરફ દોરી જવામાં મહત્વની ભૂમિકા ભજવી હતી. હિલીએ વિમેન્સ વન-ડેમાં છઠ્ઠી અને કેપ્ટન તરીકે પ્રથમ સદી નોંધાવી હતી. ભારતનો ટુર્નામેન્ટમાં સળંગ બીજો પરાજય રહ્યો છે અને તે પોઈન્ટ ટેબલમાં બે જીત અને બે હાર સાથે ત્રીજા ક્રમે રહ્યું છે.

ભારત અગાઉ ૪૮.૫ ઓવરમાં ૩૩૦ રનમાં ઓલઆઉટ થયું હતું. ઓપનર પ્રતિકા રાવલના ૯૬ બોલમાં ૧૦ ચોગ્ગા અને એક છગ્ગા સાથે ૭૫ રન તથા સ્મૃતિ મંધાનાએ ૬૬ બોલમા નવ ચોગ્ગા તથા ત્રણ છગ્ગા સાથે લડાયક ૮૦ રન ફટકાર્યા હતા. ભારતે બેટિંગમાં મજબૂત દેખાવ કર્યો હતો પરંતુ બોલિંગમાં કંગાળ પ્રદર્શન રહ્યું હતું.

ઓસ્ટ્રેલિયાની સુકાની હિલીને ફોએબે લિચફિલ્ડ (૪૦) તથા એલિસી પેરી (૪૭★)નો સાથ મળ્યો હતો. પેરી રિટાયર્ડ હર્ટ થયા બાદ ફરી બેટિંગમાં ઉતરી હતી અને બાદમાં ઓસ્ટ્રેલિયાને જીત તરફ દોરી ગઈ હતી. એશ્લેગ ગાર્ડનરે ૪૫ રનનું યોગદાન આપ્યું હતું. એક તબક્કે ઓસ્ટ્રેલિયાનો સ્કોર ત્રણ વિકેટે ૨૬૫ હતો પરંતુ બાદમાં સાત વિકેટે ૩૦૩ થઈ ગયો હતો. પેરી ફરી બેટિંગમાં ઉતરતા તે ભારતની જીતનો કોળિયો છીનવી ગઈ હતી. ભારત તરફથી શ્રી ચરણીએ ત્રણ, દીપ્તિ અને અમનજોતે બે-બે વિકેટ ઝડપી હતી.

ભારતને પ્રથમ બેટિંગનું નિમંત્રણ મળતા મંધાના અને પ્રતિકાએ પ્રથમ વિકેટ માટે ૧૫૫ રન જોડ્યા હતા. હરલીન ૩૮, જેમિમાહે ૩૩ અને રિચાએ ૩૨ રન ફટકાર્યા હતા. ઓસ્ટ્રેલિયા વતી એનાબેલ સધરલેન્ડે પાંચ વિકેટ ઝડપી હતી. સોફી મોલિન્યુએ ત્રણ વિકેટ ખેરવી હતી.ભારતની સ્ટાર બેટર સ્મૃતિ મંધાનાએ ઓસ્ટ્રેલિયા સામેની વિમેન્સ વર્લ્ડ કપ વન-ડેમાં ૮૦ રનની ઈનિંગ્સ રમી હતી. ૨૯ વર્ષીય મંધાનાએ આ સાથે જ મહિલા વન-ડેમાં ઝડપી ૫૦૦૦ રન કરનાર ખેલાડીની સાથે સૌથી યુવા બેટર બનવાની બેવડી સિદ્ધિ હાંસલ કરી હતી. મંધાનાએ ૧૧૨ ઈનિંગ્સમાં ૫૦૦૦ રનનો માઈલસ્ટોન પાર કર્યો છે.

# ફોલોઓન બાદ વિન્ડિઝનો પ્રતિકાર, ભારતની જીત વધુ એક દિવસ ટળી

## ભારત સામેની બીજી ટેસ્ટમાં વિન્ડીઝ ૨૪૮, બીજા દાવમાં ૨/૧૭૩, કેમ્પબેલ-હોપ ઝળક્યા





ઓપનર જહોન કેમ્પબેલ અને અનુભવી શાઈ હોપે મળીને વળતી લડત આપતાં પ્રવાસી વેસ્ટ ઈન્ડિઝે અપેક્ષા કરતાં વિરુદ્ધ રમત દાખવીને અહીં રમાતી બીજી ક્રિકેટ ટેસ્ટ ચોથા દિવસ પર લઈ જવામાં સફળતા હાંસલ કરી હતી કેમ કે ભારત સામે ફોલોઓન થયા બાદ વેસ્ટ ઈન્ડિઝે આ બંનેની મજબૂત અને મક્કમ બેટિંગની મદદથી બીજી ઈનિંગ્સમાં વળતો પ્રતિકાર કર્યો હતો.

અહીંના અરૂણ જેટલી સ્ટેડિયમ ખાતે રમાતી મેચના ત્રીજા દિવસે સવારે વેસ્ટ ઈન્ડિઝે ચાર વિકેટે ૧૪૦ રનના સ્કોરથી તેની પ્રથમ ઈનિંગ્સ આગળ ધપાવી હતી. તે વખતે પણ તેના પૂંછડિયા બેટર્સે લડત આપીને સ્કોર ૨૪૮ સુધી પહોંચાડ્યો હતો પરંતુ ભારતનો ૫૧૮ રનનો સ્કોર ઘણો તોતિંગ પુરવાર થયો હતો. ભારતે ૨૭૦ રનની સરસાઈ હાંસલ કરીને પ્રવાસી ટીમને ફોલોઓન કર્યું હતું.

જોકે ફોલોઓન બાદ વેસ્ટ ઈન્ડિઝે વળતો પ્રહાર કરીને ત્રીજા દિવસની રમતના અંત સુધીમાં બે વિકેટે ૧૭૩ રન કરી દીધા હતા. આમ વેસ્ટ ઈન્ડિઝ હાલમાં ૯૭ રન પાછળ છે અને તેની આઠ વિકેટ જમા છે અને તેમાં ય કેમ્પબેલ અને હોપ જે રીતે રમી રહ્યા છે તે જોતાં તેઓ ભારતને બીજી વાર બેટિંગમાં લાવવાનો પ્રયાસ કરી શકે છે.

ત્રીજા દિવસની રમતને અંતે જહોન કેમ્પબેલ ૮૭ અને શાઈ હોપ ૬૬ રન સાથે રમતમાં હતા. કેમ્પબેલે ટીમને શાનદાર શરૂઆત અપાવી હતી. ભારતે બીજી ઈનિંગ્સમાં મોહમ્મદ સિરાઝની સાથે સ્પિનર રવીન્દ્ર જાડેજાથી બોલિંગનો પ્રારંભ કરાવ્યો હતો અને થોડી જ વારમાં ઓફ સ્પિનર વોશિંગ્ટન સુંદરને બોલિંગમાં લાવી દીધો હતો પરંતુ પ્રવાસી ટીમે મક્કમ પ્રતિકાર કરીને વિકેટ આપી ન હતી. ઓપનર ટૅગેનારાયણ ચંદ્રપૌલ માત્ર દસ રન કરી શક્યો હતો તો અલિક અથાનાઝે સાત રનના અંગત સ્કોરે આઉટ થયો હતો. ૩૫ રનમાં બે વિકેટ ગુમાવ્યા બાદ કેમ્પબેલ અને હોપ ક્રિઝ પર ભેગા થયા હતા. બંનેએ દિવસના અંત સુધીમાં ૩૫ ઓવર સુધી સાથે બેટિંગ કરીને ત્રીજી વિકેટ માટે ૧૩૮ રનની ભાગીદારી નોંધાવી હતી. કેમ્પબેલે ૧૪૫ બોલમાં નવ ચોગ્ગા અને બે સિક્સર સાથે ૮૭ રન ફટકાર્યા હતા. આમ સોમવારે સવારે તે પોતાની સદી નોંધાવવાનો પ્રયાસ કરશે જેના માટે તેને ૧૩ રનની જરૂર છે. શાઈ હોપે પણ આકર્ષક બેટિંગ કરી હતી અને ૧૦૩ બોલમાં ૬૬ રન ફટકાર્યા હતા જેમાં આઠ ચોગ્ગા અને બે સિક્સરનો સમાવેશ થતો હતો. અગાઉ વેસ્ટ ઈન્ડિઝે બે વિકેટે ૧૪૦ રનના સ્કોરથી તેની પ્રથમ ઈનિંગ્સ આગળ ધપાવી ત્યારે પણ હોપ રમી રહ્યો હતો. તે ૨૧ રન પર હતો પરંતુ ૫૭ બોલમાં ૩૬ રન ફટકારીને કુલદીપ યાદવનો શિકાર બન્યો હતો. ભારત માટે કુલદીપ યાદવ પ્રથમ ઈનિંગ્સમાં સૌથી સફળ બોલર રહ્યો હતો. તેણે પોતાની ૧૫ ટેસ્ટની કારકિર્દીમાં પાંચમી વાર ઈનિંગ્સમાં પાંચ વિકેટ ઝડપવાની સિદ્ધિ હાંસલ કરતાં રવિવારે ૮૨ રન આપીને પાંચ વિકેટ ખેરવી હતી તો રવીન્દ્ર જાડેજાએ ત્રણ વિકેટ લીધી હતી. બુમરાહ અને સિરાઝને ફાળે એક એક વિકેટ આવી હતી.જોકે આ દરમિયાન વેસ્ટ ઈન્ડિઝના ખેરી પિયરેએ ૨૩, એન્ડરસન ફિલિપે ૨૪ અને જેયડન સિએલ્સે ૧૩ રન ફટકારીને ટીમને ૨૪૮ રન સુધી પહોંચાડી હતી.

# ટેનિસ પ્રીમિયર લીગમાં શ્રીરામ અને રિત્વિક મોંઘા ભાવે ખરીદાયા



ટેનિસ પ્રીમિયર લીગ (TPL)ની નવમી સિઝન માટેની મેગા હરાજીમાં ટેનિસ દિગ્ગજ લિએન્ડર પેસ, સાનિયા મિર્ઝા અને મહેશ ભૂપતિ ઉપરાંત લીગના સહ-સ્થાપક કુણાલ ઠાકુર અને મૃણાલ જૈન હાજર રહ્યા હતા. ડિસેમ્બરમાં અમદાવાદના ગુજરાત યુનિવર્સિટી ટેનિસ સ્ટેડિયમ ખાતે યોજાનારી આ ઐતિહાસિક સિઝન અગાઉ ફ્રેન્ચાઈઝીઓએ તેમની ટીમો સજ્જ કરવા અને તેની રચના કરવા માટે ગુરુવારે સ્પર્ધા કરી હતી. જેને કારણે હરાજીમાં મોટી બોલી લાગી હતી.


ભારતીય ટેનિસના દિગ્ગજ રોહન બોપન્નાની આગેવાની હેઠળના જીએ પાઈપર્સ બેંગલુરુએ ભારતના બીજા ક્રમના સિંગલ્સ ખેલાડી શ્રીવલ્લી ભામિદીપતિને ૮.૬૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. શ્રીવલ્લી હાલમાં ઉત્તમ ફોર્મમાં છે અને તાજેતરમાં જ ભારત માટે બિલી જીન કિંગ કપ એશિયા/ઓસેનિયા ગ્રૂપ ૧ જીત્યો હતો. ટીમે ૩૦ વર્ષીય રામકુમાર રામનાથનને ૭.૨૦ લાખ રૂપિયામાં ખરીદ્યો હતો. આમ ટીમમાં અનુભવી ખેલાડીઓ અને ઉભરતી પ્રતિભાઓનું મિશ્રણ થયું છે.આર્થર રેન્ડરનેક (વિશ્વ ક્રમાંક ૫૪) ની આગેવાની હેઠળના ડિફેન્ડિંગ ચેમ્પિયન હૈદરાબાદ સ્ટ્રાઈકર્સે ફ્રેન્ચ યુવા કેરોલ મોનેટ (વિશ્વ ક્રમાંક ૨૦૫) ને ૧૦.૬૦ લાખમાં ખરીદવા માટે જોરદાર બોલી લગાવી હતી. તેઓ ગઈ સિઝનના તેમના ડબલ્સ સ્ટાર વિષ્ણુ વર્ધનને પણ છ લાખમાં પરત લાવ્યા હતા. વિશ્વમાં ૫૮મા ક્રમના ટોમસ માર્ટિન એચેવરીની આગેવાની હેઠળની જીએસ દિલ્હી એસિસે ગુજરાત પેન્થર્સ અને હૈદરાબાદ સ્ટ્રાઈકર્સ સામેની કઠીન બોલી લગાવ્યા પછી બેલ્જિયમની સોફિયા કોસ્ટોઉલાસ (વિશ્વમાં ૧૬૮મી ક્રમાંકિત)ને ૧૧ લાખ રૂપિયામાં હસ્તગત કરી હતી.ફ્રેન્ચાઈઝીએ ડબલ્સ નિષ્ણાત જીવન નેદુન્ચેઝિયન (છ લાખ)ને પણ પોતાની ટીમમાં સામેલ કર્યો હતો જેનાથી તેમની સિંગલ્સ અને ડબલ્સ ટીમો મજબૂત થઈ ગઈ હતી. કોરેન્ટિન મૌટેટ (વર્લ્ડ રેન્કિંગ ૩૮) ની આગેવાની હેઠળ ગુડગાંવ ગ્રાન્ડ સ્લેમર્સે અનુભવી સિંગલ્સ ખેલાડી નુરિયા પેરિસાસ ડિયાઝને છ લાખમાં ખરીદી હતી. તે હાલમાં કારકિર્દીના સર્વોચ્ચ ૪૫મા ક્રમે છે. હરાજીના દિવસનું મુખ્ય આકર્ષણ શ્રીરામ બાલાજી (ડબલ્સમાં ૭૮મા ક્રમે) ને ૧૨ લાખ રૂપિયામાં ખરીદવામાં આવ્યો હતો.

# ભારત સામેની ટી૨૦ સિરીઝમાં પુનરાગમન કરવા મેક્સવેલ આશાવાદી

ઓસ્ટ્રેલિયાનો ઓલરાઉન્ડર ગ્લેન મેક્સવેલ આ મહિને પ્રવાસી ભારત સામે રમાનારી ટી૨૦ ક્રિકેટ મેચની સિરીઝમાં પુનરાગમન કરવા અંગે આશાવાદી છે. ગ્લેન મેક્સવેલે તેના જમણા હાથના કાંડાની સર્જરી કરાવી હતી અને કેટલાક સમયથી તે ટીમની બહાર છે.

ભારતીય ટીમ આવતા સપ્તાહે ઓસ્ટ્રેલિયાનો પ્રવાસ કરનારી છે જેમાં ત્રણ વન-ડે અને પાંચ ટી૨૦ મેચની સિરીઝ રમાશે. ૧૯મી ઓક્ટોબરથી ત્રણ મેચની વન-ડે સિરીઝ રમાયા બાદ બંને ટીમ ૨૯મીથી પાંચ મેચની ટી૨૦ સિરીઝમાં આમને સામને થશે. મેક્સવેલને આ સિરીઝની છેલ્લી કેટલીક મેચ અગાઉ પુનરાગમન કરવાની અપેક્ષા છે.

૩૬ વર્ષીય મેક્સવેલ ગયા મહિને ઓસ્ટ્રેલિયા માટે ટી૨૦ રમવા ન્યૂઝીલેન્ડ ગયો હતો પરંતુ મેચ શરૂ થાય તે અગાઉ પ્રેક્ટિસ દરમિયાન તેના સાથી ખેલાડી મિચેલ ઓવને ફટકારેલા શોટમાં તેના હાથે ઈજા થઈ હતી. આમ તે એક પણ મેચ રમ્યા વિના જ વતન પરત ફરી ગયો હતો. આગામી બિગ બેશમાં તે મેલબોર્નની ટીમ માટે રમવાનો છે. ટીમની કિટના લોંચિંગ પ્રસંગે મેકસવેલે જણાવ્યું હતું કે ગયા સપ્તાહે હાથની સર્જરી કરાવ્યા બાદ ભારત સામેની ટી૨૦ સિરીઝની કેટલીક મેચમાં રમવાની મને આશા જાગી છે. ત્યાં સુધીમાં હું ફિટ થઈ ગયો હોઈશ.



# બીજી વન-ડેમાં અફઘાનિસ્તાને બાંગ્લાદેશને ૮૧ રને હરાવ્યું

## સિરીઝ પોતાના નામે કરી; ઇબ્રાહિમ ઝદરાને ૯૫ રન બનાવ્યા, રાશિદે ૫ વિકેટ ઝડપી

શનિવારે અબુધાબીમાં રમાયેલી બીજી મેચમાં, અફઘાનિસ્તાને ટૉસ જીતીને પ્રથમ બેટિંગ કરવાનો નિર્ણય લીધો. ટીમે ૪૪.૫ ઓવરમાં ૧૯૦ રન બનાવ્યા. જવાબમાં બાંગ્લાદેશ ૨૮.૩ ઓવરમાં ૧૦૯ રન બનાવીને ઓલઆઉટ થઈ ગયું. અફઘાનિસ્તાનના ઓપનર ઈબ્રાહિમ ઝદરાને ૯૫ રન બનાવ્યા અને તેને પ્લેયર ઓફ ધ મેચ જાહેર કરવામાં આવ્યો. સિરીઝની ત્રીજી અને અંતિમ મેચ ૧૪ ઓક્ટોબરે અબુધાબીમાં રમાશે.પ્રથમ બેટિંગ કરતા, અફઘાનિસ્તાનની શરૂઆત ધીમી રહી, પરંતુ ઓપનર ઈબ્રાહિમ ઝદરાને બાજી સંભાળી. તેણે ૧૪૦ બોલમાં શાનદાર ૯૫ રન બનાવ્યા. મોહમ્મદ નબી અને એએમ ગઝનફરે ૨૨-૨૨ રનનું યોગદાન આપ્યું. જોકે, બાકીના બેટર્સ ખાસ પ્રદર્શન કરવામાં નિષ્ફળ ગયા, અને ટીમ ૪૪.૫ ઓવરમાં ૧૯૦ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.



# વુમન્સ વન-ડે વર્લ્ડ કપમાં ઇંગ્લેન્ડની ત્રીજી જીતઃશ્રીલંકાને ૮૯ રનથી હરાવ્યું

## કેપ્ટન સીવર-બ્રન્ટે સદી ફટકારી; એક્લેસ્ટને ૪ વિકેટ લીધી

મહિલા વન-ડે વર્લ્ડ કપમાં ઈંગ્લેન્ડે સતત ત્રીજી જીત મેળવી. શનિવારે, ટીમે શ્રીલંકાને ૮૯ રનથી હરાવ્યું. શ્રીલંકાએ કોલંબોના આર. પ્રેમદાસા સ્ટેડિયમ ખાતે બોલિંગ કરવાનો નિર્ણય લીધો. ઈંગ્લેન્ડે નવ વિકેટ ગુમાવીને ૨૫૩ રન બનાવ્યા. જવાબમાં, શ્રીલંકાની મહિલા ટીમ ૧૬૪ રનમાં ઓલઆઉટ થઈ ગઈ.



ઈંગ્લેન્ડની કેપ્ટન નતાલી સાયવર-બ્રન્ટે સદી ફટકારી અને તેની બોલિંગથી બે વિકેટ લીધી. આ પ્રદર્શન માટે, તેને પ્લેયર ઓફ ધ મેચનો એવોર્ડ મળ્યો. ડાબોડી સ્પિનર ??સોફી એક્લેસ્ટોને ચાર વિકેટ લીધી. ઈંગ્લેન્ડે મહિલા ટુર્નામેન્ટમાં સાઉથ આફ્રિકા અને બાંગ્લાદેશને પણ હરાવ્યું છે.

ટૉસ હારી પહેલા બેટિંગ કરતા ઈંગ્લેન્ડની ટીમ વિકેટકીપર એમી જોન્સના ૧૧ રન બાદ રનઆઉટ થઈ ગઈ હતી. ત્યારબાદ ટેમી બ્યુમોન્ટે ઈનિંગ્સને સ્થિર કરી, પરંતુ તે ૩૨ રન બનાવીને આઉટ થઈ ગઈ. ટીમે ૪૯ રનમાં બે વિકેટ ગુમાવી દીધી. ત્યારબાદ ભૂતપૂર્વ કેપ્ટન હીથર નાઈટે ૨૯ રન બનાવીને ટીમને ૧૦૦ રનનો આંકડો પાર કરવામાં મદદ કરી.

ત્યારબાદ કેપ્ટન નેટ સાયવર-બ્રન્ટ સોફિયા ડંકલી સાથે ઈનિંગમાં જોડાઈ. ડંકલી ૧૮ રન બનાવીને આઉટ થઈ. ત્યારબાદ સાયવર-બ્રન્ટે એમ્મા લમ્બ સાથે મળીને ટીમનો સ્કોર ૧૫૦ થી વધુ કર્યો. નેટ વન-ડેમાં ૨૮ છગ્ગા ફટકારી, જે મહિલા વન-ડેમાં ઈંગ્લેન્ડ માટે સૌથી વધુ છગ્ગા મારનાર ખેલાડી બની. તેએ ડેની વ્યાટ-હોજનો રેકોર્ડ તોડ્યો, જેણે ૨૭ છગ્ગા ફટકાર્યા હતા.

# એશિયન એક્વેટિક ચેમ્પિયનશિપના અંતિમ દિવસે ચીને ડબલ ગોલ્ડ જીત્યો

શહેરના વીર સાવરકર સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ ખાતે યોજાયેલી ૧૧મી એશિયન એક્વેટિક્સ ચેમ્પિયનશિપ શાનદાર રીતે પૂર્ણ થઈ હતી. જેમાં વોટરપોલો ઈવેન્ટના અંતિમ દિવસે ચીને પોતાનું વર્ચસ્વ જાળવી રાખ્યું હતું. મેન્સ અને વિમેન્સ એમ બંને કેટેગરીમાં ચીને ગોલ્ડ મેડલ જીત્યાં હતાં.



ચીનની વિમેન્સ ટીમે ફાઈનલમાં જાપાનને ૨૨-૧૭થી હરાવ્યું જ્યારે મેન્સ ટીમે નિયત સમયમાં તણાવપૂર્ણ ડ્રો બાદ સડન ડેથમાં ઈરાનને ૧૬-૧૫ (૫-૪)થી હરાવ્યું હતું. દરમિયાન ભારતીય મહિલા ટીમ તેમના ક્લાસિફિકેશન મેચમાં હોંગકોંગ સામે ૧૧-૧૮થી હારી જવા છતાં એકંદરે આઠમા સ્થાને રહી હતી અને ૨૦૨૬ની એશિયન ગેમ્સ માટે ક્વોલિફાઈથઈ ગઈ હતી. અંતિમ દિવસે ઉત્સાહી ભીડ તેમજ બોલિવુડ અભિનેતા અક્ષય કુમાર અને યુવા આઈકોન લક્ષ્ય લાલવાનીની ખાસ હાજરી જોવા મળી હતી. જેમણે રમતવીરોને ઉત્સાહિત કર્યા અને એશિયન એક્વેટિક ગેમ્સની ભાવનાની ઉજવણી કરી હતી.

વિમેન્સ કેટેગરીની ફાઈનલમાં ચીને જાપાનને ૨૨-૧૭ થી હરાવીને ટોચનું સ્થાન મેળવ્યું હતું. ઝાંગ કિશુઓએ સાત ગોલ સાથે ટીમનું નેતૃત્વ કર્યું હતું તો વાંગ ઝુઆન (૪) અને લી લિન્યુન (૩) એ પણ ગોલ કર્યા હતા. કેપ્ટન સુન યટિંગ અને યાન જિંગે બે-બે ગોલ કર્યા હતા જ્યારે લી પેઈયાંગ, શી જિંગજિયારોંગ, ગુઓ ચેંગહોંગ અને ઝુ યાજિંગે એક-એક ગોલ કર્યો હતો. જાપાન માટે કોબાયાશી માહોએ સૌથી વધુ છ ગોલ કર્યા, ત્યારબાદ કેપ્ટન ફુકુડા શોકા (૪), લોરે નીના, સોબાજીમા સાકુરા અને સાન્ડા યુમેકા (૨-૨) નો ક્રમ આવ્યો, જ્યારે બાન્ડો રીકોએ એક ગોલ ઉમેર્યો હતો.

મેન્સ કેટેગરીની ફાઈનલમાં ચીને ઈરાન પર ૧૬-૧૫ થી રોમાંચક વિજય સાથે ગોલ્ડ મેડલ જીત્યો હતો જેનો નિર્ણય ખૂબ જ સ્પર્ધાત્મક મેચ પછી પેનલ્ટી શૂટઆઉટ (૫-૪) દ્વારા કરવામાં આવ્યો હતો. ચીન માટે કેપ્ટન ચેન યિમિન અને ચુ ચેન્ધાઓએ બે-બે ગોલ કર્યા હતા તો યુ લિજુન, ઝાંગ જિનપેંગ, વાંગ બેઈ, લુ યી, યાંગ શાંગલીન, કાઈ યુહાઓ અને ઝુ ગેંગમિને એક-એક ગોલ કર્યો. ઈરાન માટે, શમ્સ અરમાને પ્રભાવશાળી પાંચ ગોલ કર્યા, જ્યારે અઘાઈ કરીમ ઓમિદ અને ઘાવીદેલહાજીઆઘા અમીને બે-બે ગોલ કર્યા, અને મેહરિકોનશહરી અલીરેઝા અને આદમ મેરસાદે એક-એક ગોલ કર્યો હતો.



# સુરત ટેક્સટાઇલ પેકેજિંગ એસો.નો દિવાળી મિલન અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમ સંપન્ન

સુરત, તા.૧૩

સુરત ટેક્સટાઇલ પેકેજિંગ એસોસિએશન દ્વારા વેસુ સ્થિત પેવેલિયન રેસ્ટોરન્ટ ખાતે દિવાળી મીટ અને પ્રમાણપત્ર વિતરણ કાર્યક્રમનું આયોજન કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનોનું શાલ અને ગુલદસ્તો આપીને સ્વાગત કરવામાં આવ્યું હતું. મુખ્ય મહેમાનોમાં અશોક ભાઈ જીરાવાલા, ઉપપ્રમુખ, દક્ષિણ ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ નાના લાલ જી રાઠોડ, ખજાનચી, FOSTA રાજન અલી ઝૈદી, સુપ્રિટેન્ડેન્ટ, સેન્ટ્રલ GST અને સેન્ટ્રલ એક્સાઇઝ અપીલ્સ, સુરત ઋષિન રાયકા, એડવોકેટ અને ચેરમેન, વેસ્ટર્ન રેલ્વે સોશિયલ વેલ્ફેર એસોસિએશન, સુરત કિશોર ભાઈ વાઘાણી, પ્રમુખ સામેલ હતા. દક્ષિણ ગુજરાત પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન દેવાંગ ચાયવાલા, સચિવ, દક્ષિણ ગુજરાત પ્લાસ્ટિક મેન્યુફેક્ચરર્સ એસોસિએશન આ કાર્યક્રમમાં, અશોક જીરાવાલા અને રાજન અલી ઝૈદીએ લકી ડ્રો દ્વારા સભ્યોને પ્રથમ, બીજા અને ત્રીજા ક્રમના રોકડ ઈનામોનું વિતરણ કર્યું હતું. અશોક જીરાવાલાએ પર્યાવરણ, સ્વચ્છ સુરત અને મજબૂત સંગઠન બનાવવાના મહત્વ પર ભાર મૂક્યો હતો. નાના લાલ જી રાઠોડે એસોસિએશનને ખાતરી આપી હતી કે FOSTA હંમેશા તેમની સાથે છે. એસોસિએશનના પ્રમુખ વિનોદ જૈને નવા સભ્યો ઉમેરવા અને સંગઠનને મજબૂત બનાવવા માટે હાકલ કરી હતી. કિશોર ભાઈ વાઘાણી, ઋષિન રાયકા અને STPAના મહામંત્રી ઓમપ્રકાશ ગોયલે પણ પોતાના વિચારો રજૂ કર્યા હતા. અશોક જીરાવાલા અને રાજન અલી ઝૈદીએ સુરત ટેક્સટાઇલ પેકેજિંગ એસોસિએશનના નવા સામેલ થયેલા સભ્યોને વ્યક્તિગત રીતે પ્રમાણપત્રોનું વિતરણ કર્યું હતું અને તમામ કારોબારી સભ્યોનું સ્કાર્ફ પહેરાવીને સ્વાગત કર્યું હતું. એસોસિએશને નવા સભ્યો માટે સ્થળ પર ખાસ સુવિધાઓ પૂરી પાડી હતી, જેમાં ફોર્મનો પણ સમાવેશ થતો હતો, જે ખૂબ જ ઉત્સાહી હતા. કાર્યક્રમ આભારવિધિ સાથે સમાપ્ત થયો.

# નવનિર્મિત આરોગ્ય મંદિરોનું લોકાર્પણ કરતા વન મુકેશ પટેલ

## કાર્યક્રમમાં સાંસદ મુકેશભાઈ દલાલની પ્રેરક ઉપસ્થિતિ

સુરત, તા.૧૩

વન,પર્યાવરણ રાજ્યમંત્રીશ્રી મુકેશભાઈ પટેલે ઓલપાડના લવાછા ખાતેથી રૂ.૧.૪૭ કરોડના ખર્ચે નવનિર્મિત ઓલપાડ તાલુકાના લવાછા, મોર અને અણીતા ગામોના ૩ આયુષ્માન આરોગ્ય મંદિરનું લોકાર્પણ કર્યું હતું. આ પ્રસંગે સાંસદશ્રી મુકેશભાઈ દલાલ વિશેષ ઉપસ્થિત રહ્યા હતાં. સાથે જ ઓલપાડમાં સમાવિષ્ટ આડમોર, દાંડી સહિતના ગામોના સરપંચો અને કાર્યકરો સાથે વિવિધ કલ્યાણકારી યોજનાના લાભો અને કામગીરીની સમીક્ષા કરી હતી. આ પ્રસંગે વનમંત્રીશ્રીએ જણાવ્યું કે, લવાછા, મોર અને અણીતામાં આરોગ્ય સેવાઓ ઘરઆંગણે મળી રહેશે, જેથી ગ્રામજનોને તાત્કાલિક સારવાર માટે શહેર સુધી જવું નહી પડે. ગામના લોકોને ગામમાં જ આરોગ્ય સુવિધા મળી રહે એ હેતુથી બનેલા આરોગ્ય મંદિરમાં સગર્ભા અને બાળકોનું નિયમિત રસીકરણ, ઓપીડી, લેબોરેટરી સેવાઓ, સુગર, પ્રેશર, ટીબી, મેલેરિયા, લેપ્રસી જેવા રોગોની તપાસ અને સારવાર, સગર્ભાની તપાસ, આયુષ્માન કાર્ડ તેમજ આભાકાર્ડની સેવાઓ મળી રહેશે. જેથી ગ્રામજનોના સ્વાસ્થ્યની યોગ્ય દરકાર કરી શકાશે. વધુમાં વિવિધ ગામોના સરપંચો સાથે કામગીરીની સમીક્ષા કરતા મંત્રીશ્રીએ જણાવ્યું કે, રાજ્ય સરકાર દ્વારા ગામેગામ લોકોને વિવિધ સહાયલક્ષી યોજનાના લાભો ઘરઆંગણે મળતા ગ્રામજનોની સુવિધા, સુખાકારીમાં વધારો થયો છે અને જીવનશૈલીમાં પરિવર્તન આવ્યું છે. રોડ રસ્તા, વીજળી, શિક્ષણ, આરોગ્ય અને રોજગારી સહિતની માળખાગત સુવિધાઓ મળવાથી ગામનો સામૂહિક વિકાસ થઈ રહ્યો છે અને ગ્રામજનોના આર્થિક સામાજિક સમૃદ્ધિમાં વધારો થઈ રહ્યો છે. આ પ્રસંગે લાભાર્થીઓને મહાનુભાવોના હસ્તે નમોશ્રી યોજના તેમજ ટી.બી નિદર્શન કીટના લાભોની વિતરણ કરાયું હતું. સાથે જ દિવાળી તહેવારને અનુલક્ષીને ગામની બહેનોને સાડી, દિવડા અને મીઠાઈનું વિતરણ કરાયું હતું. મંત્રીશ્રીએ વિવિધ યોજનાઓ લાભાર્થીઓ સાથે આત્મીય સંવાદ કરીને તેમના પ્રતિભાવો જાણ્યા હતા. આ પ્રસંગે તા.પંચાયત પ્રમુખ નીતાબેન પટેલ, ઉપપ્રમુખ કિરણભાઈ પટેલ, અગ્રણીઓ કુલદિપસિંહ ઠાકોર,અશોકભાઈ પટેલ, વિવિધ ગામના સરપંચો, તબીબો, આરોગ્ય વિભાગની ટીમ સહિત સ્વયંસેવકો, સંગઠનના કાર્યકરો સહિત મોટી સંખ્યામાં ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.


# નવી સિવિલ હોસ્પિટલ ખાતે બ્રેઈનડેડ દાદાના અંગદાનથી ત્રણને નવજીવન

## વલસાડ જિલ્લાના કલાઈગામના મિત્તા પરિવારના અંગદાનના માનવતાવાદી અભિગમથી ત્રણને મળશે નવજીવન

સુરત, તા.૧૩

સુરતની નવી સિવિલ હોસ્પિટલમાં ૮૦મું સફળ અંગદાન થયું છે. વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલાઈગામ ખાતે રહેતા મિત્તા પરિવારના બ્રેઈનડેડ દાદાના બે કિડની અને એક લીવર દાન થતા ત્રણ જરૂરિયાતમંદ નવજીવન મળશે.

પ્રાપ્ત વિગતો અનુસાર વલસાડ જિલ્લાના ઉમરગામ તાલુકાના કલાઈગામ ખાતે રહેતા ૭૩ વર્ષીય લક્ષ્મણભાઈ મિત્તા ઘર ઉપર પતરા મુકવા માટે ચઢયા હતાં. ત્યારે ચક્કર આવવાથી પડી ગયા અને બેભાન થઈ ગયાં હતા. જેથી પરિવારજનો દ્વારા ૧૦૮ મારફતે ભીલાડ સ્થિત હોસ્પિટલમાં સારવાર માટે લઈ ગયા હતા. જયાં લક્ષ્મણભાઈને પ્રાથમિક સારવાર આપ્યા બાદ હાલત ગંભીર જણાતા વલસાડ સિવિલ હોસ્પિટલમાં રિફર કરવામાં આવ્યા હતા. લક્ષ્મણભાઈની હાલત વધુ ગંભીર જણાતાતા.૮મી ઓક્ટોબરે વધુ સારવાર અર્થે ૧૦૮ એમ્બ્યુલન્સમાં સુરત નવી સિવિલ હોસ્પિટલના ઈમરજન્સી વોર્ડમાં રિફર કરવામાં આવ્યા હતા. જયાં તબીયત લથડતા ICUમાં શિફ્ટ કરવામાં આવ્યા હતા. જયાં સઘન સારવાર બાદ તા.૧૦મી ઓક્ટોબરના રોડ આર.એમ.ઓ. ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ન્યુરોસર્જન ડો.કેયુર પ્રજાપતિ, ન્યુરોલોજિસ્ટ ડો.જય પટેલે બ્રેઈનડેડ જાહેર કર્યા હતા. મિત્તા પરિવારને સોટોની ટીમના ડો.કેતન નાયક, ડો.નિલેશ કાછડીયા, ગુજરાત નર્સિંગ કાઉન્સીલના ઉપપ્રમુખ ઈકબાલ કડીવાલા, કાઉન્સેલર નિર્મલા કાઠુડે અંગદાનનું મહત્વ સમજાવ્યું. સ્વ. લક્ષ્મણભાઈની દિકરી અને પરીવારના સભ્યોને અંગદાનનું મહત્વ સમજાવતાં દુઃખની ઘડીમાં પણ અંગદાન માટે ભારે હૈયે સંમતિ આપી હતી.



સ્વ.લક્ષ્મણભાઈના દીકરીએ કહ્યું હતું કે, પિતાના મૃત્યુંનુ ખુબજ દુઃખ છે. મારા પિતાના અંગો જે છેલ્લી પળે પણ કોઈને નવું જીવન આપી શકે તો અમે સહમત છીએ. બીજાને દાન મળશે એમાં મારા પિતા જીવીત રહેશે અને અમને યાદ આવશે કે, એ કોઈ જરૂરતમંદ વ્યકિતમાં જીવે છે. આજે બ્રેઈનડેડ સ્વ.લક્ષ્મણભાઈના લીવર અને બે કિડની દાન મેળવી અમદાવાદ આઈકેડી હોસ્પિટલ ખાતે લઈ જવામાં આવ્યા હતા. મેડિકલ સુપ્રિન્ટેન્ડેન્ટ ડો.ધારિત્રી પરમારના માર્ગદર્શન હેઠળ તબીબી અને નર્સિંગ સ્ટાફ, સિકયુરિટી સ્ટાફ, સફાઈ કર્મચારીઓ તેમજ જાગૃત્ત સ્વયંસેવકોએ અંગદાનમાં જહેમત ઉઠાવી હતી. નવી સિવિલ તંત્રના સફળ પ્રયાસોના પરિણામે આજે વધુ એક અંગદાન સાથે ૮૦મું અંગદાન થયું છે.

# સુરતના આંગણે પીએમ ધન ધાન્ય કૃષિ યોજના' કાર્યક્રમનો આરંભ

## કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલના અધ્યક્ષ સ્થાને કાર્યક્રમ યોજાયો

સુરત, તા.૧૩

'GST બચત ઉત્સવ'ના અવસરે વડાપ્રધાનશ્રી નરેન્દ્ર મોદીના હસ્તે રૂ.૪૨ હજાર કરોડથી વધુની ખેડૂતલક્ષી 'પીએમ ધન ધાન્ય કૃષિ યોજના' અને કઠોળ આત્મનિર્ભરતા મિશનનો દિલ્હીથી વર્ચ્યુઅલી ઉદ્ઘાટન અને શિલાન્યાસ કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે વેસુ સ્થિત કૃષિ વિજ્ઞાન કેન્દ્ર ખાતે કેન્દ્રીય જળશક્તિમંત્રી સી.આર. પાટીલ ઉપસ્થિત રહ્યા હતા. 'પીએમ ધન ધાન્ય કૃષિ યોજના' અને 'કઠોળ આત્મનિર્ભરતા મિશન'ના ઉદ્ઘાટન કાર્યક્રમનું જીવંત પ્રસારણ હાજર સૌએ નિહાળ્યું હતું. આ પ્રસંગે કેન્દ્રીય જળશક્તિ મંત્રીએ કૃષિ ઉત્કર્ષના માર્ગે ભારત આગળ વધી રહ્યું છે એમ જણાવતા કહ્યું હતું કે, 'ભારત એ કૃષિ પ્રધાન દેશ તરીકે ઓળખાય છે.'સરકારે ખેડુતોના કલ્યાણ માટે અનેકવિધ યોજનાઓ અમલમાં મુકી છે ત્યારે આજે વધુ યોજનાઓ શરૂ કરવામાં આવી છે. તેઓએ ગર્વપૂર્વક કહ્યું હતું કે, હું પણ એક ખેડૂત છું, અને ખેતી માત્ર વ્યવસાય નથી, પરંતુ જીવનમૂલ્ય છે. ખેતીમાં મહેનત છે, પરંતુ તેની તુલનામાં નોકરી કરતા પણ વધુ સંતોષ મળે છે. વધુમાં તેમણે કહ્યું કે, ખેતીનું ગૌરવ અને સમાજમાં તેની મૂલ્યવત્તા આપણા વડીલો સારી રીતે જાણે છે. ખેતીએ પ્રોપર્ટીથી પણ વધુ મૂલ્યવાન છે. જ્યાં બહેનોનો સહકાર મળ્યો છે ત્યાં ખેતી અને પશુપાલનમાં ઉન્નતિ અને ઉત્પાદનમાં વધારો જોવા મળ્યો છે, એમ જણાવતાં મંત્રીએ કહ્યું કે, બહેનોએ પશુપાલન ક્ષેત્રે અનોખું ગૌરવ અપાવ્યું છે. તેમણે જણાવ્યુ હતું કે, PM કિશાન સન્માન નિધી યોજના હેઠળ ખેડૂતોના ખાતામાં DBT (ડાયરેક્ટ બેનિફિટી ટ્રાન્સફર) દ્વારા વાર્ષિક છ હજારની સીધી સહાય જમા થાય છે. આ ઉપરાંત ખેતીપાકનો યોગ્ય ભાવ મળે તે માટે સરકારે સીધી ખરીદી કરવાની યોજના અમલમાં મૂકી છે. ખેત ઉત્પાદન, ખાતર સબસિડી અને પ્રાકૃતિક ખેતીને વધુ ફાયદાકારક બનાવવાના પ્રયાસો થઈ રહ્યા છે. ખાતરની ખરીદીમાં સરકાર સબસિડીના રૂપે સીધી રાહત આપે છે. રાસાયણિક ખાતર જમીન તેમજ માનવ સ્વાસ્થ્ય માટે હાનિકારક છે, તેથી તેના વિકલ્પ તરફ જવું એ આજના સમયની માંગ છે. પ્રાકૃતિક ખેતીથી મળતા ઉત્પાદનોને બજારમાં વધુ ભાવ મળે છે. આ ઉપરાંત દેશમાં ૩૩ રાજ્યોના ૬૧૧ જિલ્લાઓમાં ૩૨ લાખથી વધુ જળ સંચયના સ્ટ્રકચરો બન્યા છે. પીએમ ધન-ધાન્ય કૃષિ યોજનાથી લાભ ખેડૂતોની આવક વધારવા માટે ૧૦૦ ઓછી ઉત્પાદકતાવાળા જિલ્લાઓનો સર્વાંગી વિકાસ, દરેક ખેતર થશે સિંચિત, દરેક પાક થશે વિવિધ-ખેડૂતો સુધી પહોંચશે સરળ લોન અને સંગ્રહ સુવિધાઓ, તમામ યોજનાઓના એકસાથે જોડાણ થવાથી ખેડૂતોને સીધો લાભ મળશે. કઠોળ આત્મનિર્ભરતા મિશનથી ખેડૂતોને અદ્યતન બિયારણની ઉપલબ્ધતાથી દેશ બનશે દાળ ઉત્પાદનમાં આત્મનિર્ભર. કેન્દ્રીય એજન્સી દ્વારા નોંધાયેલા ખેડૂતો પાસેથી લઘુતમ ટેકાના ભાવે (એમએસપી) ખરીદી. ઉપરાંત સંગ્રહ અને વ્યવસ્થાપન પ્રણાલીની સુધરતા, ખેડૂતોને મળશે પાકનો પૂરો ભાવ અને લાભો મળશે.



# શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ સાંસ્કૃતિક કમિટી દ્વારા રંગોળી સ્પર્ધા

સુરત, તા.૧૩

શ્રી સુરતી મોઢ વણિક સમસ્ત પંચ અને સાંસ્કૃતિક કમિટી દ્વારા દિવાળી તહેવાર તા. ૧૧/૧૦/૨૦૨૫ ને શનિવારના રોજ પાલ વાડી ખાતે રંગોળી સ્પર્ધા નું આયોજન કરવામાં આવ્યું હતું. આ રંગોળી સ્પર્ધામાં ૩૦ જેટલી સમાજની બહેનોએ સ્પર્ધક તરીકે ભાગ લીધો હતો.અને સુંદર રંગોળી દ્વારા પોતાની કલા પ્રસ્તુત કરી હતી. કાર્યક્રમમાં સમસ્તપંચના પ્રમુખ શ ધર્મેશભાઈ તમાકુવાલા, પૂર્વ પ્રમુખ શ્રીવાસભાઈ ઘીવાલા તથા સમસ્તપંચના સર્વ હોદ્દેદારો તથા સાંસ્કૃતિક કમિટીના કન્વીનર અમીષાબેન ગાંધી અને સર્વ કમિટી સભ્યો હાજર રહ્યા હતા. રંગોળી સ્પર્ધામાં પ્રથમ ઝીલ કરણ મોદી, દ્વિતીય જેની પ્રિયાંક માસ્તર તથા તૃતીય ક્રમે કોમલ પરમ રાંદેરી વિજેતા જાહેર થયા હતા તદુપરાંત ભાગ લીધેલ દરેક સ્પર્ધકને આશ્વાસન ઈનામ પણ આપવામાં આવ્યું હતું.

**ટેરિફના તાપથી**
**પહેલા પાનાનું ચાલુ**

સોનુ ૧૯૦૦ રૂપિયાનાં ઉછાળાથી ૧૨૩૩૦૫ હતું ચાંદી ૫૩૦ રૂપિયાના ઉછાળાથી ૧૫૧૭૬૫ હતી.

ચાંદીમાં અછતની હાલત વધુને વધુ વકરી રહી છે. સેન્ટરોમાં અલગ ભાવ છે જ હવે તો દુકાને-દુકાને જુદા ભાવ બોલાય છે. રાજકોટમાં જ આજે ૧.૭૩ લાખથી ૧.૮૧ લાખ સુધીના જુદા જુદા ભાવો બોલાતા હતા.

એક વેપારીએ કહ્યું કે, સતાવાર ભાવ ૧.૭૩ લાખ હતા પરંતુ તે ભાવે મળવુ મુશ્કેલ હતું. કોમોડીટી એકસચેંજનાં ભાવ સાથે સરખામણી કરવામાં આવે તો ભાવ તફાવત ૨૨૦૦૦ થી ૩૦,૦૦૦ સુધી પહોંચ્યો હતો સમગ્ર વેપારી વર્ગ ડઘાઈ ગયો છે.

**કોલ્ડરીફ કફ**
**પહેલા પાનાનું ચાલુ**

ટેસ્ટ ફરજીયાત બનાવી દીધા છે. જેમાં કાચામાલ અને તૈયાર કફ સીરપ બન્નેનું પરિક્ષણ ફરજીયાત દરેક બેચ માટે થશે. અગાઉ ફરી કાચા માલનું જ ટેસ્ટીંગ થતું હતું.

**કફ**
**પહેલા પાનાનું ચાલુ**

રહ્યો હતો. દરોડા દરમિયાન, અનેક સ્થળોએથી નાર્કોટિક ડ્રગ્સ સંબંધિત રેકોર્ડ જપ્ત કરવામાં આવ્યા હતા. ઘણી કંપનીઓ બંધ મળી આવી હતી. સીતાપુરમાં એક મેડિકલ સ્ટોર સીલ કરવામાં આવ્યો હતો.

૧૦ મોટી કંપનીઓ તપાસ હેઠળ કમિશનરે તપાસ હાથ ધરવા માટે રાજ્યના ૧૩ જિલ્લાઓના ડ્રગ ઈન્સ્પેક્ટરોની સંયુક્ત ટીમ બનાવી. આ ટીમોનું નેતૃત્વ લખનઉ ડિવિઝનના આસિસ્ટન્ટ કમિશનર (ડ્રગ્સ) બ્રિજેશ કુમારના માર્ગદર્શન હેઠળ કરવામાં આવ્યું હતું. લખનઉ, સીતાપુર અને રાયબરેલીમાં, દરોડા પાડવામાં આવ્યા હતા.

સીતાપુરના મેસર્સ નૈમિસ ધામ મેડિકલ સ્ટોરમાંથી કોડીન ધરાવતી ૨,૬૦૦ બોટલની ખરીદીનો રેકોર્ડ મળી આવ્યો હતો, પરંતુ સ્થળ પર ફક્ત ૧,૦૦૦ બોટલ મળી આવી હતી. કંપનીને સ્થળ પર જ સીલ કરવામાં આવી હતી અને પોલીસ સ્ટેશનને જાણ કરવામાં આવી હતી.

દરોડા દરમિયાન, ઘણી કંપનીઓ બંધ હાલતમાં મળી આવી હતી. ટ્રાન્સપોર્ટ નગરમાં નોવોન લાઈફસાયન્સિસ અંગે, સ્થાનિકોએ અહેવાલ આપ્યો હતો કે સ્ટોર ઘણા દિવસો પહેલા ખાલી કરવામાં આવ્યો હતો.

દરમિયાન, પલાસ ફાર્માસ્યુટિકલ પ્રાઈવેટ લિમિટેડનું લાઈસન્સ પહેલાથી જ સસ્પેન્ડ કરવામાં આવ્યું છે. સુભાષ મેડિકલ એજન્સીમાં તપાસમાં જાણવા મળ્યું છે કે ખરીદેલ કોડીન ધરાવતું સીરપ બાલાજી મેડિકલ સ્ટોર અને શ્યામ મેડિકલ એજન્સીને વેચવામાં આવ્યું હતું. બાદમાં એજન્સીનું લાઈસન્સ પહેલાથી જ રદ કરવામાં આવ્યું છે, અને તેનો સંચાલક જેલમાં છે.

ડ્રગ વિભાગના અધિકારીઓએ જણાવ્યું હતું કે હાલમાં બધી શંકાસ્પદ કંપનીઓ સામે તપાસ ચાલી રહી છે. જપ્ત કરાયેલા દસ્તાવેજો અને રેકોર્ડના આધારે આગળની કાર્યવાહી નક્કી કરવામાં આવશે. વિભાગ જણાવે છે કે માદક દ્રવ્યોના ગેરકાયદેસર વેચાણમાં સામેલ કોઈપણ પેઢી કે વ્યક્તિને બક્ષવામાં આવશે નહીં. ગેરકાયદેસર ડ્રગના વેપારને રોકવા માટેની કાર્યવાહી ચાલુ રહેશે.

**ઓબીસી**
**પહેલા પાનાનું ચાલુ**

મુજબ દર ત્રણ વર્ષે ફુગાવાની અસર હેઠળ આવક-મર્યાદા મુજબ નિર્ણય લેવાનો હોય છે જેમાં જે આવક મર્યાદા નિશ્ચિત થાય છે તેને ક્રિમીલેયર તરીકે ગણવામાં આવે છે.૨૦૧૭માં તે મર્યાદા વધારાયા બાદ ૨૦૨૦/૨૦૨૩ એમ બે વખત તે યથાવત રાખવામાં આવી હતી અને હવે ૨૦૨૬થી વધારવા દબાણ છે. આ અંગે સંસદીય કમીટી પણ તેના રિપોર્ટમાં આવકમુક્તિ મર્યાદા વધારવા માટે ભલામણ કરી જ છે. ૧૯૯૩ના સરકારના પરિપત્ર મુજબ ક્રિમીલેયરમાં જે 'આવક'ની વ્યાખ્યા છે તેમાં સેલરી (પગાર) કૃષી આવક ગણતરીમાં લેવાતા નથી પણ અન્ય સ્ત્રોતની આવક જ ગણતરીમાં લેવાના છે પણ તેમાં વિવાદ સર્જાતા સરકારે તે પરિપત્રનો અમલ અટકાવી દીધો હતો.

**અમેરિકાની**
**પહેલા પાનાનું ચાલુ**

સાથે સાથે જ ટ્રમ્પનાં સમર્થકો સમુહોનું માનવુ છે કે એચ-વન બી વીઝાનો ઉપયોગ અમેરીકી નોકરીઓમાં વિદેશી કર્મચારીઓને પ્રાથમિકતા આપવા માટે કરવામાં આવી રહ્યો છે.

સરકારનો પ્રસ્તાવ મુળ સિદ્ધાંતોથી વિપરીતઃ કોર્ન બ્લુથ એમઆઈટીની અધ્યક્ષ સેબી કોર્નબ્લુથ અમેરિકી સરકારને પત્ર લખીને કહ્યું હતું કે આ પ્રસ્તાવ આપણી વૈજ્ઞાનિક સ્વતંત્રતાના મૂળ સિદ્ધાંતથી વિપરીત છે.

સંશોધનનો આધાર યોગ્યતા હોવો જોઈએ નહિં કે કોઈ દેશની ઓળખ ડાર્ટ માઉથની અધ્યક્ષ સિયાન લિયા બેલોલે કહ્યું હતું વિશ્વ વિદ્યાલય તેની એકેડેમિક સ્વતંત્રતા સાથે સમાધાન નહિં કરે.

**ભાજપ વિજય**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મીડિયાની ભૂમિકા નું મહત્વ સમજાવતાં તેમણે આત્મનિર્ભર ભારત અને મેક ઈન ઈન્ડિયા મુહિમની વાતો સાથે કવિ નર્મદને યાદ કરીને ગામડાઓ મજબૂત બને તો તાલુકો, જિલ્લો, રાજ્ય અને દેશ મજબૂત થશે તેમ જણાવી સહકારી ક્ષેત્રની કામગીરીને બિરદાવી હતી. અંતમાં તેમણે ભાજપને વિશ્વાસ, વિકાસ અને વિજયનો પર્યાય ગણાવી ભારત માતાના જયઘોષ સાથે વિરામ લીધો હતો. કાર્યક્રમને સફળ બનાવવા તમામને અભિનંદન આપ્યા હતા. કાર્યક્રમમાં રાજયના મંત્રીઓ, ધારાસભ્યો, જિલ્લા સંગઠન ના અગ્રણીઓ સહિત વિવિધ મોરચાના પદાધિકારીઓ વગેરે ઉપસ્થિત રહ્યા હતા. કાર્યક્રમ બાદ તેઓએ બારડોલીના સ્વરાજ આશ્રમની મુલાકાત લઈ સરદાર પટેલની તસવીર ને વંદન કરી કૃતજ્ઞતા વ્યક્ત કરી હતી.

**રમશ પટેલને**
**પેજ-૨ પાનાનું ચાલુ**

ક્રિકેટ એકેડેમીના વિઝિટિંગ કોચ શ્રી કાંતિ પટેલ અને કોચ શ્રી સાગર પટેલે હાર્દિક અભિનંદન તથા શુભેચ્છાઓ પાઠવી હતી. રમેશ પટેલના સફળ પ્રદર્શનથી બીલીમોરાની રમતપ્રેમી જનતામાં આનંદની લાગણી વ્યાપી ગઈ છે.

**સુરતમાં ૨૦૯.૭૦**
**પેજ-૨ પાનાનું ચાલુ**

સ્વનિધિ સ્કીમના ચેક લાભાર્થીઓને અર્પણ કરવામાં આવેલ.

સદર કાર્યક્રમમાં માન. સંસદસભ્ય શ્રી મુકેશભાઈ દલાલ, માન. ધારાસભ્ય શ્રીમતી સંગીતાબેન પાટીલ, માન.ધારાસભ્ય શ્રી પ્રવિણભાઈ ઘોઘારી, માન.ધારાસભ્ય શ્રી અરવિંદભાઈ રાણા, માન. ડે. મેયર ડૉ. નરેન્દ્ર પાટીલ, માન. સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી રાજન પટેલ, માન. કમિશનર શ્રીમતી શાલિની અગ્રવાલ, માન. નેતા શાસકપક્ષ શ્રીમતી શશીબેન ત્રીપાઠી, માન. દંડક શ્રી ધર્મેશભાઈ વાણીયાવાલા, માન.પૂર્વ કેન્દ્રીય રાજ્યમંત્રી,વસ્ત્ર અને રેલવે મંત્રાલય,ભારત સરકાર શ્રીમતી દર્શનાબેન જરદોશ, માન. પૂર્વ. મેયર શ્રી નિરંજન ઝાંઝમેરા, માન. પૂર્વ સ્થાયી સમિતિ અધ્યક્ષ શ્રી પરેશભાઈ પટેલ, માન. વિવિધ સમિતિના અધ્યક્ષશ્રીઓ, માન. મ્યુ. સદસ્યશ્રીઓ,મિડીયાના મિત્રો, સુરત મહાનગરપાલિકાના અધિકારી, કર્મચારીઓ તથા અન્ય મહાનુભવો મળી બહોળી સંખ્યામાં લોકો સહભાગી બન્યા હતા.

**ફીટ યુવા ફોર**
**પેજ-૨ પાનાનું ચાલુ**

દેસાઈ , ભારતીય જનતા પાર્ટી નવસારી પ્રમુખ ભુરાભાઈ , ભારતીય જનતા પાર્ટી -- સુરત મહાનગરના મહામંત્રી શ્રી કિશોરભાઈ બિંદલ , શ્રી કાળુભાઈ ભીમનાથ , સુરત શહેર ભાજપ સંગઠનના અન્ય હોદ્દેદારશ્રીઓ , સુરત મહાનગરપાલિકાના વિવિધ પદાધિકારીશ્રીઓ , ચૂંટાયેલા જન પ્રતિનિધિ શ્રીઓ , શિક્ષણ સમિતિ સદસ્યશ્રીઓ , કાર્યકર્તાશ્રીઓ સહિત મોટી સંખ્યામાં નગરજનો ઉપસ્થિત રહ્યા હતા. ખેલ મહોત્સવના સહસંયોજક દિનેશભાઈ જોધાણી, અમિતભાઈ રાજપુત અને શ્રી ભાવિન ટોપીવાળાએ ખેલ મહોત્સવ કાર્યક્રમનું સંચાલન કર્યું હતું .

**માંડવીન વરેઠી**
**પેજ-૨ પાનાનું ચાલુ**

લાઈન વરેઠી ગામ સુધી આવે છે તે પાણીની લાઈન ૪ થી ૫ જગ્યાએ તૂટી જવા પામેલ છે. જેને તત્કાલ રિપેરિંગ કરવાની ખૂબ જરૂર છે.આ બધા કારણોને લીધે વરેઠી ગામમાં પીવાના પાણીની અછત થઈ રહેલ છે.

આંગણવાડી અને સ્વચ્છતાની સમસ્યાઃ વરેઠી ગામ ખાતે મેઈન રસ્તા અડીને જે આંગણવાડી આવેલ છે,તેની સ્લેબ થી સાથેની દીવાલો છૂટી થઈ જવા પામેલ છે તેમજ ગમે ત્યારે પડી જાય એ રીતે ખૂબ જર્જરિત થઈ ગઈ છે.તેમજ બીજી આગણવાડી કચરાનાં ઢગલા અને ખુલ્લી ગટરની વચ્ચે છે . જે બાળકો અને મહિલાઓના આરોગ્ય માટે ખૂબ જ જોખમી છે.

પર્યાવરણીય પ્રદૂષણઃ ગામની નજીકના મોલવણ ગામમાં આવેલી Credence Ecofiber Pvt. Ltd. નામની ખાનગી કંપની દ્વારા ખરાબ કેમિકલયુક્ત વેસ્ટને વરેઠી ગામના પ્રવેશદ્વાર પહેલા બંને બાજુએ ફેંકવામાં આવે છે. આના કારણે ડામરવાળો રસ્તો પણ દેખાતો નથી અને ગામના લોકોને ત્વચા, શ્વાસની નળી અને પાચનતંત્ર સંબંધિત આરોગ્ય સમસ્યાઓ થઈ રહી છે.

**સુરતમાં ૨૨**
**પેજ-૨ પાનાનું ચાલુ**

મહેતા, સેક્રેટરી શ્રી જિતેન્દ્ર મિસ્ત્રી, જોઈન્ટ સેક્રેટરીઓ શ્રી ભાવેશ વઘાસિયા અને શ્રી મહેન્દ્ર કુકડિયા ઉપસ્થિત રહયા હતા.

'સિટેક્ષ-૨૦૨૫' એક્ઝિબીશનના MoU સાઈનિંગના પ્રસંગે સ્ટોલધારકોનો વધુ ઉત્સાહ હોવાના કારણે ડ્રો-સિસ્ટમ થકી એક્ઝિબીશનના તમામ સ્ટોલ બુક કરવામાં આવ્યા હતા. સાથે જ તેઓને તાત્કાલિક એક્ઝિબીશનના લે-આઉટ અને તેમના સ્ટોલનો નંબર આપવામાં આવ્યો હતો.

ચેમ્બર ઓફ કોમર્સના પ્રમુખ શ્રી નિખિલ મદ્રાસીએ જણાવ્યું હતું કે, સુરતનો ટેક્ષ્ટાઈલ ઉદ્યોગ પરંપરાગત રીતે વૈશ્વિક સ્તરે પોતાની ઓળખ ધરાવે છે ત્યારે 'સિટેક્ષ-૨૦૨૫' એ સુરતની ટેક્ષ્ટાઈલ મશીનરી, ટેક્ષ્ટાઈલ એન્સીલરી અને મશીનરીઓ અને ટેકનિકલ ટેક્ષ્ટાઈલ સંબંધિત મશીનરીઓ ઉદ્યોગોને રાષ્ટ્રીય તેમજ આંતરરાષ્ટ્રીય સ્તરે પ્રોત્સાહન આપવા માટે એક મહત્વપૂર્ણ પ્લેટફોર્મ પૂરું પાડશે. આ એકઝીબીશન ઉદ્યોગોને નવી ટેકનોલોજી, ઈનોવેશન અને વેપારની તકો સાથે સીધો સંપર્ક સાધવામાં મદદરૂપ બનશે. આ એકઝીબીશનમાં દેશ–વિદેશના અગ્રણી ટેક્ષ્ટાઈલ મશીનરી ઉત્પાદકો, ટેકનોલોજી પ્રોવાઈડર્સ તથા વેપારીઓ ભાગ લેશે અને સુરતના ઉદ્યોગ સાહસિકોને સીધી તક મળશે.

સુરત ટેક્ષમેક ફેડરેશનના પ્રમુખ શ્રી મુકેશ પટેલે જણાવ્યું હતું કે, એમ્બ્રોઈડરી ઉદ્યોગ સુરતની અર્થવ્યવસ્થાનો અભિન્ન અંગ છે. SITEX- ૨૦૨૫ દ્વારા અમે આ ક્ષેત્રને નવી દિશા આપી શકીશું. આંતરરાષ્ટ્રીય ખરીદદારો, ટેકનોલોજી સપ્લાયર્સ અને સ્થાનિક ઉદ્યોગો વચ્ચે જોડાણ વધારવા માટે આ એકઝિબિશન સુવર્ણ તક પૂરું પાડશે.

MoU–મેમોરેન્ડમ ઓફ અન્ડરસ્ટેન્ડીંગ સાઈનિંગ પ્રસંગે બંને સંસ્થાઓના હોદ્દેદારોએ વિશ્વાસ વ્યક્ત કર્યો હતો કે, આ એકઝીબીશન સુરતને વૈશ્વિક ટેક્ષ્ટાઈલ ઉદ્યોગના નકશા પર વધુ મજબૂત સ્થાન આપશે અને નાના–મોટા તમામ ઉદ્યોગોને વૈશ્વિક સ્પર્ધા માટે તૈયાર કરશે.

**સેમ ડે ચેક**
**પેજ-૨ પાનાનું ચાલુ**

પર સીધો પ્રભાવ પડી રહ્યો હોવાની અને ફ્રોડ થવાની સંભાવના હોવાની વેપારીઓએ ફરિયાદ કરી હતી. તેથી ચેમ્બર ઓફ કોમર્સ દ્વારા રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના સેમ-ડે ચેક ક્લિયરીગના નિયમને એક મહિના માટે સ્થગિત કરવા અંગેની રજૂઆત રિઝર્વ બેન્ક ઓફ ઈન્ડિયાના ચીફ જનરલ મેનેજરને કરવામાં આવી છે.'

**સુરત જિલ્લામાં**
**પેજ-૨ પાનાનું ચાલુ**

તાલુકામાં ધારાસભ્ય સંદિપ દેસાઈની ઉપસ્થિતિમાં દામકા ગામે સાઈ મદિર ખાતે, કામરેજ તાલુકામાં રાજયસભા સાંસદ ગોવિંદભાઈ ધોળકીયા અને તા.પંચાયત પ્રમુખ અજીતભાઈ આહિરની ઉપસ્થિતિમાં ઉંભેળ યુવક મંડળ, ઉમા સાંસ્કૃતિક ભવન, ઉંભેળ ખાતે, પલસાણા તાલુકામાં તા.પંચાયત પ્રમુખ યોગેશ પટેલની ઉપસ્થિતિમાં હળપતિ સેવા સંઘ બારડોલી સંચાલિત પી.એમ. શ્રી નરહરી પરીખ આશ્રમ શાળા, અમલસાડી ખાતે, માંગરોળ તાલુકામાં ધારાસભ્ય ગણપતસિંહ વસાવાની ઉપસ્થિતિમાં પંચવટી કેન્દ્ર, સાઈ મંદિરની પાછળ, વાંકલ ખાતે યોજાશે.

મહુવા તાલુકામાં ધારાસભ્ય મોહનભાઈ ઢોડિયાની ઉપસ્થિતિમાં અસ્મિતા ભવન હોલ, બ્રાહ્મણ સમાજની વાડી, મહુવા, અંબિકા તાલુકામાં સાંસદશ્રી મુકેશભાઈ દલાલની ઉપસ્થિતિમાં ક્રિકેટ ગ્રાઉન્ડ, પી.એચ.સી. સેન્ટરની બાજુમા, વલવાડા ખાતે, અરેઠ તાલુકામાં જિ.પંચાયત ઉપપ્રમુખશ્રી રોહિત પટેલની ઉપસ્થિતિમાં તા.પંચાયત નવું ફળીયુ, તાલુકા પંચાયત કચેરીની બાજુમાં, અરેઠ ખાતે યોજાશે.

માંડવી તાલુકામાં તા.પંચાયત પ્રમુખ હિનાબેન વસાવાની ઉપસ્થિતિમાં અણુમાળા સાંસ્કૃતિક ભવન, ધી માંડવી હાઈસ્કુલ ખાતે તાલુકા કક્ષાના રવિ કૃષિ મહોત્સવ યોજાશે. જેમાં જિલ્લા-તાલુકાના પદાધિકારીઓ, ખેડૂતો, કૃષિ નિષ્ણાતો, ખેતીવાડી અધિકારીઓ ઉપસ્થિત રહેશે.

કાર્યક્રમના પ્રથમ દિવસે તા.૧૪મીએ કૃષિ વૈજ્ઞાનિકોનું પ્રાકૃતિક ખેતી, સસ્ટેનેબલ ફાર્મિંગ, બાગાયતી પાકોમાં નવીનતમ ટેકનોલોજી જેવા વિષયો પર માર્ગદશન, પ્રગતિશીલ ખેડૂતોના વક્તવ્ય, ખેડૂતોને સહાય લાભોનું વિતરણ, કૃષિ નિદર્શન તથા પશુ મેળા યોજાશે. બીજા દિવસે ૧૫મીએ પ્રાકૃતિક કૃષિ નિદર્શન અને પ્રાકૃતિક કૃષિ મોડેલ ફાર્મની મુલાકાત યોજાશે. તાલુકાના ખેડુતોને કૃષિ મહોત્સવનો લાભ લેવા જિલ્લા ખેતીવાડી અધિકારી દ્વારા અનુરોધ કરવામાં આવ્યો છે.

**માસૂમ દિકરીને**
**પેજ-૨ પાનાનું ચાલુ**

કરી દીધું. જાથાના પંડયાએ પરિચય આપ્યો. ગોરખધંધાની વાત કરી દીધી. એક શ્રધ્ધાળુ માંડવામાં જાનુ આઈને હાજરી માટે ૨૧,૦૦૦/- નો વાયદો લઈને આવ્યા હતા. પરિસ્થિતિ જોઈ માફી માંગવા લાગ્યા. ઉત્રાણ પોલીસ તંત્રે પુરતી તકેદારી રાખી હતી. બરવાળીયા પરિવારને કાયદાનું ભાન કરાવ્યું હતું. જાથાના પંડયાએ જાનુ આઈને પુછતા ભાંગી પડયા હતા. મારે ભૂઈમાનું કામ કરવું નથી. મારા મા-બાપ પરાણે કરાવે છે. ધૂણું નહિં તો મને માર મારવામાં આવે છે.

જાથા સમક્ષ કબુલાતનામું માફીપત્રમાં હું જયસુખ જીણાભાઈ બરવાળીયા, પ્રિયાબેન પત્નિ, મોટી દિકરી આયુષી જયસુખભાઈએ સહી કરતાં જાથાની માહિતી સાચી હોવાનું, દોરા-ધાગા, પધરામણી, બાધા-ટેક આર્થિક છેતરપિંડી કાયમી બંધની જાહેરાત કરી દીધી હતી.

**છેલ્લા પાનાનું ચાલુ**
**શહેરમાં મોબાઈલ**

કરતા કુલ્લે ૨૭૯ અલગ અલગ કંપનીના મોબાઈલ સાથે પકડી પાડ્વામાં આવ્યા હતા. વધુમાં જાણવા મળ્યું હતુ કે, ધીરજ ઝોપે એર ઈન્ડિયાનો ટેક્નીકલ ઈજનેર છે. રવિ અને સંતોષ પાસેથી ધીરજ ચોરીના ફોન ખરીદતો હતો. આ ચોરીના ફોનના આઈએમઈઆઈ બદલી નાંખતો હતો. મધરબોર્ડ તેમજ સ્પેરપાર્ટસ બદલીને વેચાણ કરતો હતો.

**ગ્રામ્ય એસઓજી**

જથ્થા સાથે પકડી પાડ્યા હતા. પોલીસે બબુલ સંજય સ્વાંઈ(ઉ.વ.આ.૨૦ હાલ રહેવાસી-સાયણ, જીવનરક્ષા એપાર્ટમેન્ટ, રાંદલ માતા મંદિર પાછળ, રૂમ નંબર-૩૦૧, તા-ઓલપાડ, જી-સુરત મુળ રહેવાસી- પાકીડીગામ, થાના-કાતુ, જી-ગંજામ,ઓરીસ્સા) લક્ષ્મીકાંત ઉર્ફે શુભમ જી/૦ બસંત બીસ્વાલ(ઉ.વ.આ.૧૯ હાલ રહેવાસી-સાયણ, ભુમી રેસીડેન્સી, રાંદલ માતા મંદિર પાછળ મકાન નં-૧૦૧,તા-ઓલપાડ, જી-સુરત મુળ રહેવાસી- અતરંગગામ, થાના-આસ્કા, જી-ગંજામ,ઓરીસ્સા) અને ચંદન સંતોષ પ્રધાન (ઉ.વ.આ-૨૦ હાલ રહેવાસી-સાયણ, ભુમી રેસીડેન્સી, રાંદલ માતા મંદિર પાછળ મકાન નં-૧૦૧,તા-ઓલપાડ, જી-સુરત મુળ રહેવાસી-ખરીખામાગામ, થાના-બેગુનાપોડા, જી- ગંજામ, ઓરીસ્સા)ને પકડી પાડ્વામાં આવ્યા હતા. પોલીસે આ ત્રણેય આરોપીઓ પાસેથી રૂ.૯૯ હજારથી વધુનો ગાંજાનો જથ્થો પકડી પાડ્યો હતો. જયારે આ ગાંજાનો જથ્થો મોકલનાર બેને વોન્ટેડ જાહેર કર્યા હતા.

Pratap Darpan, Daily, Editor : Pravinbhai Ratnabhai Gohil. OWNER:-IMAGE PUBLICATION Printer and Publisher Rajesh Balubhai Patel “Printed at IMAGE PRINTERS, 20, 21 Bhidbhanjan Society, Bamroli Rord, Udhna, Surat-394210 . Published From: Pratap Darpan Karayalay, S-6, K.S.B Olympia, Near Kailash Chowkdi , Pandesara, Surat - 394221 , Gujarat-India : Founder Late Mrs. Kantaben Babubhai Rayka

સાંધ્ય દૈનિક
પ્રતાપ દર્પણ
સોમવાર, તા.૧૩ ઓક્ટોબર ૨૦૨૫ E-mail : pratap_darpan@yahoo.co.in મો.નં.: ૯૮૨૫૫ ૩૨૫૦૫

# પ્રકાશ પર્વ દિવાળી મહોત્સવ : શહેર રોશનીથી જગમગી ઉઠ્યું






દિવાળી તહેવારોને અનુલક્ષીને સુરત શહેરના બજારોમાં રોનક આવી ગઈ છે. ઠેર ઠેર ધંધાના સ્થળને રોશનીથી શણગારવામાં આવ્યાં છે. પ્રકાશ પર્વ દિવાળી મહોત્સવની ઉજવણીનો પ્રારંભ થઈ ગયો છે. સાંજ પડતાં જ સુરત શહેર રોશનીથી જગમગી ઉઠે છે. (તસવીર : હનીફ મલેક)

# શાળામાં નોન-વેજ પાર્ટી કરનાર આચાર્ય પ્રભાકર યેલિગેટિ સસ્પેન્ડ

## આચાર્ય દ્વારા આચરાયેલું કૃત્ય ગંભીર : ત્વરિત પગલા ભરવા આદેશ કરતા ચેરમેન રાજેન્દ્ર કાપડિયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ સંચાલિત શાળામાં નોનવેજ પાર્ટી યોજનાર આચાર્ય પ્રભાકર રામૈયા યેલિગેટિને સસ્પેન્ડ કરી દેવામાં આવ્યા હોવાનું સૂત્રો પાસેથી જાણવા મળ્યું છે. આ ગંભીર મામલે શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયા અને ઈન્ચાર્જ શાસનાધિકારી મેહુલ પાલે ત્વરિત એકશન લઈ કાર્યવાહી શરૂ કરી હતી.

શાળામાં યોજાયેલી નોન-વેજ પાર્ટીના વિવાદમાં આચાર્ય પ્રભાકર યેલિગેટિને લૂલો બચાવ કર્યો છે. તેમણે જણાવ્યું હતું કે શાળામાં ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ, શિક્ષકો અને આચાર્યોનું ગેટ-ટુ-ગેધર આયોજિત કરાયું હતું. આચાર્યએ સ્વીકાર્યું હતું કે કાર્યક્રમમાં ચિકન પીરસાયું એ ભૂલ છે.

સુરત નગર પ્રાથમિક શિક્ષણ સમિતિના ચેરમેન રાજેન્દ્ર કાપડિયાએ ગોડાદરા વિસ્તારની સ્કૂલ નંબર ૩૪૨માં ચિકન પાર્ટી મામલે જણાવ્યું હતું કે, સ્કૂલ દ્વારા કોઈપણ પ્રકારની પરવાનગી વગર પૂર્વ વિદ્યાર્થીઓના ગેટ-ટુ-ગેધર પ્રોગ્રામના નામે આ કૃત્ય આચરવામાં આવ્યું છે, જે અયોગ્ય છે. શિક્ષણ સમિતિ દ્વારા આચાર્ય પ્રભાકરને તાત્કાલિક નોટિસ આપીને ખુલાસો પૂછવામાં આવ્યો છે અને તેમની વિરુદ્ધ આજે સાંજ સુધીમાં સસ્પેન્ડ કરી કડક કાર્યવાહી હાથ ધરવામાં આવશે.

મળતી માહિતી પ્રમાણે, ગોડાદરા વિસ્તારમાં સુરત મહાનગરપાલિકાની શિક્ષણ સમિતિ સંચાલિત પંડિત દીનદયાળ પ્રાઈમરી સ્કૂલ નંબર ૩૪૨ અને ૩૫૧ આવેલી છે, જેમાં ૧૨ ઓક્ટોબરે સ્કૂલના ૧૯૮૭થી ૧૯૯૧ના ધોરણ-૭ના વિદ્યાર્થીઓનું ગેટ-ટુ ગેધર રવિવારના દિવસે સ્કૂલમાં રાખવામાં આવ્યું હતું. ૩૮ વર્ષ બાદ આ તમામ ભૂતપૂર્વ વિદ્યાર્થીઓ સ્કૂલમાં એકઠા થયા હતા અને ગેટ-ટુ ગેધર યોજાયું હતું. આ ગેટ-ટુ ગેધરમાં ચિકન અને મટનની પાર્ટી રાખવામાં આવી હતી. આ ગેટ-ટુ ગેધરમાં સ્કૂલના પ્રિન્સિપાલ પણ હાજર રહ્યા હતા.

# વેડરોડ ઉપર દારૂના અડ્ડાની સામે ઇંડાની લારી પર યુવાનની ઘાતકી હત્યા

## પોલીસની રહેમનજર હેઠળ ચાલતા દારૂના અડ્ડા પર વારંવાર બબાલ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
વેડરોડ વાળીનાથ ચોક નજીક એક દારૂના અડ્ડાની સામે જ ઈંડાની લારી નજીક ઝઘડો કરી રહેલા ચાર જણાને સમજાવવા જનાર ઈંડાની લારીવાળાના પુત્રને ચપ્પુના ઘા મારી મોતને ઘાટ ઉતારી દેવાયો હતો. હત્યા કરનાર ત્રણ જણા વિરૂધ્ધ આ મામલે મૃતકના પિતા દ્વારા ચોકબજાર પોલીસ સ્ટેશનમાં ફરીયાદ નોંધાવવામાં આવી હતી. ઉલ્લેખનીય છે કે, જે દારૂના અડ્ડાની સામે હત્યા થઈ તે બુટલેગરનો ૧૭ લાખની કિંમતનો દારૂ તાજેતરમાં જ પોલીસે ઝડપી પાડ્યો હતો ત્યારે આ દારૂનો અડ્ડો ફરીથી ધમધમતો થઈ ગયો હોવાનું પણ સુત્રો જણાવી રહ્યા છે.

ચોકબજાર પોલીસ સુત્રો પાસેથી મળતી વિગત અનુસાર મુળ ઉત્તરપ્રદેશના બીજનોર જિલ્લાના વતની અને હાલ વેડરોડ વિશ્રામનગર પાસે મંગલમુર્તિ એપાર્ટમેન્ટમાં રહેતા જીયાઉલ જમીરએહમદ અંસારી ઉ.વ.૪૫ ઈંડાની લારી ચલાવે છે. દરમિયાન ગઈ તા.૧૧ ઓક્ટોબરના રોજ રાત્રિના ૧૧ વાગ્યે તેમના ઈંડાની લારી પાસે કમળાબા હોસ્પિટલની બાજુમાં આરોપી હાર્દિક ઉર્ફે ભોલો દલવાણીયા તથા તેનો મિત્ર પ્રિન્સ મોણપરા અને પ્રતિક જાદવ, હર્ષ વરીયા નામના યુવક સાથે ઝઘડો કરી રહ્યા હતા જેથી જીયાઉલ અને દિલીપ તરસરીયા નામના વ્યક્તિએ અમારા ધંધાના સ્થળેથી દૂર જઈ ઝઘડો કરવા કહેતા દિલીપ સાથે હાર્દિકે તેમજ તેના મિત્ર પ્રિન્સ અને પ્રતિક જાદવે ઝઘડો કરી ઝપાઝપી કરવા લાગ્યા હતા. દરમિયાન જીયાઉલનો પુત્ર જુનૈદ ઉ.વ.૨૫ દિલીપને છોડાવવા વચ્ચે પડતા હાર્દિક ઉર્ફે ભોલાએ તેની પાસેનું ચપ્પુ કાઢી જુનૈદને જમણા પગના સાથળના ભાગે ચપ્પુ મારી દેતા તેને તાત્કાલિક સારવાર માટે ખાનગી હોસ્પિટલમાં ખસેડાયો હતો જ્યાં તેનું સારવાર દરમિયાન મોત નિપજ્યું હતું. આ મામલે ચોકબજાર પીઆઈ એન.જી.ચૌધરી તપાસ કરી રહ્યા છે. અત્રે નોંધવુ ઘટે કે, જ્યાં હત્યા થઈ ત્યાં સામે જ દારૂનો અડ્ડો ચાલે છે. રહેણાંક અને હોસ્પિટલ ચેઈન ધરાવતા આ વિસ્તારમાં ચાલતા આ દારૂના અડ્ડાની સામે જ હત્યાથી સ્થાનિકોમાં ભયનો માહૌલ ઉભો થયો છે.



ગઈકાલે પાંચ વર્ષ સુધીના તમામ બાળકોને રાંદેર હેલ્થ સેન્ટર ખાતે પોલિયો બુથ પર પોલિયોની રસી પીવડાવવામાં આવી હતી.

# ધાસ્તીપુરા અલઅમન એપાર્ટમેન્ટના ફ્લેટો વેચી કરોડોની ઠગાઈ કરાઈ

## એપાર્ટમેન્ટ પર લોન છતાં ફ્લેટધારકોને દસ્તાવેજો બનાવી દેવાયા

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
સૈયદપુરા ધાસ્તીપુરા વિસ્તારમાં રૂબી કોમ્પલેક્ષમાં રહેતા હનીફ ઈબ્રાહીમ પટેલ ઉ.વ.૬૧ વેપારી છે તેમને લાલગેટ કેળાની વખારની સામે આવેલી અલ અમન નામના એપાર્ટમેન્ટ ઉપર એલઆઈસી હાઉસીંગ ફાયનાન્સ લિમીટેડ માંથી રૂ.૩૭.૬૩ લાખની તેમજ રૂ.૫૪ લાખ મળી કુલ રૂ.૧.૮૮ કરોડની લોન ચાલતી હોવા છતાં એપાર્ટમેન્ટમાં ફ્લેટ ખરીદનારાઓને વેચાણ દસ્તાવેજ કરી આપી રૂપીયા મેળવી લઈ છેતરપિંડી કરવામાં આવી હતી.

પ્રાપ્ત વિગત અનુસાર ધાસ્તીપુરા સૈયદપુરા પાસે રૂબી કોમ્પલેક્ષમાં રહેતા હનીફ ઈબ્રાહીમ પટેલને શાહપોર માછલીપીઠ લુહાર પોળ અલ હયાત બિલ્ડીંગમાં રહેતા જાવીદ લિયાકત કાઝીએ લાલગેટ કેળાની વખાર વિસ્તારમાં આવેલ વોર્ડ નં.૧૨, સીટી સર્વે નં.૯૧૬થી નોંધાયેલા જમીન ઉપર આવેલા અલ અમન નામના એપાર્ટમેન્ટ વાળી મિલ્કત બતાવી હતી. આ મિલ્કત પર પહેલાથી જ લોન ચાલતી હોવાની વાત રજુ નહીં કરી વેપારી હનીફ ઈબ્રાહીમ પટેલ સહિત અલગ-અલગ ફ્લેટ ધારકોને વેચાણ દસ્તાવેજ કરી આપી તેમની પાસેથી કુલ રૂ.૧.૮૮ કરોડ મેળવી લીધા હતા. એલઆઈસી હાઉસીંગ ફાયનાન્સ લિમિટેડમાં લોન ચાલતી હોવાની વાત વેપારી હનીફ પટેલને ધ્યાને આવતા તેમણે લાલગેટ પોલીસ સ્ટેશનમાં ગઈકાલે ફરીયાદ નોંધાવી હતી. આ મામલે વધુ તપાસ ચોકબજાર પોલીસે હાથ ધરી છે.

# શહેરમાં મોબાઈલ ફોન ચોરી કરતી ટોળકીને ઝડપી પાડતી ઉધના પોલીસ

## ૨૭૯ ચોરીના મોબાઈલ ફોન સાથે એર ઈન્ડિયાના ટેકનિકલ ઈજનેર સહિત ત્રણની ધરપકડ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
ભીડવાળા વિસ્તારમાં તેમજ બીઆરટીએસ બસમાં લોકોની નજર ચૂકવીને સિફતપૂર્વક મોબાઈલ ચોરી કરતી ગેંગને ઉધના પોલીસે ચોરીના ૨૭૯ મોબાઈલ ફોન સાથે પકડી પાડી હતી. પકડાયેલી ગેંગના ત્રણ પૈકી ડીંડોલીનો ધીરજ ઝોપે એર ઈન્ડિયાનો ટેક્નીકલ ઈજનેર છે. આ ધીરજ ઝોપે ચોરીના મોબાઈલ લઈ આઈએમઈઆઈ સહિત સ્પેર પાર્ટ બદલી નાખતો હતો. આ ત્રણેય આરોપીને ઉધના પોલીસ રિમાન્ડ માટે કોર્ટમાં રજૂ કરશે.

ઉધના પોલીસ સ્ટેશનના પો.ઈન્સ. એસ.એન.દેસાઈ તેમજ ઈન્સ્પેક્ટર જે.એસ.ઝાંબરેના માર્ગદર્શન હેઠળ સર્વેલન્સ પો.સ.ઈ. એમ.કે.ઈશરાણી તથા પો.સ.ઈ. બી.કે.વાઘેલા નાઓના નેતૃત્વમાં સર્વેલન્સ સ્ટાફના માણસો સાથે પેટ્રોલીંગમાં હતા તે દરમ્યાન તેમની ટીમના પો.કો. વિશાલકુમાર રામજીભાઈ, પો.કો. હૈદરઅલી આલમઅલી તથા પો.કો. રાહુલ જીવરાજભાઈની સયુંક્ત બાતમી આધારે ઉધના ખત્રી નગર પાસે બ્રીજ નીચેથી આરોપી રવી રૂમાલભાઈ રાજનટ(ઉ.વ.૩૧ ધંધો-મજુરી રહે-પ્લોટ નં.૩૭ સંતોષીનગર ઝુપડપટ્ટી નવાગામ, ડીંડોલી) તથા સંતોષ ઉર્ફે લંગડા બાબુભાઈ ગાયકવાડ(ઉ.વ.૪૪ ધંધો-મજુરી રહે-ઘર નં.૨૨૧ સંતોષીનગર ઝુપડપટ્ટી નવાગામ, ડીંડોલી) પાસેથી ૧૫ મોબાઈલ મળી આવ્યા હતા. ઉપરોકત બંન્ને આરોપીને વધુ પુછ પરપરછ કરતાં તેઓ આ ચોરીના મોબાઈલ ફોન ધીરજ રવિન્દ્ર ઝોપેને વેચવા માટે ઉભા હતા.

જેથી ઉધના પોલીસે ધીરજ રવિન્દ્રભાઈ ઝોપે(ઉ.વ.૨૫ ધંધો-નોકરી રહે-પ્લોટ નં.૫૮ જગદમ્બાનગર, સી.આર.પાટીલ રોડ પાસે ડીંડોલી)ના ઘરે જઈ તપાસ

# ગ્રામ્ય એસઓજી પોલીસે સાયણ ગામેથી ગાંજાનો જથ્થો જપ્ત કર્યો

## પોલીસે ત્રણ ઓરિસ્સાવાસી યુવકની ધરપકડ કરી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
સાયણ ગામની સીમમાં બરફ ફેક્ટરીની સામેથી ગાંજાના જથ્થા સાથે સુરત ગ્રામ્ય એસઓજીએ સાયણના ત્રણ ઓરિસ્સાવાસી યુવકોને ઝડપી પાડી તેમની પાસેથી ગાંજાનો જથ્થો કબજે કરી આગળની કાર્યવાહી હાથ ધરવામાં આવી હતી.

પોલીસના સૂત્રો પાસેથી જાણવા મળતી વિગતો મુજબ સુરત એસઓજી ગ્રામ્યે સ્ટેન્ડ સ્ટ્રોંગ અગેઈન ડ્રગ્સ કેમ્પઈન હેઠળ કામગીરી કરવામાં આવી રહી હતી. એસ.ઓ.જી શાખાના પોલીસ ઈન્સ્પેક્ટર બી.જી.ઈશરાણીની સુચના તથા સુપરવિઝન હેઠળ એસ.ઓ.જી શાખાના માણસોની ટીમો પાડી ચોક્કસ દિશામાં વર્ક આઉટ કરતા, ગઈકાલ તા-૧૨/૧૦/૨૦૨૫ના રોજ એસ.ઓ.જી. શાખાના એ.એસ.આઈ.જગદીશ કામરાજ તથા હે.કો. પ્રકાશ વાલજીને ખાનગી રાહે મળેલ બાતમી આધારે ઓલપાડ તાલુકાનાં સાયણ ગામની સીમમાં, સાયણથી સાયણ સુગર તરફ જતાં કબ્રસ્તાન રોડ ઉપર આવેલ બરફ ફેકટરીની સામે રોડ પર તા-ઓલપાડ, જી-સુરત ખાતેથી ત્રણ ઈસમોને ગેરકાયદેસર રીતે અને વગર પાસ-પરમીટના માદક પદાર્થ ગાંજાના

# મિત્રતા કેળવી કિશોરીને અગાશી પર લઈ જઈ બળાત્કાર ગુજારાયો

## પરિવારને જાણ થતા લસકાણા પોલીસ સ્ટેશને ફરિયાદ નોંધાવી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
લસકાણા વિસ્તારમાં રહેતી ૧૬ વર્ષિય સગીરાનો મોબાઈલથી સંપર્ક કેળવીને મિત્રતા કર્યા બાદ એક યુવાને સગીરાના ઘર નજીક એક મકાનના ટેરેસ ઉપર લઈ જઈ બે વખત દુષ્કર્મ આચર્યું હોવાની ફરીયાદ લસકાણા પોલીસ સ્ટેશનમાં નોંધાઈ હતી. લસકાણા પોલીસ મથકેથી મળતી વિગત અનુસાર લસકાણા લક્ષ્મીપાર્ક સોસાયટીમાં રહેતા કરણ રસીકભાઈ રાજકોટીયાએ પખવાડીયા પહેલા એક સગીરાનો સંપર્ક કરીને તેને વાતોમાં ભોળવી લીધી હતી. ત્યારબાદ સોસાયટીના એક મકાનના ટેરેસ પર બોલાવીને સગીરા સાથે અડપલા કર્યા હતા. બે ત્રણ દિવસ વિતી ગયા બાદ કરણ રાજકોટીયાએ સગીરાને એક મકાનના ટેરેસ પર લઈ જઈ તેણી સાથે બે વખત દુષ્કર્મ ગુજાર્યું હતું. આ અંગે પરિવારને જાણ થઈ જતા ગઈકાલે લસકાણા પોલીસ સ્ટેશનમાં ગુનો નોંધાવવામાં આવ્યો હતો.

# હજીરામાં ટ્રકની અડફેટે બાઈક સવારનું મોત

## હજીરા વિસ્તારમાં છાશવારે કાળમુખા ટ્રકો અકસ્માત કરી જાય છે

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
સુરત શહેરના હજીરા ખાતે વધુ એક રોડ અકસ્માત સર્જાયો હતો. હજીરા ખાતે રહેતા વેપારી બાઈક પર સવાર થઈ ખમણ વેચવા જઈ રહ્યા હોય ટ્રકના ચાલકે પુરઝડપે હંકારી વેપારીની બાઈકને ટક્કર મારતા સર્જાયેલા અકસ્માતમાં વેપારીનું ટ્રકના નીચે આવી જતાં કમકમાટી ભર્યું મોત નીપજ્યું હતું.

આ ઘટનાને પગલે સ્થાનિકોમાં પણ ભારે રોષ જોવા મળ્યો હતો. પોલીસે ટ્રક ચાલકની અટકાયત કરી વધુ તપાસ શરૂ કરી હતી. હજીરા વિસ્તારમાં વારંવાર થતા અકસ્માતને લઈ લોકોમાં પણ રોષ જોવા મળી રહ્યો છે. સ્થાનિકોનું કહેવું છે કે, આ રોડ પર ભારે વાહનો બેફામ રીતે વાહન હંકારતા હોય છે જેના કારણે અકસ્માતની ઘટના બનતી હોય છે. આજે પણ સવારે હજીરા વિસ્તારમાં રહેતા એક વેપારી ખમણ વેચવા બાઈક પર સિટી તરફ જઈ રહ્યા હતા. તેઓ હજીરાના હાઈવે ઉપરથી પસાર થઈ રહ્યા હતા. ત્યારે ગફલતભરી રીતે હંકારી રહેલા ટ્રકના ચાલકે વેપારીની બાઈકને અડફેટે લીધી હતી. જેમાં બાઈક ચાલક વેપારી બાઈક ઉપરથી પટકાઈને ટ્રકના આગળના પૈડામાં આવી ગયા હતા. જેમાં તેમને ગંભીર ઈજા પહોંચતા મોત નિપજ્યું હતું. પોલીસે ટ્રક ચાલકની પણ અટકાયત કરી હતી. વારંવાર ગુજરાતમાં ભારે વાહનોને લઈ અઢળક લોકોના જીવ ગયા છે, ભારે વાહનોને લઈ પોલીસનું જાહેરનામું પણ છે, તો ક્યારેક ડમ્પર તો ક્યારેક બેફામ રીતે દોડતા ટ્રકને લઈ લોકોના જીવ ગયા છે અને પોલીસ પછી કાર્યવાહી કરવા દોડતી હોય છે.

# ચેક રિટર્ન કેસમાં ૯ ટકા વ્યાજ સાથે રૂપિયા ચૂકવવા કોર્ટનો હુકમ

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
મિત્રતામાં ઉછીના આપેલા અઢી લાખ રૂપિયાનો ચેક રિટર્ન થતા આરોપીને ત્રીસ દિવસમાં ૯% વ્યાજ સાથે રૂપિયા ચૂકવવા કોર્ટે હુકમ કર્યો હતો.

કેસની વિગત એવી છે કે, પાલનપુર પાટિયા પંચવટી સોસાયટી ખાતે રહેતા વિશાલકુમાર નવીનભાઈ પ્રજાપત માર્કેટિંગના વ્યવસાય સાથે સંકળાયેલા છે. આ દરમિયાન વિશાલકુમારની મિત્રતા ભરૂચ જૂના તવરા રોડ ખાતે આવેલ રંગસૃષ્ટિ સોસાયટીમાં રહેતા આરોપી રાકેશ કનૈયાલાલ પટેલ સાથે થઈ હતી. ૧૫ જુલાઈ ૨૦૨૨ના રોજ આરોપીને રૂપિયાની જરૂર હોવાથી ફરિયાદી પાસેથી અઢી લાખ રૂપિયા ઉછીના લીધા હતા. આ ઉછીના લીધેલા રૂપિયા પરત આપવા માટે આરોપીએ ફરિયાદીને ચેક લખી આપ્યો હતો. ફરિયાદીએ આ ચેક બેંકમાં નાખતા અપૂરતા ભંડોળના કારણે રિટર્ન થયો હતો. જેથી ફરિયાદીએ એડવોકેટ ઘનશ્યામ એસ. પ્રજાપતિ મારફતે કોર્ટમાં આરોપી સામે કેસ કર્યો હતો. આ કેસ કોર્ટમાં ચાલી જતા કોર્ટે આરોપીને તકસીરવાર ઠેરવીને ચેકની રકમ ફરિયાદ દાખલ કર્યાથી ૩૦ દિવસમાં ૯% વ્યાજ સાથે ચૂકવવા હુકમ કર્યો હતો. જો આરોપી ૩૦ દિવસમાં આ રકમ ચૂકવી નહી શકે તો તેને ૬ મહિનાની સજા કરવા હુકમ કરવામાં આવ્યો હતો.

# ડીજીટલ એરેસ્ટ કેસના આરોપી આમીર પીરભાઈના જામીન મંજૂર

## બચાવ પક્ષે વકીલ નદીમ ચૌધરીની દલીલો કોર્ટે માન્ય રાખી

**પ્રતાપ પ્રતિનિધિ, સુરત, તા.૧૩**
ઘોડદોડ રોડ રહેતા બીઓબી બેંકના પૂર્વ સિનિયર મેનેજરને દિલ્હી ક્રાઈમ બ્રાંચના અધિકારીની ખોટી ઓળખ આપી ડીજીટલ એરેસ્ટ કરી રૂ. ૧.૦૫ કરોડ પડાવવાના પ્રકરણમાં સંડોવાયેલા ભાગાતળાવના આમિર પીરભાઈના જામીન સુરત સેશન્સ કોર્ટે મંજુર કર્યા હતા.

આમિર આ કેસમાં મહત્વનો સાક્ષી હોવા છતા પોલીસે આરોપી તરીકે દર્શાવી દીધો, પરંતુ આમિર વિરૂદ્ધ પોલીસે પ્રથમ દર્શનીય પુરાવો રજૂ રાખ્યો નથી તેવી વકીલ નદીમ ચૌધરીએ કરેલી દલીલો કોર્ટે માન્ય રાખી આરોપીના જામીન મંજુર કર્યા હતા.

આ કેસની વિગત એવી છે કે, ઘોડદોડ રોડ ખાતે રહેતા ભોગબનનાર વૃદ્ધને અજાણી સાયબર ટોળકીએ ?શિકાર બનાવ્યા હતા. સીબીઆઈ અને દિલ્હી ક્રાઈમ બ્રાંચની ખોટી ઓળખ આપી વૃદ્ધને મની લોન્ડ્રીંગના ખોટા કેસમાં ડીજીટલ એરેસ્ટ કરી રૂ.૧.૦૫ કરોડ પડાવ્યા હતા. આ કેસમાં સુરતના આમિર અમીન પીરભાઈ(રહે.એપેક્ષ એપાર્ટ., ગનીભાઈ એન્ડ કંપની, ભાગાતળાવ)ની સંડોવણી બહાર આવી હતી. આમિર પર આરોપ હતો કે આમિરે અન્ય આરોપીઓ ઉમર જનરલ, યુનુસ જનરલ અને અહેમદ પીરભાઈને ૩૦ હજાર આપીને બેંક એકાઉન્ટો લઈ તે બેંક એકાઉન્ટનો ગુનામાં ઉપયોગ કર્યો હતો. આ ગુનામાં આમિર જેલમાં બંધ હતો.




વલસાડ આરપીએફના ૪૦માં સ્થાપના દિવસ નિમિત્તે રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ખાસ વલસાડ ખાતે ઉપસ્થિત રહ્યા હતા. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવની હાજરીમાં એક વિશેષ પરેડનું આયોજન કરાયું હતું. જેમાં રેલવે પ્રોટેકશન સ્પેશિયલ ફોર્સ, પ્લાટૂન, આરપીએફ મહિલા પ્લાટૂન, કમાન્ડો પ્લાટૂન, ડોગ સ્ક્વોડ, સેગવે પ્લાટૂન અને આરપીએફ બેન્ડ જોડાયું હતું. કેન્દ્રીય રેલવે મંત્રી અશ્વિની વૈષ્ણવ આજે ૧૧ વાગ્યે સુરત એરપોર્ટ આવી પહોંચ્યા હતા જ્યાં તેમનું સ્વાગત કરવામાં આવ્યું હતું. આ પ્રસંગે સુરત શહેર ભાજપ પ્રમુખ પરેશ પટેલ, મંત્રી મુકેશ દલાલ વિગેરે ઉપસ્થિત રહ્યા હતા.